# अभिधानराजेन्द्र.

( प्राकृत ( मागधी ) भाषा का बृहत्कोश )

## प्रथम द्वितीय, और तृतीय भाग छपकर तैयार है !

दीर्घदर्शी विद्वान लोग सर्वदर्शस्थ सदसन्मन्तव्य विषयके अन्वेषणमें दत्तचित्त होते हैं इस लिये हो क्या ? उसी जिज्ञासारूप चिंता विरसनदी को आनन्दसुरसनदी बनाने के लिये और आर्यावर्तमें अज्ञात–अदृष्ट–अश्रुत–अर्द्ध मागधी(प्राकृत) भाषाका संस्कृतभाषाके समान प्रचार करने के लिये, तथा प्राकृत--भाषामय अपरिचित जैनधर्मके गूढ तत्त्वों को सरल रीतिसे प्रचार कर सर्व साधारणोंको उपकार पहुचानेके लिये परम कारुणिक कलिकालसर्वज्ञकल्प, श्री सौधर्मबृहत्तपागच्छीय, भट्टारक श्री श्री १००८ 'श्रीमद विजयराजेन्द्रसूरीश्वरजी महाराजने अपने जीवन महीरुहके अमर फलकी तरह अंदाजन चार लक्ष श्लोक प्रमाणका प्राकृतभाषा प्रवर्त्तक अपूर्वजन्मा अकारादि वर्णानुक्रमसे उक्त कोश निर्माण किया है ॥

इस महाकोष सार्वज्ञीय पञ्चाङ्गीक तथा प्रामाणिक पुर्वाचार्योंके निर्मित प्रकीर्णादि ग्रन्थोंके सानुवाद प्राकृत मूल शब्द, तदनन्तर उनके लिङ्ग, धातु, प्रत्यय, समास, व्युत्पत्ति, अर्थ, आदि दिखाकर तत्तच्छब्द संबन्धि विशेष व्याख्याओंके पाठ जिन २ सूत्रो, प्रकीर्णो, और ऐतिहासिक ग्रन्थों में है, वे ग्रन्थ अध्ययन, उद्देश वर्ग आदिकों के साथ रक्खे गये हैं, जिन को देखकर वाचकवर्ग एक विषयको अनेक शास्त्रों से सप्रमाण सिद्ध करने को अनिवार्य शक्तिमान होगा. इस चमत्कृतिकारक अपूर्वापूर्वशास्त्र संगृहीत उपमातीत शब्द संदर्भ कोषका विवेचन जितना लिखा जाय उतना ही कम है, इसका पूर्ण संक्षिप्त तत्त्व, भली भांतिसे लिखी गई सविस्तृत भूमिका के वांचनेसे ही ज्ञात होगा । कोश निर्माता महानुभावका जीवन परिचय भी बहुत सुन्दरतासे दिखलाया गया है । यह कोष चार भागोंमें पुर्ण होगा.

इस लिये जिन विद्वानों, श्रीमानों, या राजा महाराजाओं को इस ग्रन्थ के मधुररस को लेने की इच्छा हो, अथवा गम्भीर जैनधर्म के तत्त्वोंको जानने की इच्छा हो, तो शीघ्र ही इसके प्रत्येक भाग को मंगाकर अवलोकन करे । मूल्य प्रत्येक भाग का केवळ २५ ) रुपया रक्खा गया है जो कि–पुस्तक के कद में बहुत ही कम है । मिलनेका पत्ता—

मु० रतलाम ( मालवा ) **अभिधानराजेन्द्र–कार्यालय.**

# ખાસ ખબર.

આ કૉન્ફરન્સ હેરૅલ્ડ માસિકના **નવા** થનારા ગ્રાહકોને જણાવવામાં આવે છે કે સંવત ૧૯૭૦ ના પર્યુષણ પર્વ સમયે આ માસિકના ખાસ અંક તરીકે **શ્રીમન્ મહાવીર સચિત્ર અંક** ૨૪૦ પૃષ્ટનો આઠ આના કિંમતનો બહાર પાડવામાં આવેલ હતો. તેમજ તે વર્ષના દિવાળીના શુભ પ્રસંગે **શ્રી મહાવીર સચિત્રનો ઉત્તરાર્ધ ભાગ** ૧૫૦ પૃષ્ટનો અંક પ્રગટ કરવામાં આવેલ છે. આ બંને અંકો સાથે મંગાવનાર પાસેથી ફક્ત બાર આના કિંમત લેવામાં આવશે. આ વર્ષના **પર્યુષણ પર્વ પ્રસંગે જૈન ઇતિહાસ-સાહિત્ય સચિત્ર અંક** એટલે ૩૬૦ પૃષ્ટનો **ખાસ** અંક બહાર પાડેલ છે. તેની કિંમત છુટક ૧ અંકની બાર આના રાખવામાં આવેલી છે, પણ નવા ગ્રાહકોમે તે અંક **ખાસ મફત** આપવામાં આવશે. માત્ર તેઓનું નામ ગ્રાહકના લીસ્ટમાં તા. ૧ જુલાઇ સને ૧૯૧૫ થી દાખલ કરવામાં આવશે. આવો ઉત્તમ લાભ લેવા દરેક જીજ્ઞાસુ બંધુ આ માસિકના ઉત્તેજન અર્થે, આ પત્રના આધાર શ્રી કોન્ફરન્સ દેવીના સહાય આપવા અર્થે અને પોતાના આત્માના લાભાર્થે ગ્રાહક તરીકે નામ લખી મોકલાવવા અને બીજાઓને ગ્રાહક થવા તત્પર થશેજ. એવી અમો આશા રાખીએ છીએ.

આ માસિક દરેક અંગ્રેજી મહિનાની અધવચમાં બહાર પડે છે.

માસિક સંબંધી તમામ લખાણ નીચેના શીરનામે અને લેખ સંબંધીનું તમામ કાર્ય **રા. રા. શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ** વકીલ પ્રીન્સેસ સ્ટ્રીટ લાલજી માનસિંહ બીલ્ડીંગના શીરનામે લખવા રિવાજ રાખશો.

પાયધુની, **મુંબાઇ** નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી

**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

---


## पवित्र कास्मीरी केसर.

જૈન દેરાસરોમાં ખાત્રીથી વાપરવાલાયક કિં. તોલા ૧ ના રૂ. ૦॥।≈. અસલ કસ્તૂરી તો. ૧ ના રૂ. ૨૫ અને ૩૫. શુદ્ધ શિલાજીત તોલા ૧ નો રૂ. ૦॥. અસલ અંગૂરી હીંગ ફક્ત ૧ આનાની તો. ૧. તીબતી મમીસ તોલા ૧ ના રૂ. ૩. અસલી કલમ શહદ, સુરખા બદામ પ્રત્યેક રૂ. ૧ ના ૧ શેર.

**કાશ્મીર સ્ટોર્સ શ્રીનગર** નં. ૧૯

# સેંટનો રાજા

# ઓટો-મોહીની.

## (રજીસ્ટર્ડ) ચંમેલીના ફૂલનો બહાર

જેની ઉત્તમતા મધુર અને ટકાઉ ફ્રેન્ચ ફૂલોની ખુશ્બો માટે હિંદુસ્તાનના જુદા જુદા પ્રદર્શનમાંથી પહેલા નંબરના સોના રૂપાના ચાંદો મળ્યા છે. તેમજ વળી એકઝીબીશનના અધિકારીઓએ અમારા પ્રખ્યાત સેંટ ઓટો મોહીનીને **સેંટનો શહેનશાહ** તથા **"અત્તરોના અધિપતિ"** ની ઉપમા આપેલ છે. ઓટો-મોહીની સેંટનાં માત્ર ચારજ ટીપાં રૂમાલ પર કેટલાક દિવસો સુધી તાજાં ચંમેલીનાં ફુલોની ખુશ્બો આપે છે. વળી તેની ખુશ્બો ચાર દિવસ સુધી ટકતી નથી તેવું સાબિત કરનારને રૂ. ૧૦૦) નું ઈનામ આપવા બંધાઇએ છીએ.

| | |
|---|---|
| કીંમત અર્ધા આઉંસની બાટલીના | રૂ. ૨-૦-૦ |
| એક ડ્રામના સુંદર ટ્યુબના | રૂ. ૦-૧૨-૦ |

કપડાંમાં રાખવાનાં સુગંધી કારડો ૧૨ આને ડઝન.

માત્ર નાની ટ્યુબ ખરીદી અજમાવી જુઓ. પસંદ ન પડે તો પૈસા પાછા.

એકલા માલેક.

**ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કું૦**

સોલ એજંટ—મોહીની એજન્સી જુમા મસ્જીદ, મુંબઈ.

सर्व दानात् परं दानं अन्नदानं विशिष्यते ।

ह्हेमाराज लाभनी | એક અમૂલ્ય સૂચના.

# શાસ્ત્રાજ્ઞાનું પાલન એ હિન્દુ માત્રનો પરમ ધર્મ છે.

**भवन्ति नरकाः पापात पापं दारिद्र संभवम् ॥**
**दारिद्रमप्रदानेन तस्मात् दानपरो भवेत् ॥**

દાન નહિ આપવાથી દારિદ્રય આવે છે; દારિદ્રથી પાપ થાય છે અને પાપને પરિણામે નર્ક મળે છે. માટે

## બસો રૂપીઆમાં અન્નદાન, સાથે અમર નામ !

રૂ. ૨૦૦ આપી અન્નદાન ખાતે એક દિવસ રોકી આરસની તખ્તીમાં નામ કોતરાવી યાદગિરી અમર કરો ! !

ગરીબ હિંદુ અનાથોની દયા લાવવી અને ત્હેમને સારે માઠે પ્રસંગે બ્રાહ્મણોની માફક યાદ કરી દાન આપવું એ દરેક હિંદુનું કર્ત્તવ્ય છે. કારણ કે, આવા નિરાધાર અનાથોને દાન કરવાથીજ પરલોકની વાટ ખર્ચી પ્રાપ્ત થાય છે. હાલમાં સોના આશરે અનાથો હિંદુ વર્ણવ્યવસ્થાનુસાર આશ્રમમાં મળે છે.

માટે તમારા દાનના મની-ઓર્ડરો તુરત નીચલે સરનામે મોકલાવી આપો.

રૂ. ૨૫) દાન આપવાથી એક "ગૌદાન" ગણાય છે. તેના વ્યાજમાંથી અનાથોને દુધ અપાય છે અને દાતાના નામનું સ્મારક બોર્ડ ઉપર રખાય છે.

એક રૂપીઆ સુધીનાં દાન વાર્ષિક રીપોર્ટમાં છપાય છે. તે રીપોર્ટ મફત મળે છે, તે મંગાવવા દાન મોકલી લખો.

**મંત્રી—હિન્દુ અનાથાશ્રમ, નડીઆદ.**

અમૂલ્ય લાભ લ્યો અને પૈસો ખરે માગ વાપરો.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ.

# સકળ જૈન સંઘને જાહેર અપીલ.

### મહાન પરોપકારી મુનિવરોએ આપવાની સહાયતા.

સમસ્ત હિંદના જૈન પ્રતિનિધીઓની સંમતિથી " શ્રી સુકૃત ભંડાર ફંડ "ની યોજના દાખલ કરી તેના કામકાજ માટે પ્રયાસ ચાલુ છે. પ્રત્યેક જૈન બંધુએ પોતાની સુકમાઇમાંથી વર્ષે દિવસે ચાર આના જેવી જૂજ રકમ આપી આ ઉત્તમ ખાતાને મદદ આપવાનું આવું ઉત્તમ સાધન બીજું એક પણ નથી. આ ફંડમાં આવેલી રકમમાંથી અર્ધ પૈસા એજ્યુકેશન બોર્ડને એટલે વિદ્યાવૃદ્ધિના કામ માટે વાપરવાને આપવામાં આવે છે અને અર્ધી રકમ કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે આપવામાં આવે છે. વળી આવેલી રકમ દર માસે જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હૅરૅલ્ડ માસિકમાં, જૈન, જૈનશાસન, મુંબઇ સમાચાર, સાંજ વર્તમાન વગેરે પત્રોમાં પ્રસિદ્ધ કરી સૌને જાણમાં લાવવામાં આવે છે તો આવા ઉત્તમોત્તમ ફંડમાં દરેક જૈન બંધુઓએ પોતાનો હાથ અવશ્ય લંબાવી શ્રી સંઘના ઠરાવને માન આપવાની ઘણી જરૂર છે. વિદ્યાવૃદ્ધિના કામ માટે અત્યંત જરૂરી એવું આ " સુકૃત ભંડાર ફંડ " ખાતું જેમ બને તેમ વિશેષ મહોટું બનાવવા દરેકે દરેક જૈન ભાઇઓએ અવશ્ય ધ્યાનમાં લેવાને વિનંતિ કરવામાં આવે છે. દરેક ગામના શ્રી સંઘના આગેવાન ગૃહસ્થોએ ફંડ એકઠું કરી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં મોકલી આપવાથી છાપેલી રસીટ તુરત મોકલાવવામાં આવે છે. દરેક જૈન બંધુ આ બીના ધ્યાનમાં લે તો ચચાર આના જેવી રકમમાંથી લાખો રૂપીઆ એકઠા થાય અને તેમાંથી આપણાં જૈન બાળકોને, પાઠશાળાઓને છૂટથી મદદ આપવામાં આવે.

આ હકીકત આપણા મહાન મુનિ મહારાજાઓ મન ઉપર લે તો થોડા પ્રયાસે ઘણું કામ થઇ શકે. કારણ તેઓશ્રીનો જ્યાં જ્યાં વિહાર થાય ત્યાંના જૈન ગૃહસ્થોને પોતાના વ્યાખ્યાન દરમિયાન ઉપદેશદ્વારા સમજાવે તો તેઓની સલાહનો તુરત સ્વીકાર થાય. કોઇ પણ શ્રાવક આનાકાની કરેજ નહી. આ પ્રમાણે વગર મુશીબતે દરસાલ હજારો રૂપીઆ કેળવણી જેવા ઉત્તમ ખાતા માટે એકઠા થાય. અને સેંકડો જૈનોને વિદ્યાદાન આપી શકાય.

**કલ્યાણચંદ શોભાગચંદ**

રેસીડન્ટ જનરલ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

# Jaina Shwetambara Conference Herald.


"Unto the pure all things are pure......But I tell you, unto the swine, all things are swine.

"Do not forget the higher we soar, the smaller we appear to those who cannot fly.

"If you want to rise high, use your own legs! Do not let yourselves be *carried* upwards, sit not down on strange backs and heads.

—*Nietzsche.*

---


પુ. ૧૧ અંક ૧૧. ] નવેમ્બર ૧૯૧૫. [ વીરાત્ ૨૪૪૧.


## નવીન વર્ષની આશીષ.

( શાર્દુલ. )

ભ્રાતા ! આશિષ આપુંછું સુખી થજે, સંપત્તિ તારી વધો !<br>
આપે આયુષ દીર્ઘ ઇશ તુજને, આરોગ્યતા દે વિભો !<br>
જામે ઉજ્જવલતા અતિ જગ વિષે, ને કીરતિ બહુ વધો !<br>
આ સંસાર વિષે મહા પ્રભુ તને, આનંદ આપે બધો !.<br>
માગું પ્રેમ થકી સદા પ્રભુ કને, વિસ્તારથી વિચરો,<br>
ભક્તિ પ્રીતિ વધો સદા પ્રભુપદે, રાચો બધા સદ્ગુણો,<br>
આજે આ નવવર્ષમાં પ્રભુકને, યાચું સુખો તાહરાં,<br>
આપે આશિષ બેન આ તુજ તણી, વ્હાલા વીરા માહરા !

—નિર્મળા બ્હેન.

# તંત્રીનું નિવેદન

શ્રીમતી કૉન્ફરન્સ દેવીને મુંબઇએ આમંત્રણ સુજાનગઢ થયેલા અધિવેશન વખતે કર્યું હતું એટલુંજ નહિ પરંતુ તે આમંત્રણને યોગ્ય ઍડવાઇઝરી બૉર્ડ બધી જાતના પ્રયત્નો કરી મુંબઇમાં કૉન્ફરન્સ ભરવાની વ્યવસ્થા કરતી રહી હતી. ત્યાર પછી તેના ખર્ચને માટે જોગવાઇ કરવા સારૂ બીજી કૉન્ફરન્સની રીસેપ્શન કમીટીના મેંબરોની સભા તેના વધેલા દશ હજાર રૂપીઆના વ્યાજ વાપરવા માટે તેની સંમતિ લેવા બોલાવી હતી કે જે સંમતિ રૂ. બે હજાર સુધીને તેમણે આપી હતી અને કૉન્ફરન્સ મુંબઇમાં ભરાય તે માટે પોતાની ખુશી બતાવી હતી ત્યાર પછી મુબઇના શ્રી સંઘે કૉન્ફરન્સ મુંબઇમાં બોલાવવા માટે આજ્ઞા આપી હતી અને નીચે પ્રમાણેની મતલબના ઠરાવ કરવામાં આવ્યા હતાઃ--

૧ "મુંબઇમાં કૉન્ફરન્સનું દશમું અધિવેશન ભરવા માટે આજે મળેલો સકળ સંઘ સંમતિ આપે છે અને તેનું દરેક કામકાજ કરવા માટે શેઠ કલ્યાણચંદ શોભાગચંદ, શેઠ દેવકરણ મૂળજી, શેઠ મોહનલાલ હેમચંદ અને રા. મોતિચંદ ગિરધર કાપડીઆને સત્તા આપે છે."

૨ "દ્વિતીય કૉન્ફરન્સની રિસેપ્શન કમીટીના જે રૂપીઆ વધ્યા હતા તે મુદ્દલ રકમ કાયમ રાખેલા છે અને તેના વ્યાજમાંથી રૂ. બે હજાર ખર્ચવા માટે બીજી કૉન્ફરન્સની રિસેપ્શન કમિટિએ જે ઠરાવ કરેલ છે તેને દશમી કૉન્ફરન્સ મુંબઇમાં ભરાય તેમાં ખર્ચવાનો આજનો શ્રી સંઘ સંમતિ સાથે બહાલી આપે છે!

આ ૨૦ મી અકટોબરે મળેલા સંઘના ઠરાવ વખતે બહાર ગામ જવાના પ્રસંગથી અમારાથી હાજર ન્હોતું રહેવાયું તેમ તે મુંબઇ ટાઇમ ૯ વાગે સવારમાં મળી હતી તેથી રા. માતચંદ ગિરધર સોલીસીટર, રા. મકનજી જૂઠાભાઇ બેરીસ્ટર, વગેરે ગૃહસ્થો પણ હાજર રહી શક્યા નહતા. આથી કેટલીક અનિયંત્રિત અને અનિયમિત ચર્ચા થઇ હતી તેમાં અમે ઉતરવા માંગતા નથી. ટુંકામાં આ ઉપરથી જોઈ શકાયું હશે કે શ્રી સંઘે કૉન્ફરન્સ બોલાવવાની સંમતિ આપી છે--ખર્ચને માટે પણ જોગ થયો છે. હવે નિમાયલી કમીટીએ સ્થાનિક સેક્રેટરી, રિસેપ્શન કમિટિના પ્રમુખ, અને કૉન્ફરન્સના અધિવેશનના પ્રમુખ નીમવાની જરૂર છે. આ કામ ધીમું પણ મક્કમપણે આગળ ચાલતું જાય છે એમ કામટિ જણાવે છે. અમારા વિચાર પ્રમાણે પ્રયત્ન કરવામાં આવશે તો તે બધું મળી રહેશે અને વિજય પૂરેપૂરો મળશે. પ્રમુખના સંબંધમાં જનરલ કે પ્રાંતિક સેક્રેટરીઓ મનપર લઇ જૂદે જૂદે સ્થળે ફરશે તો કામ ઘણી સહેલાઇથી પાર પડશે.

કૉન્ફરન્સના બંધારણને માટે જૂદા જૂદા સવાલો કાઢી તેપર મતો માંગ્યા હતા; તેમાંના થોડા, પણ ઠીક પ્રમાણમાં મતો આવી ગયા છે. હવે તે પરથી કાચો ખરડો કરી કરાવીને મૂકવાની જરૂર છે કે જેથી તેપર આ અધિવેશનની સંમતિ મેળવી શકાય. અમે આ અધિવેશનની સર્વ વ્યવસ્થા સંપૂર્ણ રીતે થાઓ, હૃદયનિષ્ઠતા અને કર્તવ્ય જાગૃતિ સર્વના હૃદયમાં પ્રસરો અને અધિવેશન ભરાઇ તેનો સંપૂર્ણ વિજય થાઓ એમ ઇશ પ્રત્યે પ્રાર્થિએ છીએ. આ કૉન્ફરન્સ દેવીએ શું શું કાર્યો બજાવ્યાં છે, તેનાપર વિશ્વાસ લાવવામાં રહેતા સંશયો કેવા તકલાદી છે વગેરે સંબંધી વિસ્તારથી વિવેચન કરવા રૂપે અને સૂચના રૂપ એક લાંબો લેખ '**શ્રી શ્વેતાંબર જૈન કૉન્ફરન્સ**' એ મથાળાનો આ અંકમાં આપીએ છીએ તે મનનપૂર્વક વાંચી જવાની વાંચકોને ભલામણ કરીએ છીએ.

# આપણી સંસ્કૃત પાઠશાળાઓ.

સંસ્કૃત સાહિત્ય જૈન આચાર્યોએ એટલું બધું આપણી સમક્ષ મૂક્યું છે કે એક પંડિતને પોતાના આયુષ્યનો સર્વ કાળ તે વાંચવાં માટે પૂરતો થઇ શકે તેમ નથી. અસલના અંગ ઉપાંગો--આગમો એક બાજુપર રાખીએ છતાં તે પરનાં ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણિ, ટિપ્પણ, ટીકા તથા ઇતિહાસ, કાવ્ય, ઉપદેશ, જ્યોતિષ, તર્ક વગેરે હજારો ગમે પુસ્તકો લખાયેલાં ભંડારોમાં જોવામાં આવે છે. આ સાહિત્યનો અભ્યાસ જૈન કોમમાં અતિશય અલ્પ છે તેથી તેને વધારી ખિલવવાની જરૂર છે કે જેથી તેનો લાભ લઈ શકાય.

એવી ફરિયાદ કરવામાં આવે છે કે કેવલ સંસ્કૃતનું જ્ઞાન અને તે પણ જૂની શિક્ષણ પદ્ધતિપર અપાવું--તેથી તેના અભ્યાસીઓ સંકુચિત વિચારના બને છે--એક દેશીય અને એક માર્ગી થાય છે અને 'વેદીઆ પંડિતો' ની ઉપમા પામે છે. આપણામાં બનારસ શ્રી યશોવિજયજી, મહેસાણા શ્રી યશોવિજયજી, પાલીતાણા શ્રી યશોવૃદ્ધિ વગેરે પાઠશાળા છે તે કંઇ ઠીક કામ કરે છે, જ્યારે શ્રી મોહનલાલજી પાઠશાળા મુંબઇ, તેમજ અન્ય જે કંઇ પાઠશાળાઓ છે તેમાં કંઇ લાભજનક કાર્ય થતું હોય એમ જોવામાં આવતું નથી. આનાં કારણ આપણે તપાસવાની જરૂર છે. સારા ઉત્સાહી અને દિલ દઇને કાર્ય કરનારા શાસ્ત્રી—અધ્યાપકોની ખોટ, અભ્યાસ ક્રમની અયોગ્ય વ્યવસ્થા, આકર્ષણનાં ઓછાં સાધનો, સારાં પુસ્તકોની ખોટ વગેરે છે.

(૧) આ સંબંધમાં મોટા પાયાપર હીલચાલ કરી સારી મહાન્ પાઠશાળાઓ મહાન્ પ્રયત્ન અને સંયુક્ત ફંડના બળથી થોડી પણ યોગ્ય સ્થળે સ્થાપવાની જરૂર છે કે જેથી સારા અભ્યાસીઓ, સારા શિક્ષકો અને શોધ ખોળ કરનારા પંડિતો પ્રાપ્ત કરી શકીએ. હમણાં તો તેમ યોગ્ય રીતે થતું ન હોવાથી જૈનોનું ફંડ એક યા બીજી દિશામાં છિન્ન ભિન્ન નિશાન વગરના વ્યવસ્થા વગરના અને લાભ રહિત માર્ગોમાં વપરાઇ જાય છે અને તેથી સમજુ જૈનોને ખેદ થાય છે.

(૨) આપણા આચાર્યો વગેરેએ આપણે માટે જે ગ્રંથો મહાશ્રમે તૈયાર કર્યો છે તે શું ઉધઇઓ અને કીડાઓનાં ભક્ષણ અર્થેજ ? નહિ. સંસ્કૃત ભાષાની ખીલવણી અર્થે આ સર્વેનો ઉદ્ધાર તે પુસ્તકોને પ્રસિદ્ધ કરી કરવો ઘટે છે, અને તેમાંના યોગ્ય પાઠય પુસ્તકો પસંદ કરી પાઠશાળાઓમાં ચલાવવાં ઘટે છે.

(૩) પઠન કરનારાઓને એવા અભ્યાસી બનાવવા ઘટે છે અને પાઠશાળાઓને એવી કરવી ઘટે છે કે તે અભ્યાસીઓ શોધ ખોળ કરી કયા કયા ગ્રંથો વચ્ચે ક્યાં ક્યાં સામ્ય છે તે, હિંદનું પ્રાચીન ભૌગોલિક સ્થિતિ, ભૂતકાળમાં ધર્મની સ્થિતિ આચાર વિચાર, હાલના અને પ્રાચીન ધર્મ રીતિઓ વચ્ચે સામ્યાસામ્ય અને હાલની વિષમતાનાં કારણ, વગેરે સમજી સમજાવી શકે, તેના નકશાઓ લોકોને સમજવા અર્થે કરી શકે અને અસલનાં દર્શન શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર, બીજા ગણિત, રસાયણ શાસ્ત્ર, ધનુર્વેદ, આયુર્વેદ, શસ્ત્રાસ્ત્ર વિદ્યા, રાજનીતિ ' વગેરે અનેક વિષયોપર અજવાળું પાડી શકે, અને પાઠશાળાઓ ' રિસર્ચ ઇન્સ્ટિટયુટ '--શોધ ખોળની પ્રયોગશાળા થઇ શકે. આમ જ્યાં

સુધી વિદ્યાર્થીઓની પૃથક્કરણ શક્તિ ન ખીલે, વિશિષ્ટ દૃષ્ટિથી નવીન પ્રકાશ વિષયોપર પાડી ન શકે, ઉચ્ચ વિદ્યાના પ્રાચીન પુસ્તકોનું સંશોધન કરી ન શકે, અને તેનું શુદ્ધ સરળ ભાષાંતર કે રૂપાંતર-અનુવાદ ન કરી શકે ત્યાં સુધી માત્ર શુષ્ક અને અલ્પ સંસ્કૃત જ્ઞાન આપવાથી ખર્ચેલા ધન અને શ્રમના પ્રમાણમાં ફાયદો થવાનો નથી.

—તંત્રી.

# હાલની સ્થિતિ.

**हेयं विहाय विरलाः सदसद् विवेका-**
**दादेयमत्र समुपाददते पुमांसः ।**
**संप्रत्यहो जगति हंत पिबंति नीरात्**
**क्षीरं विविच्य सहसा विहगाः कियन्तः ॥**

**અર્થ**—સત્ય અને અસત્યનો વિવેક કરી તજવા યોગ્યનો ત્યાગ કરે છે અને ગ્રહણ કરવા યોગ્યનું ગ્રહણ કરે છે એવા જગતમાં અહો ! હાલ કોઈ વિરલા પુરૂષોજ છે જેમકે પાણીમાંનું દૂધ છૂટું પાડી શીઘ્ર રીતે તેનું પાન કરનારાં પંખીઓ (હંસો) કોઇકજ છે.

આ શ્લોકને કંઇ મળતી સ્થિતિ જૈન કોમમાં જ્યાં જ્યાં નજર નાંખો ત્યાં જોવામાં આવે છે. (૧) લક્ષ્મીના સરદારો, મન માન્યા સિદ્ધાંતો પ્રમાણે ઘેર બેસી રહે છે. મજા માનીતી માણે છે, આંગળી ચલાવે છે, દોર જમાવે છે, અમુકને પક્ષમાં લે છે, અમુકનાં વખાણ કરે છે, અમુકની પાછળ લાગી તેની નિંદા કરે છે, અમુક ચળવળ તે નીચી કે ધીમી પાડે છે અને થતી વિનતિની સામે આંખ આડા કાન કરે છેઃ–(૨) કેળવાયેલાઓ ગણ્યા ગાંઠયા છે છતાં તેમાં સ્પીરીટ મળે નહિ, આ બાજુ પણ હા અને તે બાજુ પણ હા ભણે, એટલે તેમાં જેવું ટાણું અને જેવો અવસર; મોઢાનો બકવાદ ઘણો પણ કામ કરવું થોડું યાતો શૂન્ય, કંઇ કરવા જાય ને માથે ધપ્પા પડે કે ગરીબ ગાય, ફુરસદ મળે નહિ એટલે ઉપયોગી કાર્યો કરવાં ધારેલાં તે રહી જાય; પણ ફુરસદમાં વાતોમાં ને વાતોમાં કલાકોના કલાકો ચાલ્યા જાય તેનું કંઇ ઠેકાણુંજ ન મળે. (૩) સામાન્ય લોકો તો અજ્ઞાન અને વહેમી, તેથી રહ્યા ગતાનુ ગતિક. જ્યાં દોરે ત્યાં જાય અને ઉભા રાખો કે ઉભા રહે; કાખલી કુટવી હોય કે તાળીઓના અવાજ કરવા હોય તો તૈયાર; જૂના રિવાજો અને સૈકાઓ થયાં ચાલી આવેલી રીતીઓના ગુલામ. આવી હકીકત જ્યાં પોતાનું જોસ ચલાવી રહી હોય ત્યાં સુધારાની વાત કેવી ? ટ્રસ્ટ ડીડનાં ઠેકાણાં શા ?, સંસ્થાઓનો કારોભાર ક્યાંથી સારો ચાલે ?, અને જૈન કોમની ઉન્નતિ શું ?

આવી સ્થિતિપર લક્ષ દઇ વિશાલ દૃષ્ટિ રાખી પરમાર્થ શું છે ? તે કેવી રીતે આપણે કરી શકીએ ? અને તે માટે શું પ્રોગ્રામ હમેશના કાર્યમાં રાખી શકીએ તે વિચારી તેને અમલમાં મૂકવા પ્રયત્ન થયાંજ કરશે તો કંઇ ભાગ્યનો ઉદય થવાનો. બાકી મિથ્યા-પોકળ ભાષણ, મન અને કૃતિથી કંઇ થવાનું નથી. —આલારામ.

# પતંગ-પતન.

( ભૈરવી. )

ઉડતાં ઉડતાં તુટી પતંગ.

ચડી હતી ઉંચી અતિ નભમાં, જામ્યો' તો અતિ રંગ-- ઉડતાં.
ફરફર ફરફર ફરતી જાતી, આશલતા સમ લહેરો ખાતી
ઉપજાવતી હતી ઉછળી ઉછળી, ઉરમાં ઓજ તરંગ-- ઉડતાં.
રંગબેરંગી સહવિહારિણી, અહીં ત્યાં ઉડતી હૃદયહારિણી
એક એકને ઉડતાં દેખી, થાતી હતી ઉત્તુંગ-- ઉડતાં.
સુમતિ-સુધા પી પ્રેમ મગ્ન બની, હતી નિજનાં લક્ષ્ય લગ્ન બની
આગળ વધીને મચાવી રહી શી, ઉન્નત જીવન જંગ-- ઉડતાં.
કુટિલ કાળે નિજ ચક્ર ચલાવ્યું, કુમતિ કુડીએ જંગ મચાવ્યું
સ્વાર્થ રાજ્યથી ખરે અરે હા ! પલટયો કેવો ઢંગ-- ઉડતાં.
અહંકાર બસ હૃદય ભરાયો, ઘુમી આપસમાં થયો સવાયો
પ્રેમ-તંતુને તોડી ઘુસ્યો, ઘરમાં કુસંપ મતંગ-- ઉડતાં.
તમાશગીર સહુ સ્તુતિ કરતા, લડાવવા ઉત્તેજીત કરતા
' ઓ તુટી ઓ તુટી ' કહી પછી, લુંટવા લાગ્યા અંગ-- ઉડતાં.
દેશ, જાતિ અતિ વૈભવશાળી, થયાં સહુ આ રીતે ખાલી,
બંધુ-વેરથી કહો કોણનો થયો નથી રસ ભંગ-- ઉડતાં.

( ' મર્યાદા ' પત્રમાંના **શ્રીયુત ગોકુલચંદ્ર શર્માકૃત હીંદી** કાવ્ય પરથી ).

--તંત્રી.

# પતંગ-પુનરૂર્દ્ધયન

ચડતી ઉંચે પુનઃ પતંગ.

નવિનાંગી બહુ રંગી ઉરમાં, ધરતી અતિ ઉમંગ— ચડતી.
ચડતી લવ પાછી વળી પડતી, ફરી ફરીને પાછી ચડતી
પળ નીચે ઉંચે જઈ શોધે, અનુકુળ અનિલ તરંગ-- ચડતી.
આમ તેમ ફર ફરતી જાતી, વાયુ વાદ્ય સહ ગીતો ગાતી
હવે ઉડતી ઉંચી નભમાં, તંત્ર તણે સત્સંગ-- ચડતી.
નિઃશંક બનીને સ્થિરતા ગ્રહતી, ઉંચે-હજુએ-ઉંચે ઉડતી
વાયુ લહરીમાં લીન લાગતું, સુંદર લઘુતર અંગ— ચડતી.

રંગ ભેદ નહિ દૃષ્ટિ પડતા, ભાગ વિભાગ ન નજરે ચડતા
ગગન-હૃદયપર સ્વતંત્ર વિહરે, એકાકાર અભંગ-- ચડતી.
સૃષ્ટિનું અવલોકન કરતી, સૃષ્ટિ વળી ત્હેને અવલોકતી
પડયા પછી પાતાળ, ચડાયે, ઉન્નતિ કેરે શૃંગ-- ચડતી.
અફળાવું ઝીકાવું ચડવું, ખાઇ ગોથું ને પાછું પડવું
ફરી ચડવા અથડાવું ખરૂં તે, જીવન-રહસ્ય જંગ— ચડતી.
ત્હેમાં-ઓર સમાયો રંગ.

ચડતી ઉંચે પુન: પતંગ.
—કૈવલ્ય.

# જૈનોમાં ઐક્ય શી રીતે વધે?

( રચનાર—રા. પોપટલાલ કેવળચંદ શાહ અમદાવાદ. )

ભુજંગી છંદ.

નથી હું તપો સાધમાર્ગીય ના હું, ન લોંકો ન તેરા તણા પંથનો હું;
નહિ અંચળે ગચ્છ કે ગચ્છ અન્ય, છઉં માત્ર હું એક ધર્મેજ જૈન. ૧

નથી હું દશા કે વીશા, પોરવાડ, નથી તેમ સૌરાષ્ટ્રી કે ઓશવાળ;
નથી વાસ દેરે નથી વાસ સ્થાન, છઉં માત્ર હું જૈન ધર્મી જુવાન. ૨

ન શ્વેતાંબરી કે પીતાંબર ધારી, નથી તેમ દીગંબરી કેરી યારી;
નથી કોઇ શાખા મને તુચ્છ ધન્ય, છઉં માત્ર હું **વીર**નો પુત્ર **જૈન**. ૩

ટળે ભેદ માને મને ધર્મ એક, મળી સર્વ બંધુ ધરે ઐક્ય નેક;
બધા વીરપુત્રો મળે એકસ્થાન, અહા ! તો દીપે **જૈની**ઓ શા મહાન ! ૪

બને એક જો વીરનો પુત્ર **જૈન**, બને તેમ સર્વે પ્રભુ તો પ્રસન્ન;
મુકી પક્ષ શાખા ધરે નામ **જૈન**, મળે દિન જો એહ તો ધન્ય ધન્ય. ૫

નથી સાંભળ્યો શાસ્ત્રમાં લેશ કલેશ, નથી સાંભળ્યો શાસ્ત્રમાં સેજ દ્વેષ;
બજાવો હવે એવી જો ફર્જ ઐન, ખરા તો પછી નામ કર્મેજ **જૈન**. ૬

છઉં બાપદાદા થકી **જૈન જૈન**, કહાવું કદી **જૈન** તેથી શું **જૈન**?
છઉં નામ ધારી અરે માત્ર **જૈન**, બનું વર્તને **જૈન** જો તોજ **જૈન**. ૭

બધી **જૈન** શાખા વિષે તત્વ એક, ઘણી વાત સૌનેજ સામાન્ય છેક;
સહુ વાત સામાન્ય જે લ્યો સ્વીકારી, વધારો મતો ભિન્ન માથું ન મારી. ૮

સ્તુતિ એકની મોક્ષદા સર્વ લેખો, વ્રતો તત્વ ને નિયમો એક દેખો;
ચરિત્રો સુશાસ્ત્રો બધાં એક પેખો, થશે સંપ જો અલ્પ ભેદો ન લેખો. ૯

# શ્રી શ્વેતામ્બર જૈન કૉન્ફરન્સ.

## એ શું છે? એના શા હેતુ છે? એણે શું કરી બતાવ્યું! હવે શું કરશે?

## जुना तेमज नवा विचारना जैनोना तमाम संशयोनुं निराकरण

### સાધુજી, સાધ્વીજી, શ્રાવક તેમજ શ્રાવિકા પ્રત્યેકને માથે રહેલી કૉન્ફરન્સ સંબંધી ફરજો.

### JAINISM EXPECTS EVERY PRIEST AND LAYMAN TO DO HIS DUTY.

### આ જન્મ શાને માટે?

મ્હારા વ્હાલા બંધુઓ! આજે હું ત્હમારી સમક્ષ થોડીક **'અંતરની વાત'** કરવા ઇચ્છું છું. હું તે મ્હારા **પોતીકા** સ્વાર્થ માટે નહિ, પણ **ત્હમારા–મ્હારા** અને **સર્વના** હિત માટે કહું છું **એટલું** લક્ષમાં રાખશો તો તે મ્હારી વાતના વ્યાજબી–ગેરવ્યાજબી-પણાની ત્હમને સ્હેલાઇથી ખાત્રી થઇ શકશે. ત્હમે શ્રીમંત હો યા સામાન્ય હો, વિદ્વાન હો વા વ્યાપારી હો, મ્હારી દલીલ કાળજીપૂર્વક વાંચશો તો ત્હમારા દરેક સંશયનો ખુલાસો આપો-આપ થઇ જશે.

કહો, ત્હમને ત્હમારી આશપાસ દોડતા કે ઉડતા પશુઓ અને પક્ષીઓના અને ત્હ-મારી પોતાની સ્થિતિ વચ્ચે કાંઇ **તફાવત** લાગે છે? રોગી, સાધન વગરના અને જન્મથી અંધાપા વગેરે ખોડવાળા માણસોની સ્થિતિ કરતાં **ત્હમારી** સ્થિતિ ત્હમને કાંઈ વધારે **ચ્હડતી** જણાય છે ખરી?

અને રાજાઓ તથા વધારે સારી તંદુરસ્તીવાળા અને જ્ઞાનવાળા પુરૂષો કરતાં ત્હમારી સ્થિતિ કાંઇ **ઉતરતી** જણાય છે ખરી?

અને જણાતી હોય તો, હું ત્હમને અરજ કરૂં છું કે, એક ઘડી શાન્ત ચિત્તે એ **તફાવતનું** કારણ શોધો.

શાસ્ત્રકારોએ તે કારણને **'કર્મનો અચલ કાયદો'** એ નામથી ઓળખાવ્યું છે. તે પશુપક્ષીનાં, તે દુઃખી માણસોનાં, ત્હમારાં અને તે રાજા અને વિદ્વાનોનાં 'પૂર્વ જન્મોનાં કર્મો' એ જ આ તફાવતનું **કારણ** છે. 'કર્મ'ના કાયદાની ચુંગાલમાંથી તીર્થંકરો સરખા પણ બચી શક્યા નહોતા.

એ 'કર્મ' ત્હમને **અનુકૂળ** હોય તો ઠીક, કે **પ્રતિકૂળ** હોય તો ઠીક? 'કર્મ' વડે ત્હમને ધનપ્રાપ્તિ, વિદ્યાપ્રાપ્તિ, બળપ્રાપ્તિ વગેરે માટેના પ્રયાસોમાં ફતેહ ફતેહ ને ફતેહ જ મળે એવું **થાય તે** જોવાને ત્હમે ખુશી છો, કે એવા બધા પ્રયાસો નિષ્ફળ જ જાય **એ** જોવા ત્હમે ખુશી છો ?

અલબત: ત્હમને ત્રણે ચીજોની પ્રાપ્તિ માટેના પ્રયાસોમાં **સફળતા** આપે એવાં 'કર્મો' જ પસંદ પડશે.

ત્હારે, મ્હારા વ્હાલા બંધુઓ ! **એવાં કર્મો ઉત્પન્ન કેમ કરતા નથી ?** ત્હમને દરેક અનુકૂળ અને ઇચ્છવા યોગ્ય સંજોગો આપે એવાં 'કર્મો' નો સંગ્રહ કરવા માટે જ આ **મનુષ્ય જન્મ** મળ્યો છે. ત્હમે ધન રળો, સંસારવ્યવહાર ચલાવો અને તે બધું કરતા જવાની સાથે દરરોજ, દર મહીને અને દર વર્ષે એવાં 'કર્મો'નો સંગ્રહ અવશ્ય કરો કે જે. ત્હમને ભવિષ્યમાં ત્હમારા પાસ સીધા પાડવામાં મદદગાર થાય.

આમ નજર કરો; ત્હમારી આસપાસ કેટલા બધા અજ્ઞાન લોકો ત્હમે જુઓ છો ? ત્હમારાં 'પૂર્વકર્મો' એટલાંય સારાં, કે જેથી ત્હમે તન્દુરસ્ત શરીર અને **જૈન** ધર્મ પામ્યા છો. ત્હમે ધર્મમાં બહુ ન સમજવા પામ્યા હો તો પણ એ ધર્મમાં જન્મ હોવાથી કોઇ નહિ ને કોઇ વખત **પણ** ત્હમને ધર્મજ્ઞાન પામવાના જોગ મળી રહેશે; કારણકે ત્હમે એ જ વાતાવરણમાં જન્મી એમાં જ કાયમ રહ્યા છો તેથી કોઇક વખત તો જરૂર ધર્મજ્ઞાનની **લહરી** ત્હમારા તરફ આવશે જ અને ત્હમને શીતળ કરશે.

## ધર્મજ્ઞાનની 'લહરી' હમણાં જ કેમ નથી આવતી !

ત્હમે પૂછશો: "ધર્મજ્ઞાનની એ લહરી હમણાં જ કેમ નથી આવતી ?" ત્હમેજ કહો કે ત્હમે ધર્મ સમ્બન્ધી **વિચાર** કયે દિવસે કર્યો ? એક મહીના સુધી દરરોજ એક કલાક કે ૦। કલાક પણ ધર્મના રહસ્ય સમ્બન્ધી કે એ ધર્મ પાળનારાના ઉદયના રસ્તા સમ્બન્ધી વિચાર ક્ય્હારે કર્યો ? જેમ **ત્હમે,** તેવાજ **બધા** સમજો. જય્હારે ઘણાં માણસો એક બાબત મન પર લે છે અને વારંવાર એ બાબત પર વિચાર કરવાની તક લે છેત્હારે એ બાબત **સ્થૂલરૂપે ખરા બનાવ તરીકે** હસ્તીમાં આવે છે. કોઇ જગાએ **જૈન**સંઘના ઘણા **માણસોએ** પોતપોતાના ઘરમાં બેસીને કે એકઠા મળીને જૈન સંઘના ઉદય સમ્બન્ધી **વિચાર** કરવાના મનન કરવાના–ચિન્તવન કરવાના ઘણા પ્રસંગ લીધા નથી તેથીજ ત્હમને કોઈને ધર્મજ્ઞાન-ની 'લહરી' હમણાં આવતી નથી. એ 'લહરી' ઉત્પન્ન કરવાનું કામ ત્હમારૂં અને મ્હારૂં, આખા સંઘનું છે જેને પોતાના આત્માનું સદાને માટે હિત કરવું હોય ત્હેમણે એ 'લહરી' ઉત્પન્ન કરવાને મથન કરવું જોઇએ! જે સયુક્ત બળથી હજારો શત્રુઓ નાશ પામે છે તેજ સંયુક્ત બળથી 'ધર્મજ્ઞાનની લહરી' ઉત્પન્ન થવી મુશ્કેલ નથી. ત્હમે, હું અને બીજા જે કોઇ ભાઈઓને આ જન્મ સફળ કરવો હોય તેઓ જો **અલાયદા** અને **સંયુક્ત** એમ બેઉ રીતનો પ્રયાસ કરીએ તો એ બધાં 'બળ' ( Forces ) નો સરવાળો ( Sum-total ) એવી 'લહરી'ને જરૂર ઉત્પન્ન કરે અને તે લહરીથી આપણને નિર્મળ જ્ઞાન અને આનંદ થાય; એટલું જ નહિ પણ ( સાંભળજો, બરાબર સાંભળજો ) બીજા જેઓ આપણા પ્રયાસમાં સામેલ **નહોતા** ત્હેમના પાસે પણ તે લહરી પહોંચી જશે અને ત્હેમનો ઉદય કરશે. ત્હમારા તે અજ્ઞાન ભાઇઓને ત્હમારા પ્રયાસથી સુખી થતા જોઇ ત્હ-મને કેટલો બધો આનંદ થશે ?

કોઇ બાળકને બાગ બનાવવાની ઇચ્છા થઇ. હેણે રોપા વાવ્યા. હવે હેને એવી ઇચ્છા થઇ કે રોપા કેવી રીતે વધે છે તે મ્હારે જોવું; તેથી તે વારંવાર મૂળીઆં ખેંચી કહાડીને તપાસતો રહે છે. કહો, હવે એ રોપા કદી વધવા પામે ખરા ? તેણે તો પાણી પાયા કરવું જોઇતું હતું, જેથી રોપા વધત અને હેને આનંદ આપત. આપણે આગળ વધવું હોય ( શું સંસારની આબાદીમાં કે શું આત્મિક આબાદીમાં ) તો **આપણને શું શુ લાભ થાય છે** એ જોવા બેસીએ તો કદી લાભ નહિ થાય; **બીજાઓને** લાભ કરવા જતાં **રસ્તામાં** આપોઆપ લાભ પ્રાપ્ત થશે; **બીજાઓને માટે** 'લહરી' ઉત્પન્ન કરીશું તો **આપણને** તે 'લહરી'ની લેહેજત આપોઆપ મળશે.

## એ જાતના પ્રયાસ કયા ?

મ્હેં હમણાં કહ્યું કે ત્હમારે અને મ્હારે **અલાયદા** તેમજ **સંયુક્ત** પ્રયાસ કરવા જોઇએ છે; તેનો ભાવાર્થ ત્હમે સમજ્યા ? અલાયદો પ્રયાસ એવી રીતનો કરવાનો છે કે 'જૈન' નામથી પોતાને ઓળખાવનાર દરેક પુરૂષ, દરેક સ્ત્રી અને દરેક બાળકે દરરોજ વધુ નહિ તો છેવટે દશ મીનીટ પણ એકાંતમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા પછી હેમની પાસે ખરા દીલથી એવી યાચના કરવી કે **" હે પ્રભો ! જૈન શાસનને જયવંતુ કરો ! હે દેવ ! જૈનોનાં હૃદયચક્ષુને દીવ્ય કરો ! હે દયાળુ ! અમારાં હૃદય દયામય અને પરોપકારી બનાવો ! હે જ્ઞાનના ભંડાર ! અમમાં જ્ઞાનનો શોખ પ્રગટાવો ! હે ત્રિભુવનનાથ ! ત્રણ ભુવનના નાથ થવાની શક્તિ અમારામાં પણ રહેલી છે એવું અમને ભાન વડે અમને સંઘસેવાના કામમાં હિમ્મતથી જોડાવાની સન્મતિ પ્રેરો ! હે શાસનનાયક દેવ ! સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા, એ ચારે અંગ વડે બનેલા જૈન શાસનની બાહ્ય અને અંતરંગ ઉન્નતિના મહાન, શ્રેષ્ઠ, પરમ આનંદમય કર્તવ્યમાં મ્હારો ફાળો આપવા હું હમેશ હર્ષભેર તત્પર રહું એવી મ્હને બુદ્ધિ અર્પો ! "**

આવી પ્રાર્થના દરેક જૈને દર સ્હવારે, વધુ નહિ તો માત્ર પાંચ મીનીટ પણ ખરા અંતઃકરણથી જરૂર કરવી જોઇએ. આ પ્રાર્થના ત્હમારા હૃદયને પવિત્ર અને ત્હમારા મનને એકાગ્ર કરશે. આથી ત્હમે સંઘસેવાના કામમાં ચિત્ત આપવા પ્રેરાશો. અને એકવાર પ્રેરણા થઇ એટલે જાણજો કે એ આનંદી લેહેજત ત્હમને કદી છોડવી ગમશે નહિ. ત્હમે વિદ્વાન્ નહિ હો પણ ત્હમને **જનસેવા** બજાવવાના રસ્તા આપોઆપ સૂઝશે. શાસનનાયક દેવ ત્હમારા એકાગ્ર અને પ્રેમાળ હૃદય દ્વારા પોતાનું કામ કરશે અને એ રસ્તે સંઘની ઉન્નતિનો રસ્તો સરળ બનશે.

## બીજો પ્રયાસઃ સંયુક્ત.

ઘણાએ **ભેગા મળીને** કરવાના પ્રયાસને **સંયુક્ત પ્રયાસ** કહેવાય. ત્હમારા મિત્રમંડળની સાથે મળીને સંઘસેવાનું ન્હાનામાં નાનું પણ કામ કરવા ત્હમે કમર કાં ન કસી શકો ? બંગાળાના છોકરાઓએ ટોળીઓ કરીને દેશસેવા માટે ભીખ માગીને સેંકડો રૂપીઆ એકઠા કર્યાનું શું ત્હમે નથી સાંભળ્યું ? મિત્રોની ટોળીઓ કરતાં અમુક ગામના 'સંઘ'ની ટોળી મ્હોટી; એમાં સંયુક્ત બળ વધારે હોઈ શકે, જો એક રાગ હોય તો. અને 'સંઘ' ની ટોળી કરતાં 'ગચ્છ' ની ટોળી મ્હોટી; કારણ કે હેમાં ઘણા ગામના 'સંઘ' નો સમાવેશ

થઇ જતો હોવાથી સંયુક્ત બળનો વિસ્તાર મ્હોટો હોય. અને 'ગચ્છ'ના સંયુક્ત બળ કરતાં પણ ત્હમે જેને 'કૉન્ફરન્સ' એવે નામે ઓળખો છો ત્હેનાવડે વધુ કામ થાય; કારણ કે ત્હેમાં બધાએ સંઘ, ગચ્છ રૂપી નદીઓ જઇ મળે છે એટલે એ સાગરમાં જળ ઝાઝું જ હોય.

પણ મ્હને અહીં ધાસ્તી લાગે છે કે આ ન્હાની ઉપમાથી (ત્હમે જો 'ગંભીર' સહૃદય પુરૂષ નહિ હો તો) ત્હમને હસવું આવશે અને ત્હમે કહેશો કે "સમુદ્ર તો ખારો હોય; એનું જળ કોઇના કામમાં ન આવે! એ તો બધા નદીઓનું જળ બથાવી પડવાનું જ જાણે!"

વાહવાહ! કેવો મજાનો તર્ક કર્યો? બરાબર છે. દરીઓ તો સઘળી નદીઓનું પાણી લેનારો છે, પણ તે પાણી લઈ-લઇને શું કામ બજાવે છે તે જોયું? તે યુરોપ અને અમેરીકા, હિંદ અને જૅપાન, આફ્રિકા અને ઑસ્ટ્રેલીઆ વગેરે દૂરના દેશો વચ્ચે જોડાણ કરી ત્હમને તેઓ સાથે **વધારે સ્હેલાઈથી વ્યાપાર ચલાવવાની સગવડ કરી આપે છે.** રેલ્વે રસ્તે જ્યહાં પહોંચતાં ત્હમને ઘણું મોંઘું પડત અને ઘણો વિલંબ થાત તેવી જમીનોપર ત્હમને દરીઓ થોડા ખર્ચે અને ઓછા વખતમાં પહોંચાડે છે. વિશ્વની સુંદરતામાં વધારો કરે છે. અને ઓછા જ્ઞાનથી છલકાઇ જતા જગતને **મર્યાદા**નો પાઠ શીખવનાર 'મ્હોટા પેટવાળા' ગુરૂનું કામ બજાવે છે. ત્હમે કદાપિ જો દરીઓ ના જોયા હોય તો જોજો; ત્હમે ભણેલા હોઇને અભિમાનમાં આવી જઇને કદાપિ બોલ્યા હો કે "કૉન્ફરન્સ તો અભણ લોકોની છે! એમનાં કરતાં કરતાં અમે અંગ્રેજી ભણેલા બહુ ડાહ્યા છીએ. અમને કોન્ફરન્સમાંથી શું શીખવાનું મળે? અમે તો એ ગ્રામ્ય જનોથી જૂદાજ પડીશું!" એવું કદાપિ ત્હમારાથી બોલી જવાયું હોય, કે મનમાં વિચારી જવાયું હોય, તો પણ ત્હમારા બધાના સંયુક્ત બળનો બનેલો કૉન્ફરન્સ રૂપી સમુદ્ર કાંઇ પોતાની પેઢાનપેઢીની 'મર્યાદા' મુકીને ત્હમને કડવા અક્ષર કહે એ આશા રાખવી જ નહિ; અને કદાપિ ત્હમો ૫-૨૫ રૂ. કૉન્ફરન્સમાં આપવાની સખાવત કરી હોય તેથી ફુલાઇ જઇને બોલ્યા હો કે "કૉન્ફરન્સને આપ્યે શું લીલું થવાનું છે?" તો ત્હમારી એ ભાષા તરફ પણ સમુદ્ર રૂપ કૉન્ફરન્સ કાંઇ લક્ષ નહિ આપે. એનું મ્હોટું પેટ છે એજ એનો મ્હોટામાં મ્હોટો ગુણ છે. અને ત્હમારે એજ ગુણ શીખવાનો છે કે, વિદ્યા કે લક્ષ્મી વડે છલકાઇ ન જતાં સઘળી નદીઓના પતિ રૂપ સમુદ્રને પૂજ્યભાવે જઇ મળવું, સઘળા 'સંઘો'ના પતિ રૂપ 'કૉન્ફ-રન્સ મંડળ'ની સેવાભક્તિ યથાશક્તિ બુદ્ધિ, લક્ષ્મી અને લાગવગ વડે કરવી. એક નદી પૂર્વથી આવતી હશે, એક પશ્ચીમથી અને એક ઉત્તર-દક્ષિણથી, તે સર્વને ભેગી કરી, સઘળી બ્હેનોને એક મધુર ગરબામાં જોડનાર, આ ત્હેમનો પતિ 'સમુદ્ર' ન હોત તો એ નદીઓ એક બીજાનું મ્હોં પણ જોવા ન પામત, તે ખ્યાલ ત્હમને આવી શકે છે કે? ઘણી નદીઓ મળે છે તે જગાને લોકો **પવિત્ર સ્થળ** તરીકે પૂજે છે, તો ઘણા સંઘ જે જગાએ મળે તે જગાનો-કૉન્ફરન્સના સમ્મેલનને પૂજ્યભાવે ત્હમે ન જુઓ એ કેવું કમનશીબ!

ત્હમને ગુજરાતનાને કચ્છથી, કચ્છનાને પંજાબથી, દક્ષિણનાને કાઠિયાવાડથી એમ સહવાસ કરાવનાર, ભાઇચારો કરાવનાર, **કૉન્ફરન્સ સિવાય** બીજી કોઇ સંસ્થા હોય તો બતાવો. હા; એક સંસ્થા છે. સાધુની. સાધુઓ એક પ્રાંતમાંથી બીજે પ્રાંત વિહાર કરી

એક પ્રાંતના સદ્‌ગુણ બીજા પ્રાંતમાં ફેલાવી શકે: પણ તેમ થતું હાલ જોવામાં આવે છે કે કેમ એ વિચારવાનું હું ત્હમને જ સોંપું છું.

## કૉન્ફરન્સ તે શું ?

આજે દશ બાર વર્ષથી ત્હમે કૉન્ફરન્સ શબ્દ સાંભળતા આવ્યા છો. કદાપિ ત્હમે ત્હેનાં દર્શન પણ કર્યાં હશે, કદાપિ ત્હમે ત્હેની એક યા બીજી રીતે દલાલી પણ કરી હશે. તથાપિ મ્હને ખાત્રી છે કે, ત્હમારામાંના, ઘણાકને હજી પણ કૉન્ફરન્સ સંબંધી કેટલાક શક રહેવા પામ્યા હશેજ. અને શક રહેવા એ કુદરતી છે. શક ઉત્પન્ન થયા સિવાય પૂર્ણ પ્રેમ કદી પ્રકાશી ઉઠતો નથી. **સીતા** ઉપર લોકોને પ્રથમ શક થયો અને પછી **રામે** ત્હેનો બહિષ્કાર કર્યો, ત્યહારે જ સત્યાસત્યની ખાત્રી થઇ અને લોકો ઉલટા પહેલા કરતાં પણ વધારે પવિત્ર નજરથી **સીતા**ને જોવા લાગ્યા. તેમ કૉન્ફરન્સને જન્મ આપનાર શાસનનાયક દેવ ત્હેને વધારે લોકપ્રિય બનાવવા માટે જ ત્હમારા દીલમાં વિવિધ સંશય ઉત્પન્ન કરશે, અને ત્હેના નિવારણના પ્રસંગ ઉત્પન્ન કરી ત્હમને ત્હેની ઉત્તમતા બતાવી આપી ત્હેના ભક્ત બનાવશે.

## કૉન્ફરન્સ સમ્બન્ધી સંશયોના ૩ વિભાગ પાડી શકાય.

(૧) સાધુવર્ગ તરફના સંશય. (૨) અંગ્રેજી ભણેલા વર્ગ તરફના સંશય અને (૩) સામાન્ય લોકસમૂહ તરફના સંશય. આપણે ત્રણે વર્ગના સંશયોને એક પછી એક હાથમાં લઇશું અને જોઇશું કે એ સંશયોનું સમાધાન થઇ શકે તેમ છે કે કેમ ?

## સાધુ વર્ગ તરફના સંશય.

સાધુ વર્ગ ઉપરજ આપણા ઉદયનો બધો આધાર છે. આ વાત સાધુને સારૂ લગાડવા માટે હું નથી કહેતો. પણ ભગવાનના વચનને યાદ કરીને કહું છું. અને 'માણસ' સંજ્ઞા એ જો માત્ર 'જડ શરીર' ને જ માટે ન વપરાતી હોય, જો તે સંજ્ઞા "શરીર + તે શરીરમાં અદૃશ્યભાવે રહેલો અમર આત્મા" એને માટેજ વપરાતી હોય તો તો આત્માને પીછાની ચુકેલા મહદ્ પુરૂષોનાં વચનો આપણને સંભળાવીને જડ–ચૈતન્યની પીછાન કરાવનાર સાધુવર્ગ ઉપર આપણી ઉન્નતિનો આધાર રહેલો કહેવામાં લેશમાત્ર પણ અતિશયોક્તિ નથી.

સાધુવર્ગ ઉપર આપણા ઉદયનો આધાર છે એ વાત જાણીને જ દેવર્દ્ધિ ક્ષમાશ્રમણ આચાર્ય વગેરેએ એક 'સંઘ'–સમ્મેલન (એનું અંગ્રેજી નામ કૉન્ફરન્સ !) કરીને સૂત્રો લખ્યાં હતાં. સંઘનું મૂળ બંધારણ સમ્મેલનથી જ થયું હતું. હાલ એવા કોઇ આચાર્ય નથી કે જે સર્વ સમુદાયોને એકઠા કરીને ધારાધોરણ ઘડે કે સર્વ સાધુ ઉપર દેખરેખ રાખી શકે. જૂદાજૂદા ગચ્છ એ માત્ર એકજ જાતનો ઉપદેશ જૂદીજૂદી જગાએ ફેલાવવા માટે જૂદાજૂદા નામથી યોજાયલા. પણ તે હવે ભિન્ન અને એક બીજાથી વિરૂદ્ધના ઉપદેશ કરવા લાગ્યા તેથી તથા બધા સાધુઓ ઉપર એક આચાર્ય ન હોવાથી સમસ્ત સંઘના ઉદયના રસ્તા યોજવા અને દેખરેખ રાખવા માટે આપણી પાસે કશું સાધન રહ્યું નહિ. આવા વખતે આખા હિંદના શ્રાવકો મળીને સંઘની ઉન્નતિ માટે યથાશક્તિ પ્રયાસ કરે તો એથી સાધુવર્ગે ખોટું લગાડવા જેવું કશું નથી; બલ્કે ખુશ થવાનું છે કે સાધુવર્ગના પવિત્ર રસ્તાને એથી સરળતા મળશે. સાધુવર્ગ પોતે જ જો (શ્રાવકોને બદલે)

આવી હીલચાલ કરે તો ઘણું સારૂં કામ કરી શકે; કારણ કે ત્હેમને સેક્રેટરી, ઉપદેશક, ઑફીસ વગેરે કાંઇ જાતનું ખર્ચ કરવું પડે નહિ અને પગારદાર સમર્થમાં સમર્થ કામગીરો કરતાં માનાધિકારી ( એટલે ઑાનરરી ) કામગીરો ( સાધુઓ ) લાખ ગણી અસર ઉપજાવી શકે. વળી ત્હેમના વચન **વીર**પિતાના નીમેલા અમલદાર તરીકે **(સત્તા સહિત)** નીકળે, કે જે વચનનો અમલ કરવા ગૃહસ્થો પોતાને બંધાયલા જ સમજે છે. પરન્તુ એ વાતની **હમણાં** આશા રાખી શકાય તેમ નથી. પ્રથમ એકાદ પ્રાંતની સાધુપરિષદ્ થશે; પછી આખા હિંદના સ્વધર્મી સાધુવર્ગોની સાધુપરિષદ્ થશે; અને **પછી** આવું કામ તેઓ ઉઠાવી શકશે. તે બધું શરૂ કરવા **પહેલાં** ત્હેમાંના ઉત્તમ રત્નોએ પોતાના સાધુમિત્રોમાં જ્ઞાનનો, જનસેવાપ્રેમનો, આત્મભોગનો અને નિષ્પક્ષપાતપણાનો પ્રચાર પુર શ્રમથી કરવો જોઇએ. તે બધું થતાં સુધી રાહ જોઇ બેસી રહેવા કરતાં **શ્રાવક વર્ગ** પોતા તરફનો પ્રયાસ શરૂ કરે તો એમાં કાંઇ દોષ હોવાનું કોઇ કહી શકશે નહિ. અલબત, તેઓ મહાત્માશ્રીઓની કિમતી સલાહો તરફ લક્ષ આપતા જ રહેશે અને બને તેટલી કાળજીથી ( સંજોગો હરકત ન કરે તેટલે દરજ્જે ) ત્હેનો અમલ પણ કરશે.

તે છતાં કૉન્ફરન્સના કાર્યવાહકો ખુલ્લી રીતે કહે છે કે: "અમે અપૂર્ણ છીએ; 'સંસારી' હોવાથી સ્વાર્થના કામકાજમાં મશગુલ છીએ; અને તે ઉપરાંત આ કામ નવું જ હોવાથી અનેક મુશ્કેલીઓ અમને નડે છે. તે વગેરે કારણોથી અમે વખાણવા લાયક જ કામ કરીએ છીએ એવું અમારૂં માનવું નથી. અમે **ન કરવાનું કરી બેસીએ** એ જેટલું સંભવિત છે તેટલું જ, **કરવાનું ન કરીએ** એ પણ સંભવિત છે. અમને **પૂર્ણ** ન સમજશો. અમારી **અપૂર્ણતા, ત્હમારે** પુરવાની છે. **ભ**ગવાને 'સંઘ' શબ્દમાં અમને શ્રાવકોને એકલા સમાવી દીધા નથી; સાધુ–સાધ્વી એ બે તીર્થની સામેલગીરી **વગર** **'સંઘનું આખું અંગ'** થાય જ નહિ એમ અમારૂં ચોકસ માનવું છે. માટે અમારા અધુરા પ્રયાસોને ત્હમે મહાત્માશ્રીઓ પૂર્ણ કરો, અમારા કામમાં સલાહ આપવાનું (ત્હમારાં વ્રતોને બાધક ન થાય એવી રીતે ) કામ બજાવો. અમારી ભૂલો પ્રેમમય શબ્દોથી અમને બારોબાર લખાવી જણાવો. અમારા ઠરાવો પૈકી જે કોઇ આપને લગતા હોય ત્હેનો અમલ ચુસ્તપણે કરી–કરાવી અમારી આ સંસ્થાનું ગૌરવ વધારો, કે જેથી શ્રાવકગણુ ત્હમારા જેટલું જ બલ્કે ત્હમે આપો છો તેથી વિશેષ માન કૉન્ફરન્સ પ્રત્યે બતાવવાને તૈયાર થશે. ત્હમારા ઉગ્ર વિહાર વખતે દરેક જણને પૂછો કે:–"ત્હમને મુંબઇ, વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર પુના વગેરેના મેળાવડાની ખબર મળી છે? ત્હાં શું શું કામ થયાં તે ત્હમે જાણો છો? એ કામો પૈકી કેટલાં અને કયાં કામોમાં ત્હમારે શામેલ રહેવાનું છે તે ત્હમે કદી **વિચાર્યુ છે**? ચાર તીર્થમાંના એ તીર્થની ત્હમે કોઇ રીતે ભકિત કરી છે? ન કરી હો તો વ્યાજ સાથે તે દેવું ચુકવવાનું ત્હમને **હવે પણ** મન થાય છે?" આવા સવાલો દરેક જગાએ પૂછો. અમારા જીવદયાના અને કેળવણીના ઠરાવો માત્ર અમે ત્હમારો જે ઉપદેશ સાંભળેલો તે ઉપદેશ રૂપી પાયા ઉપર બાંધેલી ઇમારતો તુલ્ય છે. ત્હમને શું ત્હમારી ઇમારત માટે જરા પણ લાગણી ન થાય એ બનવા જોગ છે? જમીન **ત્હમારી** છે, પાયો **ત્હમારો** છે, અમે તો તે પર કડીઆકામ કર્યું છે. લોકો ત્હેમાં રહેવા નહિ આવે તો ત્હમે એટલું ભાડું ગુમાવશો. અમારે શું? અમને તો કરેલા કડીઆ કામની મજુરી મળશે જ. તે કયાંઇ જવાની નથી.

વળી ત્હમેજ અમને શીખવ્યું હતું કે " શીલવ્રત અમૂલ્ય છે. પરસ્ત્રી ત્યાગ કરો અને સ્વસ્ત્રીમાં **નિયમિત** રહો·" અમે આપના આ ઉપદેશનો અમલ કરવા માટે કૉન્ફરન્સમાં ઠરાવ કર્યો કે બાળલગ્ન અને કન્યાવિક્રયથી દૂર રહેવા આ કૉન્ફરન્સ સર્વને ભલામણ કરે છે. આ તો માત્ર આપના જ હુકમનો અમલ થાય છે. છતાં ત્હમે પૂછશો કેઃ—

## આવી ' ભલામણો ' થી શું દહાડો વળવાનો ?

ખરૂં છે. ગુરૂદેવ ! તદ્દન ખરૂં છે. અમારૂં બળ છેકજ થોડું છે. પાછલા જમાનામાં ત્હમારા ગુરૂઓ રાજાઓને ઉપદેશ કરી જૈન બનાવતા તે વખતે નીતિ અને ધર્મના નિયમોને **રાજ્યસત્તાના બળવડે** પળાવી શકાતા. હવે ત્હમે તે ઉધમ કરો. રાજાઓને જૈન બનાવો અને જેઓ કન્યાવિક્રય વગેરે કરે ત્હેમને રાજા તરફથી શિક્ષા થાય એવું ઠરાવરાવી એ બદીનો નાશ કરાવો. અમે તો રાજા નથી, પ્રજા છીએ; અમે માત્ર **ભલામણો** કરી શકીએ, ઉપદેશકો દ્વારા અને કૉન્ફરન્સમાં ભરાયલા ગામ ગામના જૈનો વચ્ચે વિદ્વાન્ ભાષણ કર્તાઓ દ્વારા અમે માત્ર લોકોને **હિતાહિત સમજાવી શકીએ** અને અમે ધીમેધીમે **લોકમત** કેળવવાનું જ કામ કરી શકીએ. કોઇ વખતે અત્યંત દુષ્ટ કાર્ય કરનાર તરફ જાહેર તિરસ્કાર ઉત્પન્ન કરીને એ રસ્તે બીજાને ધડો બેસાડી શકીએ. એ સિવાય બીજું શું કરી શકીએ તે આપ ગુરૂદેવ જ કહો. કહો, અમે ત્હમારા નમ્ર શિષ્યો છીએ અને ત્હમારી સલાહનો સ્વીકાર કરવા તૈયાર છીએ. ત્હમે જ્યહાં સુધી રાજાઓને જૈન બનાવી **રાજ્યસત્તા**ની મદદથી ખોટા રીવાજો વગેરેને નાબુદ ન કરાવો ત્યહાં સુધી હાથ પગ જોડીને બેસી રહેવા કરતાં અમે આટલી ભલામણો કરવાનો—લાગવગ પહોંચાડવાનો લોકમત કેળવવાનો ઉધમ કરીએ એ આપને **હવે** પસંદ પડયો કે કેમ ? અને પસંદ પડયો હોય તો આપો અમને આશીશ ! કરો અમારા કામને બને તેટલી (વ્રતો સાચવીને) મદદ !

ત્હમે જો ભાષાસમિતિ જાણતા હો તો કૉન્ફરન્સના એકકે એક ઠરાવને મદદ કરવા શ્રાવકોને સમજાવી શકો એ વાતની મ્હને પૂર્ણ ખાત્રી છે. ( ભાષાસમિતિ જાળવીને ઉપદેશ આપવાનો છે, એમ હું ફરીફરી અરજ કરૂં છું. )

## ' ગચ્છો ' શું કામના ?

મુનિરાજો ! ગુરૂદેવો ! ' ગચ્છો ' તરફ હું માનની નજરથી જોઉં છું. ' ગચ્છો ' છે તે જૂદી જૂદી ' ક્લાસો ' છે. જૂદી જૂદી ' સ્કૂલો ' છે. બધી સ્કુલોમાં ' પાંચ દુ દશ ' જ શીખવાય; કોઇ ' પાંચ દુ બાર ' ન શીખવે. અને આખા દેશના છોકરા એક જ મહેતાની નિશાળમાં ન બેસી શકે; એવડું મ્હોટું મકાન મળે જ નહિ અને કદાચ જગલમાં નિશાળ બેસાડીએ તો પણ બધા દેશની બોલી જુદી તેથી એક મહેતાજી બધાને સમજાવી શકે નહિ. માટે જૂદા જૂદા ' ગચ્છો ' રૂપી સ્કુલો સ્થપાઇ અને તેઓએ મહાવીરના શબ્દો જૂદા જૂદા પ્રાંતોમાં જૂદી જૂદી ભાષામાં ઉપદેશવાનું ઠરાવ્યું. એ બધા ગચ્છો અમારા પૂજનીક છે. એકેક ' ગચ્છ ' ના સાધુ ૫—૫૦ ગામના શ્રાવકો પર ( ઉપકાર બુદ્ધિના કારણે ) સારો કાબુ ધરાવે છે અને એ સાધુઓ બધાએ એમના જ ભક્તોના હિતાર્થ સ્થપાયલી આ કૉન્ફરન્સને મદદ કરવાનું અને ત્હેના ઠરાવોનો અમલ કરવાનું પોતપોતાના ક્ષેત્રમાં સમજાવે તો અમારે પગારદાર—જેમને પેટ લાગેલું છે એવા—જેને રગેરગે ધર્મ

સેવાનો સિદ્ધાંત વ્યાપેલો ન જ હોઈ શકે એવા **સંસારી** 'ઉપદેશકો' ફેરવવાની બધી કડાકૂટ દૂર થઇ જાય. એ બચતો પૈસો જીવદયામાં અમે વાપરી શકીએ અને વિલાયતના લોકોને જીવહિંસા છોડવાનો ઉપદેશ કરવાનો પ્રયાસ કરી શકીએ જેથી દરરોજ અનંતા જીવો બચી શકે.

અમને મ્હોટામાં મ્હોટી મદદ 'ગચ્છો' ની જોઇએ છે, અને 'ગચ્છો' ની મદદમાં દરેક ગામના 'સંઘે' અવશ્ય સામેલ રહેવું, એમ અમારી નમ્ર અરજ છે. આ પ્રમાણે અમારી માગણી—અમારી અરજ—અમારી વિનંતિ-અમારી 'ખોળા પાઘડી' જો સ્વીકારવામાં આવે તો કોઇ નહિ કહી શકે કે

## કૉન્ફરન્સે આજ સુધીમાં શું કર્યું ?

આજ સુધીમાં કૉન્ફરન્સે જે કાંઇ કર્યું છે તે **આરે સંઘની સંપૂર્ણ સામેલગીરી**—ઐક્યબળ વગર જ કરેલું હોવાથી વિદ્વાનો તેમજ સાધુઓ તેમજ સામાન્ય વર્ગ એમ કદી નહિ કહે કે "**બહુ** સારૂ કર્યું." તો પણ મ્હને ( આ લખનારને ) આજ સુધીનું પણ કૉન્ફરન્સનું કામ આનંદ ઉપજાવે છે, નવીન આશા પ્રેરે છે અને એ કામની ટુંક યાદી જાહેરમાં મુકવાથી જાહેરનો પ્રેમ તે તરફ ખેંચાઇ આ કામ તરફ તેઓ સહાનુભૂતિ બતાવશે એવો વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

( ૧ ) ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ, માળવા, પંજાબ, દક્ષિણ વગેરે પ્રાંતોના સ્વધર્મી ભાઇઓ એક બીજાને ઓળખતા થયા, મળતા થયા, કોઇ કોઇ અન્યોન્ય વ્યાપાર કરતા થયા. આ રીતે કૉન્ફરન્સને લીધે આપણે 'મુઠ્ઠીભર' માણસોજ છીએ એવો ખ્યાલ દૂર થઇ, આપણી મ્હોટી સંખ્યા આપણા જોયામાં આવી અને દૂર દૂર દેશો વચ્ચે એક પુલ બાંધવા જેવું કામ કૉન્ફરન્સે કર્યું.

( ૨ ) **ધાર્મિક** ઉચ્ચ અભ્યાસને માટે જૂદે જૂદે સ્થળે યશોવિજયજી આદિ પાઠશાળાઓ અને **અંગ્રેજી** ઉચ્ચ અભ્યાસ કરનારાઓની સગવડ માટે મુંબઇમાં જૈન હોસ્ટેલ એમ બે ખાતાં કૉન્ફરન્સની ચળવળથી મ્હોટા ખર્ચે ઉઘાડવામાં આવ્યાં. કન્યાશાળાઓની અછત હતી પણ હમણાં ને હમણાં ઉઘડતી જાય છે. ઉપરાંત કેટલીક જગાએ જૈનશાળાઓ સ્થાપવાની ભલામણ તે તે શહેરોના સંઘ પર લખવામાં આવી છે. આ પ્રમાણે શિક્ષણનો પ્રચાર ધીમે ધીમે પણ મક્કમ પગલે કરવા પાછળ લક્ષ અપાય છે.

( ૩ ) આપણા ધર્મની અનેક ખુબીઓ હોવા છતાં કેટલાક ગર્ભ શત્રુઓની નિંદાને લીધે તે ધર્મ માટે લોકોમાં હલકો મત બંધાઇ ગયો હતો અને આપણામાંના ઘણાક તો પોતાનો ધર્મ કબુલ કરતા પણ શરમાતા હતા; હવે કૉન્ફરન્સ થવાથી ત્હેના ઠરાવો અને ભાષણો પ્રસિદ્ધ થવાથી અને બીજી ચળવળોથી આપણા ધર્મના ઉત્તમપણા માટે લોકોને ખાત્રી થતી ગઇ છે અને અન્ય ધર્મી રાજા મહારાજાઓ તથા મ્હોટા અમલદારો આપણી હીલચાલમાં શામેલગીરી આપતા રહ્યા છે, એટલુંજ નહિ પણ ખુદ બ્રીટીશ સરકારને આપણે જૈન તેહેવારો વગેરે બાબતમાં આપણો અવાજ સંભળાવવા શક્તિમાન થયા છીએ. કોઇ પણ મહત્વનું કામ ગમે તેવા મ્હોટા પણ **એકલા** માણસથી ન બની શકે તે આખા હિંદની એક કોમ તરફથી અરજ કરવાથી બની શકે છે અને જૈન તેહેવારોનું મંજુર થવું એ આ સત્યનો પુરાવો છે.

( ૪ ) વળી નામદાર ગાયકવાડ જેવા સુશિક્ષિત નરેશે તથા લોક માન્ય બા૦ ગં૦ તિલકે એક ' પ્રાચીન ધર્મ ' તરીકે આપણા ધર્મની તારીફના શબ્દો, ઉચ્ચાર્યા છે, કે જે શબ્દો પેપરો અને પુસ્તકો દ્વારા આખા હિંદમાં વંચાઇ ચૂક્યા છે.

( ૫ ) વળી કેટલાક રાજા—મહારાજાઓએ આપણી અરજ સ્વીકારીને શીકાર વગેરે છોડી દઇ પોતાના રાજ્યમાં જીવ દયાના અંગે પ્રશંસાપાત્ર કાયદા કર્યા છે. ઘણાં ગામોમાં દશેરાઉપર થતો પશુ વધ આપણી અર્થાત્ આ કોન્ફરન્સની અરજપરથી હમેશને માટે બંધ થયો છે.

આપણા ધર્મની આ બધી પ્રસિદ્ધિ કૉન્ફરન્સ **પહેલાં** હતી એમ કોઇ પણ કહેવા હિમત નહિ ધરે. અને એ **એકજ** હકીકત ( બીજા ફાયદાને બાજુએ રાખીએ તો પણ) કૉન્ફરન્સ પ્રત્યે દરેક જૈનનો ભક્તિભાવ ખેંચવાને પુરતી છે.

( ૬ ) ' સંઘ ' અને ' જ્ઞાતિ ' નામની સંસ્થામાં ચાલતી આપ ખુદી અને ખટપટો જોયા **પછી** આપણા સ્વધર્મી ભાઇઓ કૉન્ફરન્સના સમ્મેલનમાં આવી સબજેક્ટસ કમીટી જુએ છે, બધાની સલાહ પૂછીને લખાતા ઠરાવો સાંભળે છે, તે ઠરાવો આખા હિંદના **જૈન** પ્રતિનિધિઓ પાસે કબુલ કરાવ્યા **પહેલાં** મંડપ વચ્ચે એ ઠરાવોપર ભાષણો કરાવી લોકોને એ ઠરાવોની સમજુત પુરેપુરી આપવાની દરકાર રખાતી નીહાળે છે—આ બધું **રીતસર** થતું કામ તેઓ જ્યહારે જુએ છે ત્યહારે ત્હેમને **હળી મળીને—સુલેહસંપથી સંઘનાં કામ કેમ કરાય?** એ બાબતનો અનુભવ થાય છે. આ એક 'સ્કુલ' છે, કે જ્યહાં જૂદા જૂદા પ્રાંતના સ્વધર્મીઓને સંઘ સંબંધી સંયુક્તપણે કામો કરવાની ઉત્તમોત્તમ પદ્ધતિ શીખવાની તક મળે છે અને જ્યહાં **જાહેર મત** કેળવવાનું કામ અચ્છી રીતે બને છે. પ્રજાના સાંકડા વિચારો **અહીં** દૂર થાય છે. **અહીં** ઉત્સાહહીનપણું હજારો માણસોના લશ્કરને જોઇને ખેપટીઆં મુકે છે. કૃપણપણાનો જુનો વળગાટ દૂર કરવાને માટે તો આવાં કૉન્ફરન્સ—સમ્મેલન જેવો બીજો એક પણ મંત્ર છે જ નહિ; કારણ કે અહીં ઉપદેશનો ધોધ ચાલવાથી અને બીજાઓની સખાવતો સાંભળવાથી લગભગ દરેક માણસને કાંઈ નહિ ને કાંઇ **આપવા—ખર્ચવાનું** મન થાય જ. હજી પણ જ્યહારે વક્તાઓ સારા મળશે, જ્યહારે ચુનંદા ભાષણ કર્તાઓ તૈયાર થશે, જ્યહારે માંહો માંહેની ખટપટો દૂર થશે, ત્યહારે ઉદારતાનો પાઠ કૉન્ફરન્સના મંડપમાં ઘણો સુંદર રીતે ભજવાતો આપણે જોઇ શકીશું. અને આપણા **ભ**ગવાને બતાવેલા ધર્મના ૪ રસ્તામાંનો પહેલો અને બાકીના ત્રણે કરતાં સ્હેલો એવો **દાનનો રસ્તો** આપણા ભાઇઓમાં માનીતો થતો જોઇ આપણી આંખો ઠરશે અને આપણું હૃદય મૌન નાચ કરશે.

( ૭ ) ' આપણે આપણા ગામના સાધારણ ફંડમાં એક રૂપીઓ આપ્યો એટલે આપણી ફરજ પતી ' એવી જે સંકુચિત દૃષ્ટિ આપણી આજ સુધી હતી તે **હવે** દૂર થવા લાગી છે અને લોકો સમજવા લાગ્યા છે કે ' આખામાં ત્હેનો ભાગ સમાઇ જાય છે ' અને આખા હિંદના સંઘ પ્રત્યે આપણી જે ફરજો છે તે બજાવ્યા સિવાય આપણું જીવતર નકામું છે. આ ખ્યાલ **કેટલે અંશે** આપણા ભાઇઓમાં ફેલાવા પામ્યો છે તે જાણવું હોય ત્હેમણે **જૈન** સુકૃત ભંડાર ફંડમાં દક્ષિણ, પંજાબ, કાઠિયાવાડ તરફની આવતી રકમો વાંચવી અને મુંબઇ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આવતી કેટલાક અભણ કહેવાતા

ભાઇઓની રકમો વાંચવી. જેઓ કેળવણીના ઉંચા સંસ્કારથી બેનસીબ રહ્યા છે તેવાઓ પણ કેળવણીના કામમાં પરજીલ્લામાં પૈસા મોકલે તે શું વિસ્તૃત કર્ત્તવ્ય સીમાનું આપણા ભાઇઓને ભાન હોવાનો જેવો તેવો પુરાવો છે ? અને હજી જો આપણે જુના વિચારવાળાઓની સાથે હળી મળીને, ત્હેમની સલાહ પૂછવાની દરકાર કરીને આસ્તે આસ્તે આગળ વધવાનું ડહાપણ વાપરીશું તો આપણે ઘણું કરી શકીશું. જે લોકોને સુધારવા છે ત્હેમના ધીમાપણા કે જુના વિચાર માટે ગાળો દેવાથી તેઓ સુધરવાના નહિ, બલ્કે આપણું ઉછાંછળાપણું તેથી સાબીત થાય અને કામ કાંઇ ન બને. પરન્તુ ઉદારચિત્ત ભાવનાઓ અને વિચારો એમના મનમાં આસ્તે આસ્તે આવવા દઇને, જરા સબુરી પકડતાં શીખી, આપણે સર્વ હળી મળીને કામ કરીશું તો લાખો રૂપીઆના ફંડો થવાં મુશ્કેલ નથી.

( ૮ ) ' પડતર જળ ગંધાઇ ઉઠે છે, ' પડયો રહેનારો માણસ અજીર્ણના દરદમાં સપડાય છે ' તેમજ ઘરમાં ભરાઇ રહેવાથી અર્થાત્ એકજ ગામમાં જીંદગી પુરી કરવાથી માણસના વિચારો પ્રાયઃ સાંકડા થઈ જાય છે. જે જે ધર્મોમાં ' યાત્રા ' કહી છે તે તે ધર્મના સ્થાપકોએ પ્રાયઃ આ વાત યાદ રાખીનેજ એ ફરમાન કર્યું જણાય છે, કે જેથી જંગલી લોકોને પણ ઘણા દેશાવર જોવાની તક મળે અને ઘણું શીખવાનું મળે તથા કુદરતી ખુબીઓ જોવાથી મનનો ઘણા દિવસનો થાક અને ચિંતાઓ દૂર થાય. પરન્તુ આપણા વ્હેમ અને ઢોંગ સોંગ વગરના પવિત્ર ધર્મમાં પવિત્ર તીર્થોની યાત્રા સાથે સાધુ પુરૂષોનાં દર્શન પણ આપણી યાત્રા છે. એટલા માટે જ્યહાં શુદ્ધાચારી વિદ્વાન મહાત્માઓ બિરાજતા હોય ત્હાં જઇ ફાજલ પડી શકે તેટલા દિવસ ત્હેમની પાસે રહી આપણે ત્હેમનો **ઉપદેશ સાંભળીએ** એને પણ 'યાત્રા' કહેવાય છે. એ રસ્તે પણ આપણને મુસાફરીનો લાભ મળે છે. પરન્તુ **તેવો** લાભ થોડાજ ભાઇઓ લેતા હશે. હમણાં હમણાં કૉન્ફરન્સના મેળાવડા થવા લાગ્યા હોવાથી ઘણા ભાઇઓ ' યાત્રા'એ જવા લાગ્યા છે અને તેથી તેઓને દેશાવરનો અનુભવ થવા ઉપરાંત, તે સ્થળે એકઠા મળેલા ઘણા ' સંતો ' નો ઉપદેશ સાંભળવાનો પણ પ્રસંગ મળે છે. આમ આપણે એક નવું ( અને બાધ વગરનું ) **' યાત્રાનું ધામ '** ખોલ્યું છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

( ૯ ) કૉન્ફરન્સના ઠરાવ મુજબ કેટલાક ઉત્સાહી મહાશયો પ્રાન્તિક કૉન્ફરન્સ ભરવા લાગ્યા છે, જેથી પ્રાંતમાં ઉત્સાહ વધવા સાથે આપણા પવિત્ર ધર્મને **પ્રસિદ્ધિમાં લાવવાનું** કામ (પરોક્ષ રીતે) થાય છે. પેથાપુર તેમજ દક્ષિણમાં એક પ્રાન્તિક કૉન્ફરન્સ થઈ તેથી આખા દક્ષિણમાં આપણા ધર્મની જાગૃતિ ફેલાઇ હતી. જો કે ત્યહાર પછી તે ભાઇઓ જરા ધીમા પડયા છે; તો પણ આપણે આશા રાખીશું કે બીજો મેળાવડો કરી વીરશાસનની જય ધ્વજા ફરકાવી એ રસ્તે મહાન પુણ્ય હાંસલ કરવામાં તે ભાઇઓ હવે વિલંબ નહિ કરે. જૂદે જૂદે સ્થળે કૉન્ફરન્સ અને પ્રાંતિક કૉન્ફરન્સો ભરાઈ છે. ધન્ય છે તે ઉત્સાહી ભાઇઓના આ શાસન ભક્તિના કામને ! ગુજરાત—કાઠિયાવાડ—કચ્છ હમણાં સુસ્તીમાં છે તે પણ પાછળ પડેલા ગણાતા અન્ય પ્રાંતવાળાની આટલી જાગૃતિ જોઈ શરમાવા લાગ્યા છે અને કોઇક દિવસ જરૂર વ્યાજ સાથે મુદ્દલ પાછું આપ્યા વગર નહિ રહે એમ આશા રખાય છે. તથાપિ એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ થતી નથી કે જે થોડો ઘણો

પણ પ્રજામત કેળવાયો છે—લોકોના વિચારો અને ઉત્સાહ અને લાગણીઓ અને ઉદારવૃત્તિમાં તફાવત પડયો છે તે અત્યંત આશાજનક છે.

( ૧૦ ) કૉન્ફરન્સ તરફના ઉપદેશકોના ફરવાથી અને કોન્ફરન્સના ઠરાવોથી કેટલીક જગાએ લગ્ન—મૃત્યુ પ્રસંગનાં ભારે પડતાં ખર્ચો ઓછાં થયાં છે, વૃદ્ધ વિવાહનો બહિષ્કાર થયો છે, ભ્રષ્ટ ખાંડ વગેરેનો ઉપયોગ બંધ થયો છે, કન્યાવિક્રયનો ઝરો સુકાવા લાગ્યો છે, રડવા—કુટવાના ગાંડા રીવાજ છેકજ ઓછા થઈ ગયા છે. આ બધો ' **સંસાર સુધારો** ' કૉન્ફરન્સની ઉમર જોતાં ઓછો આશાજનક નથી. હજી તો આપણી પાસે જોઇએ તેવા ઉત્સાહી કાર્યવાહકો નથી, જોઇએ તેવા છટાદાર અને શુદ્ધ હૃદયવાળા ઉપદેશકો મળતા નથી; **તેમ છતાં** આટલું થાય એ તે શું જેવી તેવી વાત છે ? આપણે આવું આવું પણ કામ ' ગોકળ ગાય ' ની પેઠે ખંતથી ચાલુ રાખીશું તો શાસન નાયક દેવ આપણી મહેનતને જરૂર બળ ધીરશે અને રસ્તો પણ બતાવશે અને સાચે રસ્તે કરાતી ઉત્સાહભેર ગતિ તે દેવની કૃપાથી આપણને ધારેલ વિજય સ્થળે જરૂર પહોંચાડશે. બંધુઓ ! ' **આસ્થા** ' રાખો, ' **શ્રદ્ધા** ' રાખો; પરમ કૃપાળુ શાસનનાયક દેવ કાંઈ ઉંઘતા નથી; આપણે **જાગતા** રહીશું તોજ આપણા દ્વારા તેઓ કામ કરશે. ઉંઘેલાની દ્વારા તેઓ શી રીતે કામ કરી શકે ? દોષ આપણી સ્વાર્થપરાયણતારૂપી નિદ્રાનો અને પ્રમાદરૂપી તન્દ્રાનો છે. દૂર કરો તે નિદ્રાને, ખંખેરી નાખો તે તન્દ્રાને, દેશનિકાલ કરો તે નિરૂત્સાહને, વોસીરાવી દો તે અશ્રદ્ધાને—તે ચળકતા ભવિષ્યની અશ્રદ્ધાને; અને પછી હાથ સાથે હાથ મેળવી, હૃદય સાથે હૃદયને સાંકળી, કૉન્ફરન્સના ઠરાવોનો અમલ કરો, કરાવો અને **સંઘનો** ઉદય કરવાના રસ્તે જતાં, જુઓ કે **ત્હમારો પોતાનો** ઉદય કેવો અણધાર્યો અને ત્વરિત થાય છે !

( ૧૧ ) પણ આપણો ઉદય ઘણે ભાગે સાધુ વર્ગના હાથમાં છે એમ પાછળ કહેવાઈ ગયું છે તેથી ત્હમને સવાલ થશે કે " **અમે** એકલા ગમે તેટલી મહેનત કરીએ, સાધુઓની સહાનુભૂતિ અને સહાય્ય વગર કશું થવાનું નથી. " ત્હમારૂં કહેવું વાજબી છે અને હવે કૉન્ફરન્સે સાધુ વર્ગમાં પણ જુદીજ જાગૃતિ ઉત્પન્ન કરી છે. વાંચો વડોદરામાં મળેલી સાધુ પરિષદ્‌નો રિપૉર્ટ. એમણે કેવા સારા ઠરાવો કર્યા છે તે વાંચો એટલે ત્હમને ખાત્રી થશે કે સાધુ મહાત્માએ હવે જમાનો ઓળખી ગયા છે અને અમને તારવાને માટે પોતે પકકા 'તારા'—તરવાની કળામાં પ્રવીણ થવાની જરૂર સ્વીકારવા લાગ્યા છે; અને ખટપટો નહિ પણ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાન પ્રસારના કામમાંજ મચ્યા રહેવાનું ત્હેમને પસંદ પડે છે. કેટલાક મહાત્માઓએ જાહેર ભાષણોથી જીવદયાનો પ્રચાર હિંસક લોકોમાં કર્યો છે. કેટલાક મહાત્માઓ સંસાર સુધારાના સવાલને ધર્મ સાથે જોડી ખુબીની સાથે લોકોનો ગૃહ સંસાર સુધારવાનો પ્રયાસ કરવા લાગ્યા છે. અમુક સાધુઓ પુસ્તકો રચવા—ફેલાવવાના કામમાં મચ્યા રહેવાના ઠરાવપર આવ્યા છે. આ બધું શું સૂચવે છે ? આ બધું ઉષાનું ઝાંખું તેજ શું એમ નથી બતાવતું કે સૂર્યની સવારી હવે નજીકમાંજ છે ? ભાઇઓ ! હિમત રાખો, ધીરા થાઓ, સારા ભવિષ્યની ' શ્રદ્ધા ' રાખો ! શ્રદ્ધા અથવા આસ્થા વગરના થવામાં ' પાપ ' છે એમ આપણો ધર્મ કહે છે. અને આ બધાં સુચિન્હો

જોયા પછી શ્રદ્ધા રાખવાની આનાકાની કરવી એ તો ખરેખર મ્હોટું પાપ છે. શ્રદ્ધા આપણને આશા પ્રેરશે, આશા આપણને જોર આપશે, જોર આપણી પાસે સારાં કામો કરાવશે અને તે સારાં કામો આપણો—આપણા સંઘનો ઉદય ઉદય કરાવશે. ભગવાન્‌નું વચન છે કે ભષ્મગ્રહ ઉતર્યા પછી અમુક વખતે વીરશાસનનો ઉદય ઉદય થશે. શું ત્હમે તે ભગવાન્‌ને માનનારાઓ એ ' ઉદય ' ની વાત માનવાની ના કહેશો ? ઉદય ત્હમને ન લાગતો હોય તો તે ત્હમારામાંજ નથી એમ સાબીત થાય છે; બાકી તો બધે ઉદય—ઉદય જ છે. ત્હમે આંખો બંધ કરીને કહેશો કે ' બતાવો પ્રકાશ ! બતાવો ઉદય !' તે ત્હમને કોણ બતાવી શકશે ?

## આપણું ' લક્ષ્ય બિંદુ ' કયું છે ?

એ ઉદય હજી માત્ર ઉષાના રૂપમાં છે; આપણે જે પ્રાપ્ત કરવાનું છે તે તો હજી દૂર છે. આપણે માત્ર સડકે ચ્હડયા છીએ. જવાનું હજી લાંબે છે. એક કૉલેજ થઇ ગઇ, કે એક બોર્ડીંગ હાઉસ થઇ ગયું, એટલે આપણે પાર ઉતરી ગયા નથી. આપણે હજી મ્હોટા પાયાપર ' જૈન ગુરૂ કુળ ' ખોલવાનું છે. આપણે હજી દરેક પ્રાંતની રાજધાનીમાં અકેક લાઇબ્રેરી અને શાસ્ત્ર સંગ્રહસ્થાન સ્થાપવાની છે. આપણે હજી એક મ્હોટું સ્કૉલરશીપ ફંડ સ્થાપીને મદદ શોધતા અને સારી આશા આપતા યુવાન સ્વધર્મીઓને આગળ વધારવાનું કામ કરવાનું છે. આપણે હજી આખા હિંદના લોકોથી જૂદા પડી એક બાજુએ રહેવાની પડેલી પ્રથાને દૂર કરી આપણા ભાઇઓને વિશાળ દૃષ્ટિના બનાવવાના છે. આપણે હજી યુરોપ— અમેરીકા અને જૅપાનમાં માંસાહારનો ત્યાગ કરાવવા મથતા કેટલાક દયાળુ અને ' ગોરા ' ઓ સાથે મળીને એ મહાન ઉપકારી પ્રયાસ કરવાનો છે, કે જેથી કરીને તે બુદ્ધિશાળી લોકો માંસાહાર છોડી આત્મા શુદ્ધ કરી શકે તો ખરો ધર્મ પામવાને લાયક બને. આપણે હજી જૈન સાહિત્ય ખીલવવાનું મહાભારત કામ કરવાનું છે.

આ આપણું લક્ષ્ય બિંદુ છે. આ આપણે કરવાનાં ઘણાં કામોની ટુંકી ' ટીપ ' છે. આ આપણે માથે થયેલું દેવું છે. એ દેવું ભરવા કયો શાહુકાર આગળ આવે છે તે હવે જોવાનું છે. વીરના સાચા પુત્રો કદી દેવું ચુકવા બધી આનાકાની કરશેજ નહિ. દેવું ' સહીયારૂં ' છે; કાંઇ કૉન્ફરન્સના ત્હમોએ નીમેલા ૫—૨૫ કાર્યવાહકોજ તે દેવું ચુકવી શકે એવી આશા રાખશો નહિ. દરેક સાધુ, દરેક સાધ્વી, દરેક શ્રાવક અને દરેક શ્રાવિકાના શિરપર આ દેવું છે. દરેકે પોતપોતાનો ફાળો ભરવાનો છે. સાધુએ સંસાર છોડયો પણ કાંઇ વીરનો ખજાનો છોડયો નથી; અને એ વીરનો ખજાનો ( શાસ્ત્રોનો વારસો ) લેવા છતાં દેવું ચુકવવા આનાકાની કરે એવા કોઇ સાધુ હોય એમ આપણે માની શકીશું શું ? ફરજ, કર્ત્તવ્ય, વ્રત જે કહો તે એકજ વાત છે. વ્રત ભાંગે તે દોષિત, કર્ત્તવ્ય ન કરે તે દોષિત, ફરજ ચૂકે તે દોષિત. અરે વીરના શાસનમાં સ્ત્રીને પણ દફતરમાં નોંધી છે. એને પણ મોક્ષનો હક્ક છે. એને શાસ્ત્રોરૂપી વારસાનો હક્ક આપ્યો છે. એટલે બધો આપણો ધર્મ ઉદાર વૃત્તિવાળો છે; તો શું તે સ્ત્રીઓના હક્કો આપવાની ના નહિ કહેનારા પ્રભુ તે સ્ત્રી વર્ગને માથે ફરજ મુકયા વગર કહી શકે ?

## દરેક શ્રાવિકાની ફરજ.

પારણામાં ઝુલતા બાળકને મરદ બનાવનાર હે શ્રાવિકાઓ ! તે બાળકને સંઘ સેવાનો પાઠ શીખવજો. કેસર—સાકર સાથે દુધલડાં પાનારી હે માતાઓ ! તે દુધમાં થોડીક 'ભાવના' પણ ચોળી નાખજો કે "આ બાળક આ દૂધ પીને ક્ષત્રી પુત્ર મહાવીરના લશ્કરમાં આ કેશર જેવા કેશરીઆ કરવાને સમર્થ થાઓ ! જે ગાયે આ દૂધ આ બાળકને માટે આપ્યું છે તે ગાયના જેવો આત્મભોગનો ગુણ આ દૂધ દ્વારા આ બાળકમાં વાસ કરો !" માતાઓ ! ત્હમારા બાળકને **બીજા** દેવ—દેવલાંની પૂજા કરતાં ન શીખવતાં કૉન્ફરન્સ દેવીની પૂજા કરવાનું શીખવજો. એ દેવીના ગુણગ્રામ ત્હેની પાસે કરજો. ઉપર કહેવાઇ ગયેલા તે દેવીના ગુણોમાં પ્રેમ કરવાનું ત્હેને શીખવજો, કે જેથી તે ૧૫—૧૭ વર્ષનો નીશાળીઓ થાય ત્હારે વધુ નહિ તો અજ્ઞાન લોકોને કૉન્ફરન્સ પ્રત્યે પ્રીતિ કરવાનો ઉપદેશ કરી શકશે અને પાવલા ફંડ પોતાના સગાનાં ઘરોથી 'છુટી' ના દિવસોમાં ઉઘરાવી એકઠું કરશે. ત્હમે જે ખીસ્સા ખર્ચ ત્હેને આપો ત્હેમાંથી કાંઇક કાંઇક બચાવી "કોન્ફરન્સમાં નિરાધાર સ્વધર્મીઓને માટે તે પાઇઓ મોકલી આપ, બેટા !" એવું કહેજો અને એ રીતે ધર્મના સંસ્કાર ત્હેમને આપજો. સંસ્કાર કાંઇ મંત્રોથી આવતા નથી કે દોરાના ટુકડાથી આવતા નથી કે ક્રિયાઓથી આવતા નથી. આવા ઉપદેશથીજ સારા સંસ્કાર બેસશે. અને **સંસ્કારી** છોકરા મ્હોટા થઇ **વ્યાપારી** બનશે તો હજારો રૂપીઆ રળી રળીને ધર્મસેવામાં ખર્ચશે; **અમલદાર** બનશે તો ધર્મનો મહીમા વધારશે અને ધર્મ સંકટો દૂર કરવામાં સ્હાય કરશે; **વિદ્વાનો** બનશે તો દરરોજ અમુક વખત ફાજલ પાડી જ્ઞાન પ્રચાર માટે માનાધિકારી તરીકે કામ ઉપાડશે.

અને ઓ બ્હેનો ! ત્હમે ત્હમારા પોતાના હાથે પણ કાંઇક કાંઇક સખાવત કૉન્ફરન્સનાં આટલાં બધાં ખાતાઓ પૈકી જે ત્હમને રૂચે તેમાં કરજો. ત્હમારી **એક રૂપીઆની** સખાવત જોઈ શરમાઇને મરદો **સો** રૂપીઆ આપશે, અને એના પુણ્યમાં ત્હમને **દલાલી** મળશે. ત્હમે મરદોને ઉશ્કેરનારા, શીખવનારા અને 'મરદ બનાવનારા' છો; ત્હમે ધારો તો ત્હમારા આખા ઘરને કૉન્ફરન્સ દેવીના ભક્ત બનાવી શકો. ત્હમે એક 'ગુરૂ' જેટલું બલ્કે વધારે કામ કરી શકો. ખાસ કરીને **સંવત્સરી** (ભાદરવા શુદી ૪—૫), **મહાવીર જયન્તી** (ચૈત્ર શુદી ૧૩) તથા **દીવાળી** એ ત્રણ તેહેવારોમાં તો ત્હમારે કાંઇ નહિ ને કાંઇક ભેટણું કૉન્ફરન્સ દેવીને મોકલાવવું જ જોઇએ. ત્હમારી આટલી વાત ત્હમારા પતિ કદી નામંજુર ન કરી શકે. ત્હમે આ દિવસોમાં જે બીજું ખર્ચ કરો—કરાવો છો **ત્હેના પ્રમાણમાં** આ કામ ઘણું ઉત્તમ છે, તે યાદ રાખી હર સાલ આ ત્રણ દિવસોમાં ૧૦૦—૫૦—૨૫—૧૦ તે નહિ તો રૂ. ૧) પણ—અરે ત્હમે પૂર્વ કર્મને લીધે ગરીબ હો તો રૂ. ૦। પણ એ તેહેવારોમાં જરૂર મોકલજો, કે જેથી **ઘણી પાવલીઓ મળીને** હજારો રૂપીઆ થશે અને ત્હમારાં ભોગાંતરાયી કર્મ ટૂટશે અને ત્હમે વધુ સારા દિવસો જોવા પામશો.

## સાધ્વીજીઓ ઘણું કરી શકે.

આ કામમાં સાધ્વીજીઓ શ્રાવિકાઓને ઉપદેશ કરી કરીને કૉન્ફરન્સને ઘણી ઉપયોગી થઇ પડે. એમનો ઉપદેશ ઘણી શ્રાવિકાઓ સાંભળે છે. કેટલીક જગાએ તો સંવ-

ત્સરી પ્રતિક્રમણ પછી જીવ દયાનાં ફંડ સ્ત્રીઓ કરે છે. તો આવાં કામમાં ભાગ લેવાનો ઉપદેશ આર્યાઓ—ગુરૂણીજીઓ પોતાની શ્રાવિકાઓને કેમ ન કરી શકે ?

## અને પેલા શ્રાવકો ?

અને પેલા શ્રાવકો ? હા, હું ત્હેમને ભૂલીજ ગયો હતો. તેઓ આજ સુધીમાં જે ઠંડાપણું બતાવતા આવ્યા છે ત્હેને લીધે તેઓ મ્હને સાધ્વીઓ, શ્રાવિકાઓ અને બાળકો બધાની વાતો થઇ ગઇ ત્યહાં સુધી પણ યાદ આવ્યા નહોતા. ' દીલભર દીલ છે. ' જે શ્રીમંતોએ દશ બાર વર્ષ સુધી કૉન્ફરન્સને યાદ પણ કરી નથી, જે વિદ્વાનોએ દશ બાર વર્ષ સુધી કૉન્ફરન્સથી આભડ છેટજ માની છે, તે મ્હને એકદમ કેમ કરી યાદ આવે ? પણ હા, હવે યાદ આવે છે, અને કેમ ન આવે ? તેઓ પર અમારો આખો આધાર છે. એકના પૈસા અને બીજાની વિદ્યા વડેજ અમારે તરવાનું છે. બન્નેનાં મ્હેણાં અને વાંધા માત્ર ત્યહાં સુધીજ છે કે જ્યહાં સુધી તેઓમાં કૉન્ફરન્સ સંબંધી ખરી સમજુત આવી નથી. આપણે હવે ત્હેમનાથીજ વાત કરવાની રહી છે આપણે એ બધાના મનના સંશયોનું લીસ્ટ અહીં રજુ કરીશું અને ત્હેનો રદીઓ આપી ત્હેમને અરજ કરીશું કે, રદીઓ આપીને કોઇને ' કેસ ' જીતી જવાનો **સ્વાર્થ** નથી. માટે પરમાર્થ ખાતર અપાતો રદીઓ ( with an unprejudiced mind ) સાંભળો અને તે પર મનન કરો.

( ૧ ) કેટલાક ભાઇઓ કહે છે કે, " કેળવણીની અત્યંત જરૂર હોવાથી સઘળી શક્તિ તે પાછળજ ખર્ચવી જોઇએ; ત્હેને બદલે ત્હમે કૉન્ફરન્સના આગેવાનો અમુક અમુક કામ કરો છો. " કોઇ કહે છે કે " જીવ દયા વગર બધાં કામો નકામાં નહિ તો નકામાં જેવાં છે. " કોઇ કહે છેઃ " સાધુની બાબતમાં હાથ ઘાલવોજ ન જોઇએ. " અને કોઈ કહે છેઃ " સાધુ સુધારા વગર બધુ ધુળ છે; માટે મક્કમ દીલના થઇ એ કામ પહેલાં હાથ ધરો. " કોઇ કહેશેઃ " કૉન્ફરન્સમાં ફંડ થવુંજ ન જોઇએ. " કોઇ કહે છે કે " ઉતારે ઉતારે જઇ રૂપીઆ લેવા જોઇએ. " આમ અનેક બાબતમાં અનેક મતો લોકો જણાવે છે, અને વધારે મત મળે એ વધારે ખુશ થવા જેવું છે; કારણ કે ઘણામાંથી પસંદગી **સારી** થઈ શકે. પરન્તુ દુઃખની વાત એ છે કે જે માણસની વાત મંજુર રખાતી નથી તે એમજ કહે છે કે " કૉન્ફરન્સ નકામી છે—ખોટે રસ્તે કામ કરે છે—એથી કાંઈ લીલું વળવાનું નથી. વગેરે, વગેરે. " ભાઇઓ ! કૉન્ફરન્સ તો માત્ર ઘડીઆળનો કાંટો છે: ત્હમે બધા યંત્રો છો. ત્હમે યંત્રો, જેમ ત્હેને ફેરવો, તેમ તે ફરે. અને ઘડીઆળના યંત્રો કાંઇ ' મરજી મુજબ ' ફરે છે ? ના, તે તો બધા સંપ કરીને મુકરર કરેલી ગતિએજ ફરે છે અને તે ગતિને તાબે થઇને કાંટા ટાઇમ આપે છે. ત્હમે બધા ભાઇઓને ગામ ગામ અને પ્રાંત પ્રાંતથી એકઠા કરી, ત્હેમાંથી પણ વગવાળા અને વિચારવંત પુરૂષોની સબજેક્ટસ કમીટી નીમીને જે વિચાર ત્હમે **ઘણે મતે** નક્કી કરોહો તેજ વિચાર **ઠરાવ** રૂપે બહાર પડે છે. બધાની બુદ્ધિ એક સરખી ન હોય. ત્હમને બીજાની બુદ્ધિ ભૂલ ભરેલી લાગતી હોય તો સબ્જેક્ટસ કમિટિમાં આવો, ઉંઘો નહિ, તેમ આડી અવળી વાતચીતમાં પણ લક્ષ રાખો નહિ; અને અપાતી સલાહો બરાબર સાંભળી પ્રસંગ આવ્યે ત્હમારી સલાહ સ્પષ્ટતાથી જાહેર કરો. ' મ્હારોજ કક્કો

ખરો કરવો છે. ' એવો ખ્યાલ ન રાખતાં ' મ્હારા મનની ઉત્તમ વાત આ બધાને સમજાવું તો મ્હારા પાંચ લાખ ભાઇઓને વધારે લાભ થોડી મહેનતે પહોંચી શકે. ' એવા ખ્યાલથી ત્હમારો વિચાર સર્વને સમજાવવા, થોડા પણ મુદ્દાસરના શબ્દોમાં, કોશીશ કરો. કદાચ અન્ય મહાશયો ત્હમારા મતને મળતા થશે. કદાચ તેઓ પોતાનો વિચાર બદલશે અને મત ગણતી વખતે ત્હમારી સલાહની તરફેણમાં ઘણા મત થવાથી તે વાત પસાર થશે, અને કદાપિ કોઇ લોકોની જક્ક ખાતર, કોઇની લાગવગના જોરથી, કે સંઘના કમનશીબે ત્હમારી ખરેખર હિતકર સલાહ પણ નકામી જાય તો ગુસ્સો ન કરશો. ત્હમને ' સામુદાયિક કર્મ ' ના સિદ્ધાંતમાં શ્રદ્ધા હોય તે ભવિતવ્યતા આગળ ખુદ ભગવાનનું પણ કાંઇ ચાલે નહિ એમ વિચાર કરી સહનશીલ બનો. ત્હમારી ફરજ માત્ર **એકાંતમાં વિચાર ગોઠવીને, જાહેરમાં તે વિચાર સમજાવવો** એટલીજ છે. પરિણામ ત્હમારા હાથમાં નથી. ત્હમે વ્યાપાર કરો છો ત્યહારે શું કરો છો ? ઘણીએ સારી યોજના ગોઠવો છો. છતાં ક્વચિત્ **નુકસાન** કેમ ખાઓ છો ? ત્હમારો **અધિકાર** માત્ર **ઉદ્યમ કરવાનો** હતો, **પરિણામ** ત્હમારા અધિકાર બહારની વાત છે.

જો સઘળા લોકો પોત પોતાનું જ ધાર્યું થયેલું જોવા ઇચ્છે તો કદી સંપ રહેશે ? કદી કાંઇ બની શકશે ? એ તો ઉલટો ' ખાણા ખરાબી ' નો રસ્તો !

આટલી ' **શ્રદ્ધા** ' નક્કી રાખજો કે ત્હમે ખરા દીલથી સલાહ આપતા હશો તો આજે નહિ ને બે વર્ષ પછી પણ તે સલાહનો અમલ થવાનો વખત આવશે. ત્હમે રદ ગયેલી ત્હમારી સલાહ પેપરો દ્વારા પ્રગટ કરો, પ્રસંગોપાત તે તરફ લોકોનું લક્ષ ખેંચવા દલીલો પ્રગટ કરો, એટલે **લોકમત** કેળવાશે અને ભવિષ્યની એકાદ બેઠકમાં ત્હમારી દરખાસ્ત તાલીઓના ગડગડાટ વચ્ચે પસાર થશે.

[ ૨ ] કેટલાક કેળવાયલા ભાઇઓ કહે છે [ અને કેળવાયલા ભાઇઓ અમારી આંખોના ' તારા ' છે, કારણ કે એમની બુદ્ધિવડે અમારે આગળ વધવાનું છે; અને શ્રીમંતો અમારા હાથ પગ છે ] કેળવાયલા ભાઇઓ કેટલાક કહે છે કે, **આમાં અમને કાંઇ આકર્ષક થતું નથી.** બરાબર છે; દેશદેશના સમર્થ વિદ્વાનો જેમાં છટાદાર ભાષણો કરતા હોય એવી નૅશનલ કૉન્ગ્રેસ **જોઇ આવ્યા પછી** આપણી શરૂઆતની કૉન્ફરન્સ ત્હમને **આકર્ષણ** કેવી રીતે કરી શકે ? ત્હમે તો શું પણ અમે જ કહીએ છીએ ( જો કે જૂદા દૃષ્ટિબિંદુથી ) કે **મહાવીરની** પ્રષદાનો જે ઠાઠ હતો તે આગળ આપણી આ કૉન્ફરન્સ પાણી ભરે છે ! પણ તેવો શોક કરવાથી શું સાર્થક થશે ? **મહાવીરની** પ્રષદા કરતાં આ કૉન્ફરન્સ ઝાંખી હોય અગર ઇન્ડીઅન નેશનલ કૉન્ગ્રેસ કરતાં લુખ્ખીલચ્ચ હોય તે દોષ કોનો વારૂ ? **મહાવીરના** જેવા સમર્થ ઉપદેશક ક્યહાં છે ? અને નેશનલ કૉન્ગ્રેસના ગોખલે, **ફીરોજશાહ** કે સુરેન્દ્રનાથ આપણી કૉન્ફરન્સમાં ક્યહાં દીઠા ? ત્હમે ગ્રેજ્યુએટ થયેલા ન્હાના ગોખલે, ન્હાના ફીરોજશાહ અને ન્હાના સુરેન્દ્રનાથો પણ સ્વાર્થની સોડ તાણીને સૂતા છો તો પછી બીજાનું તો કહેવું જ શું ? હું પૂછું છું: " અમારી કૉન્ફરન્સ ઑફીસમાં **ગ્રૅજ્યુએટ** કાર્યવાહકો કેટલા છે ? ઑનરરી કે પગારદાર **ગ્રૅજ્યુએટ** ઉપદેશકો કેટલા છે ? " તો પછી આટલું જે કાંઇ આ કૉન્ફરન્સ કરી શકી છે તે ગ્રૅજ્યુએટોના અતડાપણાના પ્રમાણમાં તો ઘણું જ છે એમ કબુલ કરવા જેટલી સન્મતિ ત્હેમનામાં નથી શું ? અને આ ઑફીસ જો ત્હેમની **મદદ વગર** માત્ર જાહેરની

શુભ આશિષના પ્રતાપે આટલું કરી શકી છે તો હવે ગ્રૅજ્યુએટોની **મદદ સાથે તો** **ઘણુંજ** કરી શકશે, એમ માનવાની કોણ ના પાડી શકશે ? કૉન્ફરન્સે **સર્વ દેશીય** કામ ઉપાડયું છે. એ કાંઈ જીવદયા સાચવીને બેસી રહી નથી. કેળવણીનાં કામોને એણે પ્રાધાન્ય આપ્યું છે. પણ 'ગ્રૅજ્યુએટોનું મંડળ' બનાવીને સલાહ આપવાની દરકાર કોણ કરે છે ? ગ્રૅજ્યુએટો ઉપદેશનું કામ ઉઠાવે તો પણ કેટલું સારૂ ? ઑફિસે એકંદર **જૈન** વર્ગમાં સંપ અને એકતાના પ્રચાર માટે અત્યંત શ્રમ લીધો છે ગ્રૅજ્યુએટો આ કામમાં સામેલ થાય તો પણ ઘણું કરી શકે. જ્યહાં સુધી ગ્રૅજ્યુએટો અને કેળવાયલાઓ કુદરતે ત્હેમનાં 'પૂર્વ કર્મો' એ બક્ષેલો ( અને તે કારણથી **ત્હેમને માટે** શ્રેષ્ટ અને વધારે અનુકુળ ) 'સ્વાભાવિક કર્મ' જાણવામાં બેદરકાર રહી દૂરના દૂરજ નાસશે ત્યહાં સુધી ત્હેમને ઑફિસના કામનો અને મુશ્કેલીઓનો ખ્યાલ કેમ કરી આવી શકે ? રાજ્યપ્રપંચથી પણ કૉન્ફરન્સનું કામ મુશ્કેલ છે. '**રાજ સત્તા**' **વગર** પાંચ લાખ માણસો પર રાજ્ય કરવાનું કામ સ્હેલું નથી. એ કાંઇ માત્ર ભાષણ કે શબ્દનું કામ નથી; રેતીમાં વ્હાણ ચલાવવાનું છે. ઘણી બુદ્ધિ, અનુભવ, સહનશીલતા અને સમયસૂચકતાથી કામ લેવાય તો જ કાંઇક સેવા બની શકે. સેવા **થોડી** કે **આસ્તે આસ્તે** બજે તે માટે કાંઇ ચિંતા કરવાની નથી, પણ **સેવા** કરવા જતાં ઉલટું **ભંગાણ** પડે તે મહા ખેદજનક ગણાય. કોઇ વૈદ્યની દયાથી દરદી એકદમ સાજો ન થાય ત્હેની ચિંતા નહિ, પણ કોઇ ઉંટવૈદ્ય નેપાળાનો રેચ આપી ત્હેને ' જીવીઆઓ' વવરોવીઆ ' કરી ન નાંખે એ સહુ સાચવવાનું છે. પ્રમાદ, અંધશ્રદ્ધા વગેરે દુર્ગુણો ભયંકર છે પણ તે દુર્ગુણો દૂર કરવાનું કામ યુક્તિપુરઃસર થવું જોઇએ છે. માટે કેળવાયલા મિત્રો ! આવો; અમારા કામનો અભ્યાસ કરો; પાંચલાખ જૈનોના **સર્વદેશીય** ઉદ્ધારનો સવાલ વિચારો; અમારા સાથે હાથ સાથે હાથ મેળવી કામ કરી પાકો અનુભવ મેળવી તે અનુભવ વડે હિંદનાં—સ્વદેશ હિંદના એક પાંચ લાખ જેટલા ટુકડાને સુધારવા આત્મભોગ આપો અને નામ અમર કરો. ત્હમે પ્રાન્તિક સેક્રેટરી બનો; કેટલાકો ઑનરરી ઉપદેશક તરીકે ( રજાના દિવસોમાં ) કોઇ પ્રાંતમાં મુનિની માફક વિહાર કરી 'ઉપકાર' કરો; કેટલાકો **જૈન** સાહિત્યનો અભ્યાસ કરી ત્હેને ખીલવવાનો પ્રયાસ કરો; કેટલાકો કૉન્ફરન્સનું ચાર આના ફંડ પોતપોતાના ગામ ( કે જો બને તો પ્રાંત ) માંથી ઉઘરાવી મોકલવા કમર કસો; કેટલાકો મુંબઇ બોર્ડીંગ હાઉસ તથા કૉન્ફરન્સ ઑફિસમાં જઇ ત્હેના રીતભાતનો અભ્યાસ કરી ભૂલચૂક શોધી કહાડો અને તે સુધારવા સૂચના કરો; કેટલાકો બને તેટલા સ્વધર્મી ગરીબ યુવાનોને રાત્રે એક કલાક **મફત** ભણાવવાની 'રાત્રીશાળા' ચલાવો. આમ કૉન્ફરન્સને સ્હાયભૂત થાઓ આમ જીંદગી સફળ કરો. આપ તરો અને આપણા પાંચ લાખ **જૈન** ભાઇઓ જેટલા હિંદના એક ટુકડાનો ઉદ્ધાર કરો. દાદાભાઇ, ગેરીબલ્ડી, મેઝીની, વૉશીંગ્ટન, નેલ્સન વગેરે સ્વાત્મત્યાગીઓનાં જીવન ચરિત્ર વાંચતી વખતે ત્હમારાં હૃદયચક્ષુ ખરેખર ખુલ્લાં રાખ્યા હોય તો ત્હેમનું અનુકરણ કરી આત્મભોગ આપવા બહાર પડો.

(૩) કેટલાક કહે છે કે " અમને આગેવાન નથી બનાવતા માટે અમે કૉન્ફરન્સની વિરૂદ્ધ પડીશું." કોઇને આગળ ખુરશી નથી મળતી તેથી છણકે છે. આહાહા ! કેટલું બધું અજ્ઞાન ! કેટલી બધી પછાત દશા ! અને આ દશા છતાં ગ્રૅજ્યુએટ મિત્રો કહે છે કે " ત્હમે **એકદમ જળાહળા** નથી કરી દેતા માટે અમને ત્હમારૂં કામ પસંદ નથી !"

ભાઇરે ! ! અમે તો શું પણ અમારો દાદો મહાવીર આવે તો પણ આ વસ્તુ-સ્થિતિ કાંઇ બે ચાર વર્ષમાં પુરેપુરી સુધરી જાય નહિ. ધીરજથી અને ખંતથી (મીજાજ ગુમાવ્યા સિવાય) લોકમત કેળવો, ત્હેમને ખરી વાત સમજાવો. ત્હમારા હજાર શબ્દમાંનો એકાદ શબ્દ જ ત્હેમના કાને પડશે એટલા તેઓ પ્રમાદી અને બેદરકાર છે. માટે વારંવાર બોલ્યાં કરો, વારંવાર લખ્યાં કરો, વારંવાર થાળી પીટયા કરો અને એ બધાનું સંયુક્ત બળ જરૂર એક દિવસ ધારેલી અસર ઉત્પન્ન કરશે.

જે ભાઇઓ મ્હોટાઇ ન મળવા માટે વાંધો લે છે તેઓ તો બીચારા ઉલટી 'ખોટ' ખાય છે. એમને શું ખબર નહિ હોય કે મ્હોટાઇ ઘણી મોંઘી છે? દાખલા તરીકે કેટલાક મહાશયોએ પ્રાન્તિક સેક્રેટરીના હોદ્દાની મ્હોટાઇ લેતાં શું લીધી પણ હવે ત્હેમને પૂછો. કૉન્ફરન્સનો વાર્ષિક રિપૉર્ટ છપાવવો હતો તે વખતે દરેક કાર્યવાહકની પાસેથી ત્હેમણે કરેલા વાર્ષિક કામકાજનો રિપૉર્ટ મંગાવ્યો. કેટલાકે તો જવાબ જ ન આપ્યો અને કેટલાકે થોડું ઘણું લખી મોકલ્યું.

ભાઇઓ ! મ્હોટા હોદ્દાને લાયક કાંઇ કામ ન બને ત્યહારે ત્હેમને જે શરમ આવે ત્હેનો ત્હમને કાંઇ ખ્યાલ છે? જશ તો જાનગરો છે. ત્હમારા ઘરના છાપરાં તપાસો. ત્હેમાં જે વળીઓ હોય તો જુઓ કે એમાં અકેક ખીલો જ મારેલો છે પણ મોભને કેટલા ખીલા માર્યા છે તે ગણી જુઓ. અને **તે જોવા છતાં** ત્હમને જે મ્હોટાઇ લેવાની ઇચ્છા થતી હોય તો હું ત્હમને ધન્યવાદ આપું છું. મ્હોટાઇની કિંમત ભરવાની ત્હમને ઇચ્છા થાય તો તે માટે હરકોઇ માણસ ત્હમને શિરસા વંદન કરવાને બંધાયલો જ છે. ઘણી ખુશીથી આવો; આગળ ખુરશી લ્યો; મ્હોટાઇ લ્યો; સેક્રેટરીઓ બનો; બસો—પાંચસો—હજાર રૂપીઆની સખાવતો કરો; દરરોજના ૧-૨ કલાક કૉન્ફરન્સની સેવાના કામમાં અર્પણ કરો. ભલે ઉત્પન્ન થઇ એ સુમતિ! ધન્ય છે ત્હમારી એ મ્હોટાઇની ઇચ્છાને ! **એવી વ્યાજબી મ્હોટાઇ દરેકને ઉત્પન્ન થજો !**

( ૪ ) છેલ્લો સંશય સામાન્ય ભાઇઓ તરફનો છે. તેઓ કહે છે " અમે તો જાણતા નથી કે કૉન્ફરન્સ ઓફીસ શું કરે છે ? " ભલા, કૉન્ફરન્સ ઑફિસ પાસે એવા કેટલાક નોકર છે કે પાંચ લાખ જગાએ જઇ દરરોજ કૉન્ફરન્સની નવાજુની હકીકત સંભળાવી આવે! અને કદાચ એવી ૫૦૦૦૦ નોકર રાખવા જેટલી લક્ષ્મી આકાશમાંથી ઉતરી આવે તો પણ ત્હમને રોજ એ વાતો સાંભળવાની ફુરસદ મળશે ખરી ? ત્યહારે મ્હારા મહેરબાનો ! **દરેક બાબતમાં બીજાનો જ દોષ કહાડવો જવા દો** પોતાનો દોષ શોધી કહાડો અને સુધારો. કૉન્ફરન્સ તરફથી વાર્ષિક રીપૉર્ટો દરસાલ છપાય છે, ત્હેમાં ઑફિસનો હિસાબ, અને કામકાજ છપાવામાં આવે છે. તે વાંચો એટલે ત્હમને બધી માહેતી મળશે અને કૉન્ફરન્સનાં ભાષણો અને ઠરાવો જાણવા માટે એ મેળાવડાના હેવાલો હરસાલ '**જૈન** કૉન્ફરન્સ હૅરલ્ડ'માં પ્રગટ થાય છે તે વાંચો. એટલે 'ઘેર બેઠા ગંગા' નો લાભ લઇ શકશો. વળી કૉન્ફરન્સના ઉપદેશકો, કૉન્ફરન્સ ઓફીસને લગતી ખબરો અને જાહેરાતો વગેરે જાહેર વર્ત્તમાનપત્રોમાં છપાય છે તે ઑફીસીઅલ વિગતો **ફુરસદે** વાંચતા રહો. ત્હમને કોઇ ઘેર આવીને દરેક વાત કહેવા નવરૂં હોઇ શકે નહિ. કૉન્ફરન્સ એ ત્હમારૂં 'ઘર' છે. ઘરની વાત જાણવા કાળજી નહિ રાખો તો બીજા કોની વાત જાણવા કાળજી રાખશો ?

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના દરેક ખાતાના સાલવાર આંકડા.

| સંવત. | કૉન્ફરન્સ નિભાવ. | | સુકૃત ભંડાર. | | | કેળવણી. | | પુસ્તકોદ્ધાર. | | મંદિરોદ્ધાર. | | જીવદયા. | | નિરાશ્રિત. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આવક. | ખર્ચ. | આવક. | ખર્ચ. | આપ્યા. + | આવક. | ખર્ચ. | આવક. | ખર્ચ. | આવક. | ખર્ચ. | આવક. | ખર્ચ. | આવક. | ખર્ચ. |
| ૧૯૬૦ | ૧૪૯૧૬ | ૩૨૭૩ | ૪૧ | ૦ | ૦ | ૧૩૪૭૧ | ૪૫૫૪ | ૧૪૫૭૯ | ૭૨૧ | ૧૫૪૨૫ | ૪૦૭૧ | ૧૩૧૩૨ | ૨૩૮૫ | ૧૯૭૫૭ | ૯૯૭ |
| ૧૯૬૧ | ૧૪૫૨ | ૩૦૨૬ | ૪૧૬ | ૦ | ૦ | ૪૫૯૫ | ૩૮૦૧ | ૩૪૨૭ | ૧૩૭૧ | ૬૩૯૪ | ૨૧૦૩ | ૩૪૪૨ | ૧૦૭૮ | ૪૧૭૯ | ૪૩૭૬ |
| ૧૯૬૨ | ૧૫૭૯ | ૩૧૮૨ | ૧૦૦૭ | ૦ | ૦ | ૧૪૪૩ | ૬૫૩૮ | ૩૪૮૩ | ૨૧૨૭ | ૪૧૧૧ | ૧૦૪૬૩ | ૯૭૬ | ૨૬૮૬ | ૧૬૫૧ | ૪૩૧૭ |
| ૧૯૬૩ | ૫૭૬૮ | ૩૫૮૬ | ૪૪૨ | ૦ | ૦ | ૧૦૯૪ | ૪૬૨૮ | ૬૧૨ | ૧૭૬૨ | ૭૮૫ | ૧૧૯૬ | ૭૪૮ | ૧૪૯૨ | ૭૩૦ | ૨૮૯૩ |
| ૧૯૬૪ | ૧૩૭૯ | ૩૯૩૦ | ૭૮૫ | ૦ | ૦ | ૧૯૫૪ | ૪૩૧૫ | ૧૮૦ | ૧૦૩૮ | ૫૭૯ | ૯૫૭ | ૨૨૪ | ૨૨૫૩ | ૨૭૫ | ૫૧૨૩ |
| ૧૯૬૫ | ૫૦૧૩ | ૬૬૯૮ | ૨૩૫૯ | ૬૭૭ | ૩૨૦૦ | ૫૮૩૭ | ૪૧૩૨ | ૧૫૪૨ | ૧૦૫૪૭ | ૧૪૪૨ | ૬૨૪૭ | ૧૩૫૨ | ૪૬૮૧ | ૧૬૯૪ | ૬૫૭૩ |
| ૧૯૬૬ | ૨૦૯૦ | ૩૧૭૨ | ૩૫૯૦ | ૧૬૧૨ | ૩૧૨૩ | ૩૯૮ | ૭૭૫ | ૧૩૯ | ૧૦૦૪ | ૧૮૨ | ૪૧૧ | ૧૯૬ | ૮૭૬ | ૧૬૪ | ૨૫૦૦ |
| ૧૯૬૭ | ૨૪૪૮ | ૨૪૨૨ | ૨૯૩૫ | ૧૦૯૭ | ૧૭૦૦ | ૧૧૧૨ | ૧૧૬૧ | ૪૪૭ | ૯૦ | ૨૭૭ | ૨૭૯ | ૩૮૯ | ૧૩૨૨ | ૧૩૫ | ૧૧૫૩ |
| ૧૯૬૮ | ૮૮૪ | ૩૧૨૮ | ૩૨૮૨ | ૧૬૨૬ | ૧૭૭૫ | ૩ | ૧૧૦ | ૩૩૨ | ૪૩૬ | ૧૭૪ | ૪૧૨ | ૧૪૬ | ૧૮૪૯ | ૮ | ૮૮૨ |
| ૧૯૬૯ | ૧૧૨૫ | ૨૮૨૫ | ૩૨૩૧ | ૧૨૭૪ | ૧૮૯૪ | ૨૨ | ૩૦ | ૩૫૦ | ૪૫ | ૨૬૮ | ૪૮૩ | ૧૪૫ | ૫૧૦ | ૧૧૧૫ | ૬૧૧ |
| ૧૯૭૦ | ૮૭૮ | ૧૬૩૯ | ૨૮૭૯ | ૧૩૫૭ | ૧૫૭૮ | ૦ | ૩૦ | ૩૦૩ | ૬૨ | ૧૧૫ | ૪૫૬ | ૧૦૦ | ૪૭૬ | ૫૦ | ૬૩૪ |
| ૧૯૭૧ | ૧૮૮૪ | ૨૧૧૭ | ૪૩૬૫ | ૧૬૯૯ | ૨૬૦૦ | ૨૧૮ | ૭૩ | ૨૩૪ | ૩૦ | ૮૪ | ૪૮૬ | ૪૦ | ૫૬૯ | ૨૬ | ૩૭૦ |
| કુલ. | ૩૯૮૧૫ | ૩૮૯૯૮ | ૨૫૩૩૨ | ૯૩૪૨ | ૧૫૮૭૦ | ૩૦૧૪૭ | ૩૦૧૪૭ | ૨૫૬૨૮ | ૧૯૨૩૨ | ૨૯૮૩૬ | ૨૭૫૬૪ | ૨૦૯૩૦ | ૨૦૧૭૭ | ૨૯૭૮૪ | ૩૦૪૨૯ |
| બાકી. | ૮૧૭ | | ૧૨૦ | | | | | ૬૩૯૬ | | ૨૨૭૨ | | ૭૫૩ | | ૬૪૫ દેવા. | |

+ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપ્યાની રકમમાંથી કૉન્ફરન્સ નિભાવ ફંડમાં તથા અડધી રકમ એજ્યુકેશન બૉર્ડને આપવામાં આવી હતી.

## મ્હોટા ખર્ચને પહોંચી વળવા માટે શું કરવું ?

આ પ્રમાણે ખર્ચ મ્હોટું છે અને હજી ખર્ચ વધારવાની જરૂર છે; કારણ કે ઘણાં કામ માત્ર સાધનના અભાવે જ ઉપાડયાં નથી. આ બધા ખર્ચને પુગી વળવા માટે ૬ બાબતો પર પ્રજાવર્ગનું લક્ષ ખેંચવાની હું રજા લઇશ.

### ( ૧ ) ચાર આના ફંડ. ( સુકૃતભંડાર ફંડ )

'ટીપે ટીપે સરોવર ભરાય' એ ગૌરવવાળા વચન લક્ષમાં રાખીને આપણે ઠરાવ્યું હતું કે દરેક ગામમાંથી જણદીઠ **વર્ષે ચચ્ચાર આના** એકઠા કરવા અને તે પ્રમાણે થતી કુલ રકમનો ઉપયોગ હમણાં અર્ધો ભાગ કેળવણીમાં અને અર્ધોભાગ કૉન્ફરન્સ નિભાવમાં થાય છે.

આવાં ઉત્તમ કામો માટે માણસ દીઠ ચાર આના જ આપવા તે ગરીબમાં ગરીબ માણસને પણ ભારે પડે નહિ. દળણું દળીને પેટ ભરનારી ગરીબ બાઇ પણ મહીને ૩-૪ રૂપીઆના ખર્ચમાંથી પાવલું ખુશીથી બચાવી મોકલી શકે. એને મન એક પાવલું જ છે અને કૉન્ફરન્સને મન એ પાવલું '**લાખની પાણ**' છે. એક માણસ પાવલું ન આપે તેથી કૉન્ફરન્સને પાવલાનુંજ નહિ પણ સેંકડો રૂપીઆનું નુકસાન છે. પાવલાના દાન વડે આપણે '**દાન ગુણ**' નો અમૂલ્ય પાઠ શીખીએ છીએ; ભગવાને બતાવેલા ધર્મના ૪ ચાર રસ્તા ( દાન, શીલ, તપ અને ભાવના ) પૈકી ધોરી અને પહેલો રસ્તો શીખવા પામીએ છીએ. આપણા ધર્મમાં કશાં ખર્ચ છે નહિ તો આવાં ઉન્નતિનાં કામો માટે વર્ષે ફક્ત ચાર આના આપવામાં કોઇ સજ્જન આનાકાની કેમ કરે ? જેમને દરવર્ષે પાવલું આપવાની કડાકુટ પસંદ ન હોય તે એક વખતે ૨૫ વર્ષના રૂા. ૬ા મોકલી દે તો વળી વધારે સારૂ. દરેક ગામના સંઘ, યુવાનો અને કેળવાયલા ગૃહસ્થોને પાવલા ફંડની વસુલાત માટે પુરેપુરી કાળજી રાખવા અમારી આગ્રહયુક્ત વિનંતી છે.

### ( ૨ ) કૉન્ફરન્સ વખતે થતાં ફંડ

**(અ) ભરાઇ ગએલી રકમો પૈકી વસુલ બાકી:**—કૉન્ફરન્સ વખતે ઉમંગમાં આવીને જે જે મહાશયોએ મરજી મુજબ રકમો લખાવેલી તે માટે ત્હેમનો આભાર માનતી વખતે ખેદ સાથે ઇશારો કરવો પડે છે કે કેટલાક ભાઇઓ લખાવેલી રકમ માટે ૫-૧૦ વાર ઉઘરાણી થવાં છતાં રકમ મોકલી આપતા નથી, તે ઘણું અયોગ્ય કહેવાય. કહેલી રકમ તો હવે ધર્માદાની થઇ અને તે રકમ ઘરમાં રાખવી એ મહાદોષનું કારણ છે. આશા છે કે સુજ્ઞ મહાશયો જેવા ઉમંગથી રકમો નોંધાવી હતી તેવાજ ઉમંગથી તે રકમો મોકલી આપવા કૃપાવંત થશે.

**(બ) હવે પછી દરસાલ ફંડ કરવું કે કેમ ?:**—કેટલાકો કહે છે કે "કૉન્ફરન્સ વખત હરસાલ ફંડ થાય તે તો ઠીક નહિ. આપણામાં સખાવતોનો શોખ નવોજ દાખલ થયો છે તે જો ઉપરાઉપરી ખર્ચ કરવું પડશે તો કેટલાકો કૉન્ફરન્સમાં આવવું જ બંધ કરશે !" આ સલાહ છેક ખોટી નથી. પરન્તુ કૉન્ફરન્સમાં કોઇને કશી જાતનો **આગ્રહ** કરવામાં આવતો નથી. જેમની મરજી હોય તે જ આપે એવો રીવાજ છે. પણ જો આપણે **દાનનો ધર્મ** ભાઇઓના કાને જ ન નંખાય તો **અંતરાય કર્મ** બંધાય.

## ( ૩ ) શારદાપૂજન, મહાવીરજયંતી અને સંવત્સરી.

કૉન્ફરન્સ વખતના મ્હોટાં ફંડમાંથી અને ગામગામથી ઉઘરાવવામાં આવતા **ચાર આના ફંડમાંથી** જેટલી આવક કરી શકાય તેટલીજ આવક શારદાપૂજન, મહાવીરજયંતી અને સંવત્સરી એ ત્રણ તેહેવારોની ખુબીઓ આપણા ભાઇઓને બરાબર સમજાવવામાં આવે તો એ દિવસે થતા દાનમાંથી થઇ શકે. શારદાપૂજન એટલે ચોપડાના ખોખાની પૂજા નહિ પણ શારદા યાને જ્ઞાનની ભક્તિ. અને તે ભક્તિ સોપારી કે કંકુ ચોખાથી થઇ ગઇ માનનારાએ બરાબર સમજવું જોઇએ કે જ્ઞાનની ભક્તિ તો જ્ઞાનના સાધનરૂપ ધર્મગ્રંથો અને શિક્ષાગ્રંથોનો પ્રચાર કરવામાં, લાયબ્રેરીઓ સ્થાપવામાં, સ્કૂલો ખોલવામાં, ભણનારાઓને મદદ કરવામાં, અને ઉપદેશકો દ્વારા પ્રજાવર્ગને જ્ઞાન પમાડવામાં સમાયલી છે. માટે શારદાપૂજનને દિવસે ઓછામાં ઓછો એક રૂપીઓ ( અને વધુ, મરજી મુજબ, તથા પોતાની સ્થિતિના પ્રમાણમાં ) કૉન્ફરન્સ ઑફીસને મોકલી આપવાનું યાદ રાખવું જોઇએ. **મહાવીરે** જે શાસન પ્રવર્ત્તાવ્યું છે તે શાસનની ઉન્નતિનાં કામો કરવાં એજ એ જયંતી ઉજવવાનો શ્રેષ્ઠ રસ્તો છે. અને સંવત્સરીએ વર્ષનાં પાપો યાદ કરી કરી તે માટે પશ્ચાત્તાપ કરવાનો તથા કરેલા પાપોના દંડ તરીકે દાન-શીલ-તપ કે ભાવના એ ચારમાંનું એક અથવા વધુ કામ કરવાનો દિવસ છે. હવે જો કોઈ શખસ લક્ષ્મી જેવી ( શરીર સાથે સંબંધ **વગરની** ) ચીજપરનો થોડો મોહ ન ઉતારી શકે તો શીલ, તપ, અને ભાવનામાં તો શરીરનાં સુખ ભૂલવાનું, શરીરને કષ્ટ આપવાનું અને શરીરને છેકજ વોસીરાવી દેવાનું ( ભૂલી જવાનું ) અનુક્રમે સમાયલું છે તે તો ત્હેનાથી બને જ કેમ ? માટે બીજાં વ્રત પચ્ચખાણ બને તો કરવાં પણ **દાન** તો ( યથાશક્તિ ) એ ત્રણ પર્વમાં **જરૂર** કરવુંજ જોઇએ. દાન જેને તેને કરવા કરતાં કૉન્ફરન્સ ઑફીસને રકમ મોકલી આપવાથી લાખો રૂપીઆ એકઠા થવા પામશે અને તે વડે મહાભારત કામો થઇ શકશે.

## ( ૪ ) લગ્નાદિ પ્રસંગો.

લગ્ન પ્રસંગો દરેક માણસને ઘેર આવે છે. તેવે વખતે ગણેશ અને દેવીઓની પૂજા કરવાનું યાદ આવે અને કૉન્ફરન્સ જેવી હાજરાહજુર દેવી કે જે ત્હમારૂં બધાનું કલ્યાણ કરવા માટે પૃથ્વીપર વાસો કરી રહી છે ત્હેની પૂજા ભક્તિ ન થાય એ કેવું ખેદજનક ! દરેક સાચા જૈને ૫-૨૫-૧૦૦ રૂપીઆ એવે પ્રસંગે જરૂર કૉન્ફરન્સના હરકોઇ ખાતામાં મોકલી જ આપવા જોઇએ.

## ( ૫ ) ધર્માદા પેટી.

ઘર દીઠ, દુકાન દીઠ **કૉન્ફરન્સની ધર્માદા પેટી** રાખવી અને ત્હેમાં દરરોજ પૈસો કે પાઇ પણ નાખવાને પોતાના મનમાં દરેક ભાઇએ નિશ્ચય કરવો અને આવી પેટીઓની આવક દર દીવાળીએ કૉન્ફરન્સ ઑફીસપર મોકલી આપવા કૃપા કરવી.

## ( ૬ ) વ્યાપાર પર લાગો.

બની શકે તે શહેરોમાં વ્યાપાર ઉપર અમુક ટૅક્ષ ( કર અથવા લાગો ) કૉન્ફરન્સના હિતાર્થે નાખવાની યોજના તે શહેરના જૈન સંઘે કરવી.

કૉન્ફરન્સ રૂપી અગ્નિરથ ( ઍન્જીન ) ને ચલાવવા માટે જોઇતી 'સ્ટીમ' ઉત્પન્ન કરવાના આ રસ્તાઓ છે; અને તે રસ્તા તરફ લોકોનું લક્ષ ખેંચવાનુ કામ સંઘપતિ, પ્રાન્તિક સેક્રેટરી અને જનરલ સેક્રેટરીઓના હોદ્દા ધરાવનારા મહાશયોનું છે. ખરેખર હોદ્દેદારો પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપે તો જ આપણે કાંઇક પ્રગતિ કરી શકીએ. નામનો 'ગોળ' મ્હોં ગળ્યું કરે નહિ, એ વાત અમારા સંઘના આવા માનવંતા આગેવાનો સારી રીતે જાણતા હોવાથી જોખમદારી છોડી દેવાનું તેઓ કદી બોલી શકેજ નહિ. ભર્તૃહરી વ્યાજબી જ કહે છે:—

## " પ્રારબ્ધમુત્તમજના ન પરિત્યજન્તિ: "

### ઉત્તમ પુરૂષો પ્રારંભેલું કામ છોડતા નથીજ.

લડાઈમાં ઉતરવું નહિ અને ઉતર્યા તો અધવચથી નાશી છૂટવું એ કાયરતા તરફ દુનીઆ અપમાનની દૃષ્ટિ કરે છે. માટે એવા અપમાન કરતાં ઠેઠ સુધી યુદ્ધ ક્ષેત્ર (કૃત્તવ્ય ક્ષેત્ર) માં કાયમ રહી બહાદુરીથી લડી ( કામ કરી ) શત્રુઓને મારી ( સંઘની દુર્દશાને કાપી નાખી ) સંઘનો બચાવ કરવા સાથે પોતાને માટે વિજયમાળ જીતવી જોઇએ. સંઘના હિતચિંતકો ! પર્યુષણના શુભ દિવસોમાં તો જરા જંજાળ ઓછી કરો અને વિજયમાળ પ્રાપ્ત કરવા કમર કસો ?

### આ બધી અરજ કોના પ્રત્યે છે ?

હવે મ્હારે એકજ વાત કહેવાની છે અને પછી હું ત્હમને સર્વને ખમાવીશ; કારણ કે ખમાવવાના દિવસ **પહેલા** જ આ અરજ સર્વને ગુજારી લઉં છું. આ બધી અરજ કોના પ્રત્યે છે ? શું માત્ર કૉન્ફરન્સના જનરલ અને પ્રાન્તિક સેક્રેટરીઓ પ્રત્યેજ ? ના; ના; એમણે ત્હમારી સેવા માટે જોખમદારી સ્વીકારી એટલે શું ગુન્હો કર્યો કે ? એમણે એમને લાયક કામ કરવું જ જોઇએ અને તેથી પોતાની ફરજ તેઓ અદા કરશે જ; પરન્તુ તેથી ત્હમે સામાન્ય જનો બચી જવા માગો તે ચાલશે નાહ. ફરજ સૌને શિર સરખી છે. એક શ્રીમંત એક લાખ રૂપીઆ આપે અને એક ગરીબ એક રૂપીઓ આપે એ બન્ને સરખું છે; બન્ને કામોની કિંમત એક સરખી છે; માટે કર્ત્તવ્યની જોખમદારી બન્નેને શિર રહેલી છે. **દુનીઆમાં એવો કોઈ માણસ નથી કે જે કાંઈ નહિ તો કાંઈક પરોપકાર તો ન જ કરી શકે.** 'ત્હમે ૨૦૦—૫૦૦ રૂપીઆ ન આપી શકો તો છેવટે 'એક ચાર આના ફંડ' ના ચાર આના જ મોકલી આપો તો પણ ત્હમારી ફરજ તેટલે અંશે અદા કરી કહેવાશે. ત્હમે ગામોગામ ફરીને કૉન્ફરન્સની સવા ન બજાવી શકો તો ત્હમારા મિત્રો અને બીજાઓ સાથે વાત કરવાનો પ્રસંગ મળે ત્હારે બે અક્ષર કૉન્ફરન્સની સેવા માટે ત્હેને ઉત્સાહી કરવાના રૂપમાં બોલો તો પણ તે કર્ત્તવ્ય બજાવ્યા બરાબર જ છે. અને કદાપિ કોઇ માણસ ગરીબ અને રોગી હોવાથી પૈસો પણ ન ખર્ચી શકે તેમ તકલીફનું પણ કામ ન કરી શકે તેમ હોય તો પથારીમાં પડયા પડયા કૉન્ફરન્સના **ઉદયની ભાવના** જ ભાવે તો પણ ત્હેણે ફરજ બજાવી સમજાશે. બીજા શબ્દમાં કહું તો ગરીબ અને શ્રીમંત, ત્યાગી અને ભોગી, તંદુરસ્ત અને બીમાર, વિદ્વાન અને વ્યાપારી, નોકરીઆત અને સ્વતંત્ર જનો દરેક માણસ કૉન્ફરન્સની સેવા બજાવવાને સમર્થ

છે, માત્ર ત્હેણે હ્રદય શુદ્ધ કરવું જોઇએ! માત્ર ત્હેણે કૉન્ફરન્સના ઉદયમાં પોતાનો સ્વાર્થ સમાયલો છે એવી શ્રદ્ધા-પ્રરૂપણા રાખવી જોઈએ! માત્ર ત્હેણે સ્વાર્થના સ્વપ્નને માનવાની ના પાડવાની હિંમત ધરવી જોઇએ.

આપણાં બારે વ્રતોમાં આત્મભોગનો સિદ્ધાંત પ્રકાશી રહ્યો છે એ ત્હેણે સમજવો જોઇએ. અને ભગવાનની આજ્ઞા માથે ચડાવીને ભગવાનના શાસનની કીર્તિ વધારવાના આ કામમાં તન-મન-ધનથી મદદ આપવા કટીબદ્ધ થવું જોઇએ. વીરના સાચા ભકતો! પર્યુષણ જેવા વીરની ભક્તિના પવિત્ર દિવસોમાં ત્હમને કટીબદ્ધ થવું ગમશે? કહો કે: 'હા' એટલે શ્રી વીર ત્હમારામાં વજ્રનું બળ ગુપચુપ મુકી દેશે! એ બળ વડે ત્હમે ત્હમારૂં અને વીર-શાસનનું હિત સ્હેલાઇથી સાધી શકશો ત્હમે 'પાત્ર' બનો; દેવો ત્હમારા અંગોરૂપી સંચામાં પોતાની શક્તિરૂપી સ્ટીમ મૂકીને જગદુદ્ધારનું કામ બજાવેશે. ત્હમે દેવોના સંચા થવાને કબુલ થાઓ

**સમયધર્મ.**

---

# इतिहास-सहित्य अंक संबंधे अभिप्रायो.

આપનો **ઇતિહાસ અંક** જોઇ આપની શ્રમ સ્વીકારવાની શક્તિ માટે મને બહુ આશ્ચર્ય થયું છે. ઇતિહાસ જેવા શૂષ્ક લાગતા વિષયમાં, ધંધાની જોખમદારી ઉપરાંત, રસ સાચવી રાખવો અને પાછો સમાજને માટે તે લિપિબધ્ધ કરવો એ બહુ કઠિન કાર્ય છે. તેમાં પણ ઘણાં ખરાં લેખો તો **તંત્રી**ની મ્હોર વાળા છે. હવે, મેં અથવા અમે તો **જૈન** સાહિત્ય સેવાથી હાથજ ધોઈ નાંખ્યા છે અને એટલા માટે જો કોઇ **જૈન** સામયિક પત્રમાં ન લખાતું હોય તો તે ક્ષંતવ્ય ગણશો. આપની કૂશળતા ઇચ્છુ છું. આપનો ઇતિહાસ અંક **જૈન** ઇતિહાસની સાઇકલોપીડીયાની ગરજ સારે તેવો છે. તેમાં વરાહમિહિર **જૈન** હતા એવો ક્યાંઇ ઉલ્લેખ હોય તો મને જણાવશો?

લીંબડી ૭ મી અકટો. ૧૫. **સુશીલ.**

I heartily thank you for the excellent number of the conference Herald that is full of historical informati n. This time the work is done very ably and I wish you every success in such excellent undertakings. I know I cannot sufficiently thank you.

Ahmedabad 9-10-15.

Keshavlal Premchand Mody B. A. L L. B.

**"જૈન વે. કોન્ફરન્સ હેરૅલ્ડ" ખાસ અંક.** મુંબઇથી પ્રકટ થતા આ માસિકે ચારે અંક બંધ રાખી આ **જૈન ઇતિહાસ-સાહિત્ય**નો મોટો ખાસ અંક આશરે ૩૨૫ પૃષ્ઠનો પ્રકટ કર્યો છે, જેમાં **જૈન** ઇતિહાસ અને પ્રાચીન **જૈન** સાહિત્ય વિષયના હિંદી

ગુજરાતી અને અંગ્રેજી ભાષાના આશરે ૪૦ લેખો તેમજ ૮ ચિત્રો છે. "**જૈન** શાકટાયન" અને દિગંબર "સંપ્રદાયકે સંઘ" એ હિંદી લેખો શ્રીયુત નાથુરામજી પ્રેમીના પણ વાંચવા લાયક છે. એકંદરે આ ખાસ અંક **જૈન** ઇતિહાસ અને સાહિત્ય ઉપર વિશેષ અજવાળું પાડે છે. આવો અંક દરેક **જૈન** બંધુઓ વાંચવાની અને સંગ્રહ કરી રાખવાની જરૂર છે. એના લેખો સંગ્રહ કરવા પાછળ એના તંત્રી શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ બી. એ. એલ. એલ. બી. એ જે પ્રયાસ સેવ્યો છે. તે અતિશય પ્રશંસાપાત્ર છે. આ માસિકના ગ્રાહકોને તો આ ગંજાવર પોથો મફત મળે છે. જ્યારે છૂટક મૂલ્ય બાર આના છે. મળવાનું સ્થળ શ્વે. જૈન કોન્ફરન્સ ઓફીસ પાયધુની મુંબઇ,

**દિગંબર જૈન.** વર્ષ ૮ અંક-૧૨

**श्री जैन श्वेतांवर कॉनफरन्स हॅरल्ड**-આ પત્રના જુલાઇથી અકટોમ્બર સુધીના ચાર અંક એકત્ર કરી સચિત્ર જૈન ઇતિહાસ-સાહિત્યના અંક તરિકે પ્રકટ કરવામાં આવ્યા છે, એમાંના લગભગ સઘળાજ લેખ જાણવા જેવા છે. ખાસ કરીને રા. ગોકુલભાઇ નાનજી ગાંધીએ "બૌદ્ધ—જૈન મતની વૈદિક મત સાથે તુલના" લેખ લખ્યો છે તે તરફ વાંચનારનું લક્ષ ખેંચી જણાવીએ છીએ કે તેમનીજ પેઠે જૂદા જૂદા ધર્મોનું મળતાપણું શોધી સમગ્ર ધર્મો વચ્ચેનું અંતર દૂર કરવા યત્ન કરવો એજ હિતાવહ છે. જે ભિન્નભિન્ન ધર્મોના અંતિગ સિદ્ધાનો સરખાજ જણાય છે તેમની વચ્ચે જે વિરોધ તે પણ ન્યાયને અનુસરીને દૂર કરી શકાય અને ભિન્નભિન્ન આચારોની પણ એકવાકયતા સમજાવી શકાય. એક બીજાના ધર્મને નિન્દીને સ્વમાન્યતાને મોટી કહેવરાવવા કરતાં રા. ગોકળભાઇની પદ્ધતિ અમને વધારે સારી લાગે છે.

**કેળવણી.** પૃ. ૨૮ અં ૪

**કોન્ફરન્સ હેરૅલ્ડનો પર્યુષણનો ખાસ અંક**-શ્વેતાંબર જૈન કોન્ફરન્સ તરફથી પ્રકટ થતા માસિક "કોન્ફરન્સ હેરલ્ડ પર્યુષણનો એક મોટો ગંજાવર અંક પ્રસિદ્ધ કર્યો છે. કોન્ફરન્સ હેરલ્ડ દર વર્ષે પર્યુષણનો ખાસ અંક પ્રગટ કરે છે. અને તેમાં ઐતિહાસિક સામગ્રીઓ એકઠી કરે છે. તેમની આ પ્રણાલી ઘણીજ વખાણવા લાયક છે. **જૈન** કોમના લોકો એતિહાસિક બીનાઓ બહુ ઓછા રસથી વાંચે છે. છતાં જે પ્રયાસ કરવામાં આવે છે, તે આવકારદાયક છે. આજની યુનિવર્સિટીમાંથી બહાર નીકળતા પદવીધર યુવાનો **જૈન** સાહિત્ય તરફ જે બેદરકારી બતાવતા જોવામાં આવે છે તેવા સમયમાં શ્રીયુત મોહનલાલભાઇ જેવા એક વિદ્વાન ગ્રેજ્યુએટ **જૈન** સાહિત્યને પ્રકાશમાં લાવવાને પોતાના અત્યંત પ્રવૃત્તિમય ધંધામાંથી નિવૃત્તિ મેળવી શ્રમ લે છે તેને માટે **જૈન** કોમ ઋણી છે. અન્ય યુનિવર્સિટીમાંથી બહાર નીકળતા જૈન યુવાનો **જૈન** કોમ તરફથી પ્રગટ થતા પત્રોમાં લેખો લખવામાં ઉણપ માને છે; એટલુંજ નહિ પણ તે પત્રો વાંચવામાં પણ તિરસ્કારવૃત્તિ ધરાવે છે. એવા સમયમાં શ્રીયુત મોહનલાલભાઇએ હેરેલ્ડની ઓનરરી સાહિત્ય સેવા સ્વીકારી **જૈન** સાહિત્ય ખીલવવા જે પ્રયાસ કરેલ છે તે

બીજા જૈન ગ્રેજ્યુએટસ બંધુઓએ તેમનું અનુકરણ કરવું ઘટે છે અંક એમે આદ્યંત વાંચી ગયા છીએ. દોષ દૃષ્ટિથી જોતાં કેટલોક ભાગ ટીકા કરવા જેવો છે, પણ તેમાં દોષો કરતાં સાર ગ્રહણ કરવાનું અમને બહુ મળ્યું છે. અંક મનોહર અને સંગ્રહ કરવા જેવો છે.

આદર્શ જીવન. પુ. ૧ અ-૨

# સ્વીકાર અને સમાલોચના.

**जैनेंद्र प्रक्रिया ( उत्तरार्द्ध )**—આ ગ્રંથ સનાતન જૈન ગ્રંથમાલાનો ૧૨ મો મણકો છે. સંસ્કૃત વ્યાકરણ વિષયે આ અપૂર્વ ગ્રંથ છે. તે આચાર્ય ગુણનંદિ વિરચિત છે, અને તેના પર અનેક ટીકાઓ અને ભાષ્યો મહાવિદ્વાન્ આચાર્યોએ લખેલાં છે એ પરથી આ વ્યાકરણનું મુલ્ય આંકી શકાય તેમ છે. પૂર્વાર્દ્ધની સમાલોચના અમે લઈ ચૂકયા છીએ. મંત્રી. શ્રીયુત પન્નાલાલ બાકલીવાલનો પ્રયત્ન સ્તુત્ય અને ઉત્તેજનને યોગ્ય છે.

**शब्दानुशासन.** આ પણ ઉક્ત ગ્રંથમાલામાં ૧૧ મો મણકો અને વ્યાકરણ સંબંધી ગ્રંથ છે. મહર્ષિ શાકટાયન મહાન્ વૈયાકરણી થયા કે જેના સંબંધે ગત દળદાર ઇતિહાસના અંકમાં લંખાઇ ગયું છે. આમાં મૂળ સૂત્ર અને તે પર યક્ષવર્મ કૃત ચિંતામણી વૃત્તિ આપેલ છે. ગ્રંથ મહાન હોઇ આના અનેક વિભાગો થાય તેમ છે તે પૈકી આ પ્રથમ વિભાગ છે. શાકટાયન વિષયે પ્રો૰ પાઠકે ઇંડિયન એંટિક્વરીમાં એક લેખ પ્રકાશિત કરાવ્યો છે તેમાં તેમણે જૈન શાકટાયનને મહારાજ અમોઘવર્ષનો સમકાલીન જણાવેલ છે. આ સંબંધે કેટલાંક પ્રમાણો પણ આપ્યાં છે. અમોઘવૃત્તિ નામની ટીકા શાકટાયને પોતે બનાવી છે અને તેથી મહારાજ અમોઘ વર્ષનું નામ સ્મરણીય કર્યું છે. પ્રો૰ પાઠકનો વિશ્વાસ છે કે શાકટાયન શ્વેતાંબરી હતા. અંતમાં ગ્રંથમાલા કે જે વિધ વિધ જૈન સાહિત્યના અંગ પર-દર્શન, સિદ્ધાંત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, પૌરાણીક કાવ્ય, ગણિત જ્યોતિષ પર ગ્રંથો બહાર પાડે છે અને પાડશે તે અવશ્ય પ્રેમાદરને યોગ્ય છે અને ઇચ્છીએ છીએ કે આ અને આવી ગ્રંથમાલાઓ દીર્ઘાયુ રહો. સાથે અમે આ ગ્રંથમાલાના ઉત્સાહી મંત્રીને ભલામણ કરીએ છીએ કે ગ્રંથ પૂરો થાય ત્યારે ગ્રંથ અને ગ્રંથકાર સંબંધે સંસ્કૃતમાં જે ઉપોદ્‌ઘાત લખવામાં આવે છે તેના સાર કે ભાષાંતર રૂપે અંગ્રેજીમાં પણ ઉપોદ્‌ઘાત લખાવી મૂકી શકાય તો હિંદની બહાર પણ ગ્રંથોનો સારો ઉઠાવ અને ઉપયોગ થશે.

**श्रीमद् विजयानंद द्वात्रिंशिका**—આ બાર પાનાની રોયલ ૩૨ પેજી ફાર્મની નાની ચોપડી છે તેમાં મુનિ લબ્ધિવિજયે ૩૨ સંસ્કૃત છંદ બદ્ધ કાવ્ય શ્રીમદ આત્મારામજી-વિજયાનંદસૂરિની પ્રશંસા રૂપે રચેલ છે તે આપેલ છે. મૂલ્ય કંઇ નથી. દીલ્હી ઝવેરી સોહનલાલ વત્તનલાલે પ્રકાશિત કરેલ છે.

**जिनस्तोत्र भांडागार**—આમાં કેટલાંક સ્તોત્રો નાનાં નાનાં આપેલ છે શ્રીમતી ચંદનશ્રી આના સંગ્રાહિકા છે. જૈન આર્યાઓ ( ગરણીજીઓ ) ધીમે ધીમે આગળ વધી

સાહિત્ય પ્રેમ રાખી તેમાં અભ્યાસ રાખે અને શ્રાવિકાઓને ઉપદેશરૂપે જ્ઞાન દાન ધર્મ તેમને યોગ્ય માર્ગે ચડાવે તો સંઘના બંને અંગ કે જે ઘણાજ પછાત રહેલ ગણાય છે તે સુધરે, સમુચ્ચયે કોમનો ઉદ્ધાર થાય અને તત્ત્વજ્ઞાનનું રહસ્ય વિસ્તાર પામે. સંગ્રહ કરવામાં અપૂર્વ બુદ્ધિનો ખપ ન હોય છતાં તે કાર્યમાં સાહિત્ય પ્રેમ અને તેને અંગે ભક્તિની છાંટ તો અવશ્ય છે જ. શ્રી ચંદનશ્રી તથા અન્ય સાધ્વીઓ જૈન સ્ત્રી ઉપયોગી ધાર્મિક સાહિત્ય પ્રસારી શ્રાવિકાઓમાં રહેલ વહેમ, કુરિવાજ, અજ્ઞાન, અને મિથ્યા પ્રલાપ દૂર કરશે એમ અમે આશા રાખીએ છીએ. આની કિંમત ૨ આના છે. પ્રકાશક વચ્છાવત શેઠ હેમરાજ નેમીચંદ નલખેડાવાસી છે.

**મહાવીર જયંતિનો રિપોર્ટ**—મુંબઇ માંડવીમાં બે વર્ષ ઉપર જે ભારે દબદબાથી અને ઉત્સવપૂર્વક જયંતી થઇ હતી તેનો ટુંક રિપોર્ટ તેના ખર્ચ હિસાબ સાથે આપેલ છે. રિપોર્ટ સુંદર ઇબારતમાં લખાયેલ છે અને તે વાંચવાથી આવા ઉત્સવથી શું શું લાભ થાય છે તે સંબંધે નવીન વિચારો સ્ફુરે છે. આ જૈન ધાર્મિક ઉત્સવમાં પ્રમુખ તરીકે જૈનેતર વિદ્વાન (શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી) હોય એઓ ત્રણે સંપ્રદાય એકી વખતે પ્રભુના ગુણ ગાન કરવા એકઠા થાય એ ધ્યાન ખેંચનારા પ્રસંગો છે. એવીજ રીતે દરેક સ્થળે થતાં જૈન અને જૈનેતરના સમાગમમાંથી અને જૈનોના અરસ્પરસ સંસર્ગથી કંઈ નવીન પ્રોત્સાહ પ્રગટશે. આ વર્ષે પણ દરેક સ્થલે આવો અગર આના જેવો અગર સમય, પ્રસંગ અને વિષયને યોગ્ય ઉત્સવ કરી શ્રી મહાવીર પ્રભુના ગુણોનું ઉચ્ચ ભાન કરાવવા દરેક સમજુ જૈન પ્રયત્ન કરશે તો સમાજની પ્રગતિમાં વધારો થશે. આ કાર્યમાં ઉત્સાહ ભર્યો ભાગ લઇ જહેમત લેનાર માસ્તર કાનજીભાઇ તથા બુકસેલર મેઘજી હીરજીની સેવા ભૂલી શકાય તેમ નથી.

**જૈન હિતૈષી.** (૧૧-૧-૨) કાર્તિક માગશીર્ષ વીરાત્ ૨૪૪૧. [સંપાદક નાથૂરામ પ્રેમી] આ સાહિત્ય, ઇતિહાસ, સમાજ અને ધર્મ સંબંધી લેખોથી વિભૂષિત પત્ર જે રીતે ચલાવે છે તે તેમાં આવતા વિષયો તરફ દૃષ્ટિ ફેંકતાં તેમ અથાગ શ્રમશીલતા, વિદ્વત્તાની અને દૃષ્ટિવિશાળતા પૂરવાર કરે છે. સાપ્રદાયિક ક્લેશને રંચમાત્ર પણ અનુમોદન આપવામાં નથી આવતું એટલું જ નહિ પરંતું શ્વેતાંબરી પત્રોમાં જે કંઇ સારૂં હોય તેનો હિંદીમાં અનુવાદ કરી તે પ્રકટ કરે છે તેમજ અન્ય હકીકતો યથાર્થ સ્વરૂપમાં મૂકવામાં આંચકો ખાતા નથી.

આ ખાસ અંકમાં આવેલા દરેક વિષયો મનન કરવા યોગ્ય છે. ખોજ વિષયક લેખો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રાચીન મૈસુરકી એક ઝલક, મહાવીર સ્વામીના નિર્વાણ સમય (પ્રો. કાર્પેન્ટિયરના ઇડિયન એન્ટિકવરીમાં આવેલા Date of Mahaviar એ લેખમાલાનો અનુવાદ), જૈન નિર્વાણ સવંત્, જિનાચાર્યકા નિર્વાણ, પ્રાચીન ખોજ એમ મળી પાંચ ઐતિહાસિક લેખો આપવામાં આવ્યા છે આ ઉપરાંત રા. વાડિલાલના જૈન હિતેચ્છુના પર્યુષણ અંકમાંથી એક વિશાલ લેખના અંશમાંથી તપકા રહસ્ય એ ઉત્તમ તરીકે ગણી તેનો અનુવાદ મૂકવામાં આવેલ છે તે સિવાય સંપાદકીય નોંધમાં વિવિધ પ્રસંગો પર વિવેચન અને સહયોગીયોંકે વિચાર એ મથાળા નીચે જૂદા જૂદા જૈન

પત્રોમાંથી સારા સારા લેખોનો ભાવાર્થ આવેલ છે કે જે સંપાદક મહાશયના પરિશ્રમની વિશાલતા જણાવે છે. આ સિવાય જૈન શ્વેતાંબરીય પુસ્તક પ્રકાશક સંસ્થા નામે શેઠ દેવચંદ લાલચંદ પુસ્તકોદ્ધાર ફંડની સમાલોચના તથા અન્ય પુસ્તકોનો પરિચય પ્રેમમય ભાષામાં આપવા ઉપરાંત શેઠીજી નામના સ્વાત્મભોગી જૈન ગ્રેજ્યુએટ પર થયેલા અત્યાચાર પર જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચ્યું છે. અમે આ પત્રને હૃદયપૂર્વક વધાવીએ છીએ અને ઇચ્છીએ છીએ કે તેમાં જૈન શ્વેતાંબરીય ઇતિહાસનાં પ્રકરણો વધૂ છૂટથી સમાવેશ પામે. હમણાં જાન્યુઆરી ૧૯૧૬ થી આ પત્રમાં વિશાલ ફેરફાર કરવામાં આવશે એવું વચન સંપાદક મહાશયે આપ્યું છે તો દરેક જૈન બંધુ આ માસિકને ઉત્તેજન આપી, વાંચી, અભ્યાસી લાભ લેશે.

**દિગંબર જૈનનો ખાસ ( દિવાળી ) અંક**—ગત થતા વર્ષનો આ માસિકનો ૫૦ ચિત્રવાળો દળદાર અંક જોતાં પ્રથમદૃષ્ટિએ બાહ્ય સૌંદર્યથી યુકત અને અંતરંગ ગુણ–આત્માથી વિહિન લાગે છે. આવળનું ફુલ બહારથી મનોરમ્ય હોય છે, પરંતુ સુગંધ બિલકુલ નથી હોતી. આત્મા વગરનો ગમે તેવો રૂપવંતો દેહ હોય તે શું કામનો? આ રીતે આમાં છ ભાષામાં ( ગુજરાતી મરાઠી હિંદી સંસ્કૃતને પ્રાકૃત અને અંગ્રેજી ) લેખો છે. પરંતુ તેમાં ત્રણ કે ચાર લેખો મનનીય અને ધ્યાન ખેંચે તેવા છે, પરંતુ તેઓ પણ પોતાનું મૂલ્ય પડોશી લેખોના સમાગમથી ઝળકાવી શકયા નથી—મૂલ્ય દબાઈ ગયું છે પ્રાકૃત દૃષ્ટિએ આ અંક ગમે તેવો 'સરસ' એ શબ્દોથી ઓળખાવાય અન્ય માસિક પત્રો દળદાર અને ચિત્રો સહિત અંક જોઇ ઉપર ઉપરથી પણ અંતઃપટ ભેદ્યા વિના ગમે તેવા સુંદર અભિપ્રાય આપે પણ અમે તો બેધડક કહીશું કે આ પત્રના દર વર્ષે નીકળતા ખાસ અંકોમાં આ અંક વિષય અને વસ્તુની દૃષ્ટિએ ઉતરતો છે! સાથે એ પણ કહેવું જોઇશે કે અત્યાર સુધીમાં દરેક ખાસ અંક માટે પ્રાધાન્ય ધ્યાન ચિત્રો અને આડંબર પર આપવામાં આવ્યું છે, જ્યારે જેના ઉપર માસિકના ખરા મૂલ્યનો આધાર છે તે પર ધ્યાન પૂરતું આપ્યું નથી. ચિત્રોમાં પણ કઇકઇ વ્યક્તિઓ ચિત્રને લાયક છે તે તો સમજાયું નથી. હવે પછી તંત્રી મહાશય મી. કાપડીઆ પ્રથમ લક્ષ વસ્તુપર આપશે તોજ તેમના કાર્યની ગણના ઉત્તમ રીતે અંકાશે.

**શ્રાવિકા ધર્મ**–લે૦ શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહ. ૨૪ રોયલ સોલપેજી. મૂલ્ય એક આનો. પ્ર૦ રા. શકરાભાઇ મોતીલાલ શાહ ૨૫૩ નાગદેવી સ્ટ્રીટ મુંબઇ.] આની અંદર શ્રાવિકાને જાણવા અને પાલવા યોગ્ય સૂત્રો આપવામાં આવ્યાં છે. દરેક સૂત્ર એવું અર્થપૂર્ણ અને મનનીય છે કે તે પર ટીકા કરતાં સુલભ થાય તેમ છે. આ ઉપરાંત સર્વ સૂત્રોની ગુંથણી ક્રમપૂર્વક આપેલી છે એટલુંજ નહિ પરંતુ તેના વિષયવાર ભાગ પાડી નાંખવામાં આવ્યા છે. સમુચ્ચયે વિચાર કરતાં એક તત્ત્વદૃષ્ટાએ ધર્મની સંકુચિત દૃષ્ટિને દૂર મુકી વિશાળ અને વ્યાપક વ્યાખ્યાને વળગી સૂત્રોની ગુંથણી કરી હોય તેવું પ્રતીત થાય છે. આ પહેલાં એક જૈન ભગિની તરફથી 'નારીદર્પણમાં નીતિવાકય' એ નામની ચોપડી છપાઇ છે અને જેની ઘણી આવૃત્તિઓ થઇ છે તે કરતાં આ ચોપડીમાં નવીન પ્રકાશ, ઉંડી અને વિશાળ દૃષ્ટિ, વિચારપકવતા, અને અર્થગંભીરતા વિશેષ વિશેષ છે. અમે આનો વિજય ઇચ્છીએ છીએ અને દરેક કન્યા શાળામાં ચલાવવા ભલામણ

કરીએ છીએ કારણ કે સંપ્રદાયિક ભેદ બતાવતું એક પણ વાકય આમાં આવતું નથી. ખાત્રી છે કે આની અનેક આવૃત્તિઓ થાય, આ પછીની આવૃત્તિમાં હાલનાં ટાઇપ કરતાં મોટા ટાઇપ રાખવા માટે પ્રસિદ્ધકર્તાને ભલામણ કરીએ છીએ.

**पंच प्रतिक्रमणादसूत्राणि**—પ્ર૦ જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા કિંમત પઠનપાઠન પૃ. ૫૬૦ પાકું પુંઠું. ) આ મંડળ તરફથી અત્યાર સુધી બહાર પડેલા પ્રતિક્રમણની આવૃત્તિઓ કરતાં અલબત આ આવૃત્તિ ટાઇપમાં, સુંદરતામાં અને કંઇ નવીનતામાં ચડી જાય છે. ફુટનોટો ઘણી સારી આપવામાં આવી છે. વિશેષમાં આ મંડળની અગાઉની પ્રતિક્રમણની એક આવૃત્તિની જે સમાલોચના ગત વર્ષના એક અંકમાં લીધી છે તે પર ધ્યાન ખેંચીએ છીએ.

**મહાવીર જીવન વિસ્તાર**—લેખક શ્રીયુત સુશીલ પ્રયોજક—પરી ભીમજી હરજીવન પ્રકાશક મેસર્સ મેઘજી હીરજીની કુંપની મૂલ્ય. રૂ. ૧-૮-૦ અમે જ્યારે શ્રી મહાવીરનો સમય અને ધર્મ પ્રવર્તક તરીકે મહાવીર એ નામનો લેખ લખી આ માસિકના ગત વર્ષના પર્યુષણ સમયે કાઢેલા 'શ્રીમન્ મહાવીર 'અંક' માં પ્રસિદ્ધ કર્યો હતો ત્યારે આ પુસ્તક અપ્રસિદ્ધ હતું અને તેની સહાય લેવામાં આવી છે એવું સ્વીકાર કરી સ્પષ્ટ જણાવ્યું હતું કે "આ પુસ્તક જોકે નાનું થશે, પણ એવી સુરમ્ય, ચિત્તાકર્ષક, બોધપ્રદ અને શૌર્યાન્વિત ભાષા શૈલીમાં વિચાર પૂર્વક રા. સુશીલે રચ્યું છે કે તે એક વખત વાંચવા લીધું તો પડતું મૂકવું નજ ગમે એમ અમને તેની હસ્ત લિખિત પ્રત ને આ તક મળ્યા પછી છાતી ઠોકીને કહેવામાં કશો પણ બાધ આવતો નથી-"--આ લખ્યા પછી લગભગ એક વર્ષે આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે પણ તેની અંદર ચિત્રો તદ્દન નવીન અને કલ્પના મિશ્રિત મુકી તેનો પરિચય જૂદાજ રંગીન કાગળ પર કરાલી પાકા પુંઠામાં બહાર પાડવા માટે મેસર્સ મેઘજી હીરજી પોતાના સાહસ માટે મગરૂરી લઇ શકે તેમ છે. આ પુસ્તકમાં રા. સુશીલે જે વિચારો દર્શાવ્યા છે તે સર્વથી સહુ સંમત નહિ થઇ શકે છતાં તે જણાવવામાં પોતે કોઇ પણ અભિ નિવેશથી દોરાયા છે એવું તો તેઓમાંનો કોઇ પણ સજ્જન સ્વીકારી શકશે નહિ. રા. સુશિલ જૈન લેખકોમાં એક સ્વતંત્ર વિચારક, પ્રખર અધ્યાયી, અને નિડર લખનાર તરીકે પ્રસિદ્ધ થયેલા છે,છતાં જણાવવું પડે છે કે તે ઘણું થોડું લખે છે. પરંતુ તે જે કંઇ લખે છે તેમાં વિલક્ષણતા, પ્રતિભા ખાસ તરી વળે છે. તેમના લખેલા સંવાદો, આત્મા અને કર્મનો સંયોગાદિ તત્ત્વજ્ઞાનના લેખો તથા જે કંઇ તેમણે લખેલું હોય તે સર્વ એક પુસ્તકના આકારમાં બહાર પાડવાની વિનતિ આ પુસ્તકના પ્રકાશકને કરીશું કે જેથી ઘણું અજવાળું પડવાનો સંભવ છે. આ પત્રમાં રા. સુશીલે અંગ્રેજી માંજ બે ત્રણ લેખો લખી મોકલેલા તે પ્રસિદ્ધ થયા છે, તેથી રા. સુશીલના વિચારનો વધુ પરિચય ગુજરાતીમાં કરવા ઇચ્છતા જનોને આ પુસ્તક તેમજ હવે પછી જે જે નિકળે તે વાંચવા--મનન કરવાની ભલામણ કરીશું.

તંત્રી.

*The Central Jaina Publishing Aouse, Arrah Announcements*-We are extremely delighted to see that Babu Kumar Devendraprasad Jain the managing proprietor of the said institution is doing a work of sterling worth by publishing into English the Digambara and Swetambara Sacred books and General Literature to go by the name of 'Bibliotheca Indica' with the object of dispelling thereby notions regarding Jainism prevailing broadcast amongst the Oriental scholars and the public at large, and of enlightening the public upon the true principles of Jaina Philosephy and giving a correct idea ef the services rendered by the Jaina *Acharyas* by way of contributing amply to the Literature and Philosophy of the world. This noble institution has undertaken the publication of something and everything important of Jainism if funds are forthcoming; but at present it has made annouucements to publish some 20 works out of which the key of knowledge and Dravya Sangraha of Shri Nemi Chandra will be out within a month.

The key of knowledge is a unique publication containing over 1100 pages and is quite an original work written by Mr. Champatrai Jain Bar-at Law. The author is really to be congratulated on the publication of such a comprehensive work dealing with the main princlples of Jaina philosophy in comparision with those of other religions. Dravya Sangraha deals with Jaina metaphysics and cosmogony and is edited by Babu Sarat Chandra Ghosal M. A. B. L. who is the General Editor of the Sacred Books of the Jainas. It contains original text of Prakrita gathas with their Sanskrita renderings, transliteration, translation, notes and introduction, glossary of Jaina Technical words, appendices, diagrams and several important materials.

*The Six Dravyas of Jaina Philosophy, and Live and Let Live of Jaina Doctrine* ( Published by F. K. Lalana ) ( This is a small pamphlet written by our Brother Mr. Herbert Warren in an easy style expounding the true Jaina view of the universe, in which there are six realities or substances—*Jiva*,

*Dharma, Adharma, Akasha, Pudgala and Kala* Different systems of philosophy consider the Universe in different ways and give a list of principal substances, while Jaina view is distinguished by two distinguishing substances-*Dharma* and *Adharma*, which are in no philosophy found. They are misunderstood and hence mis-translated by the orient scholars as merit and demerit, while the true significance thereof is to quote the words of this booklet-" *Dharmastikaya* is that substance which is the accompanying cause of the motion of moving things and beings, while *Adharmastikya* is the accompanying cause of the stationary states of things and beings that are not moving or that are resting in the sense of not moving." The Doctrine of *Ahinsa* 'Live and let live' is also treated and Jaina view as to creation and God, Deva and siddha from Vyavahara and Nischaya standpoints, the Fall, Karma and reincarntion are shortly explained. We are sorry not to find the name of the author in this. We commend this book to every one desiring to understand the Jaina view.

**जैन प्रभात**—આ નામનું સચિત્ર માસિક હિંદીમાં શ્રીમતી માલવા દિગંબર જૈન પ્રાંતિક સભાના મુખપત્ર તરીકે શ્રીયુત સૂરજમલ જૈનના સંપાદકપણા નીચે નવ માસ થયાં નીકળવા લાગ્યું છે, દરેક અંકના વિષયો તપાસતાં જણાય છે કે તેની ચુંટણી ઘણી સારી થાય છે અને જૈન શ્વેતાંબર માસિકોમાં આવતા લેખો કરતાં દિગંબર માસિકોના લેખો ચડી જાય છે, એમ એકંદરે સ્વીકાર્યા વગર રહેવાતું નથી. આ માસિકનો ઉદય અને વિજય ઇચ્છીએ છીએ.

**અજારા પાર્શ્વનાથજી પંચતીર્થી મહાત્મ્ય અને જીર્ણોદ્ધારનો દ્વિતીય રિપોર્ટ**—યોજક રા. વકીલ મોરારજી રઘુભાઇ, ઉના—આ રિપોર્ટમાં અજાર ( અજપુર ), ઉના ( ઉન્નતપુર ), દેલવાડ ( દેવકુલપત્તન ), દીવ ( દ્વીપ ) અને કોડીનાર ( કુએરપુર ) એ પાંચ તીર્થો સંબંધે ઇતિહાસની વિગતો ભેગી કરી મુકી છે તેથી ઘણું ઘણું આ તીર્થો સંબંધે જાણવાનું મળે છે. ઇતિહાસ-રસિકને આ રિપોર્ટ ખાસ પાસે રાખવો ઘટે છે. વળી આમાં બધા ખર્ચનો વિગતવાર હિસાબ આપી તેની યોજના વ્યવસ્થિત થાય છે એવું બતાવ્યું છે. આ માટે રા. મોરારજીભાઇને ધન્યવાદ ઘટે છે. પોસ્ટ ટીકીટ મોકલવાથી રિપોર્ટ મફત મળે તેમ છે.

**કામ ઘટ કથા પ્રબંધ અથવા કામ કુંભ ( મંગલ કલશ )**—પ્ર૦ શ્રી જૈન યુવક મંડળ સાણંદ. લેખક મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી, આ મૂળ સંસ્કૃત કે પ્રાકૃત કામઘટ કથા પ્રબંધ પરથી લીધેલ છે. મૂળ કર્ત્તા કોણ છે, તે કયારે થયા વગેરે વાત કંઇ પણ પ્રસ્તાવનામાં જણાવી હત તો યોગ્ય હતું. મુખ્યપણે જિતારી રાજાને પાપનો પક્ષ

હોવાથી તેને પાપબુદ્ધિ, અને મતિસાગર મંત્રીને પુણ્યનો પક્ષ હોવાથી ધર્મબુદ્ધિ એ નામ આપી બંને વચ્ચે સંવાદ કરાવ્યો છે. મંત્રી ધર્મનો પક્ષ તાણી સર્વ ઋદ્ધિ સમૃદ્ધિ ધર્મનું ફળ જણાવે છે, પણ રાજાએ ખોટું ઠરાવી તેની બધી મિલ્કત લઇ લઇ પોતાના ધર્મથી દેશાંતરમાંથી ઋદ્ધિ લઈ આવવા કહે છે. મંત્રી તે પ્રમાણે કરે છે અને રાજા પછી પસ્તાવો પામી ધર્મનિષ્ટ થાય છે. આ ઉપદેશાત્મક ચોપડી વાંચવા જેવી છે.

**નવજીવન**—સચિત્ર હિંદી માસિક—તંત્રી પંડિત કેશવદેવ શાસ્ત્રી એમ. ડી–હમણાં ઇંદોરથી આ માસિક નીકળવા માંડયું છે. તંત્રી જો કે આર્ય સમાજી મહાશય છે છતાં તેમાં આર્ય સમાજના મંતવ્યોથી ઇતર તથા વિદ્વતા પૂર્ણ લેખો બીજા લેખકોના આવે છે એ ખાસ હર્ષદાયક બીના છે. આર્ય સમાજનો લાક્ષણિક જુસ્સો આ માસિકનાં નામમાં અને તેના લેખોમાં પણ પૂરો જણાઇ આવે છે. મુદ્રા લેખ પણ કદિ પશ્ચિમમાં સૂરજ ઉગે, મેરૂ ચળે, અગ્નિ ઠંડી થાય, પર્વતની શિલામાંથી કમલ ઉદ્ભવે તો પણ સજ્જનોનું ભાખેલું વાકય પુનરૂક્ત થતું નથી એ ભાવાર્થનો સંસ્કૃત શ્લોક છેઃ—

> **उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे ।**
> **प्रचलति यदि मेरुः शीततां याति वन्हिः ॥**
> **विकसति यदि पद्म पर्वताग्रे शिलायां ।**
> **न भवति पुनरुक्तं भाषितं सज्जनानां ॥**

પણ આર્ય સમાજનો દરેકનું ખંડન કરવાનો તોર આમાં દેખાતો નથી એ ઘણું ઇષ્ટ છે અને તે સમાજ સ્થાપના નિક્ષેપનો અનાદર કરે છે છતાં આમાં સાહિત્યના અંગરૂપ અને વિષયને પ્રતિપાદન કરવાના ઉત્તમ સાધનરૂપ એવાં ચિત્રો ઠીક પ્રમાણમાં દેખાવ દે છે એ પણ આનંદની બીના છે. આ માસિકનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

**ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ અહેવાલ બીજો**—પ્ર૦ ઑન. લલુભાઇ શામળદાસ તથા પ્રો૦ બલવંતરાય ક. ઠાકોર—આ વાંચતાં પરિષદે ઉપાડેલું સાર્વજનીક કામ માલૂમ પડે છે. હાથ ધરેલાં કામોમાંથી હિંદનું રાજ્ય બંધારણ, અને સ્વ. નવલરામ કૃત ઇંગ્રેજ લોકોનો સંક્ષિપ્ત ઇતિહાસ એ બે ગ્રંથો બહાર પડયા છે; બંકિમચંદ્ર કૃત રજનીનું ભાષાંતર છાપવા આપ્યું છે અને પ્રો૦ મેકડોનલ કૃત સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ એ ગ્રંથનું ભાષાંતર તૈયાર થયું છે તે થોડા વખતમાં તૈયાર થશે. ડ્યની ક્રોનોલૉજી, અને ઈંગ્લિશ બંધારણ એ બે ગ્રંથોનાં ભાષાંતર થયાં નથી, કહાનડદેનો ગ્રંથ વડોદરા કેળવણી ખાતાએ છપાવ્યો છે. મણિલાલ આદિ છ ગ્રંથકારોનાં લખાણોમાંથી શાલોપયોગી ભાગોની ચુંટણી પ્રો૦ ઠાકોરે કરવી સકારણ માંડીવાળી છે અને ઉત્તરાભ્યાસમાલાની યોજના હવે પછી તૈયાર થશે. આ પરથી જોઇ શકાશે કે પરિષદ્ કંઇ સંગીન કાર્ય કરતી જાય છે અને કરતી રહેશે. હિસાબ પણ યોગ્ય રીતે છપાયેલો છે તેથી ભંડોળ કમિટિની વ્યવસ્થા સારી રીતે સમજી શકાય છે.આવી રીતે દરેક પરિષદ્નો અહેવાલ વિગતવાર અને હિસાબ સાથે છપાતો રહેશે.

**બાલ આવશ્યક**—પ્ર૦ રા. ભવાનજી ડુંગરશી, મુળી અને રા. મોહનલાલ અમૃતલાલ, રાજકોટ) હાલમાં આવશ્યક એટલે હમેશ કરવાની જરૂરી ક્રિયા–પ્રતિક્રમણ થાય છે

તે ઘણું મોટું છે અને તેમાં રહેલા રહસ્યનું જાણપણું ઘણું ઓછું છે તેથી તે ટુંકું તેમજ તેમાં શું રહસ્ય છે તે સમજાવવા માટે એક પુસ્તકની જરૂર છે એમ રા. મોહનલાલ અમૃતલાલ રાજકોટવાળાનું માનવું હતું. એ ઉદ્દેશથી આ પુસ્તકની યોજના થઇ જણાય છે. આમાં સત્ય, અને યોગ એ મથાળાના બે લેખો તથા વીર પ્રભુનો ગૌતમ પ્રતિ તત્ત્વોપદેશ એ નામની આધ્યાત્મિક કવિતા રા. ગોકુળદાસ નાનજીભાઇએ લખેલ છે તે ખાસ વાંચી મનનીય છે. આ સિવાય તેમનું ભાવ આવશ્યક ૭ પ્રકારે વહેંચવામાં આવ્યું છે. ૧ સાવજ્જ જોગ વિરઇ ( સાવદ્યયોગ વિરતિ ), ઉકિત્તણા ( ઉત્કીર્ત્તના ), ૩ પડિવત્તિ ( પ્રતિપત્તિ–વંદન ), ૪ ખલિયસ્સનંદણા ( સંસ્કૃત શું છે તે જણાવ્યું નથી ), ૫ વણ તિગિચ્છ ( વ્રણ ચિકીત્સા ), ૬ ગુણ ધારણા. ત્યાર પછી જીંદગીનું બજેટ બાંધવા માટે ગૃહસ્થ ધર્મ વિસ્તારથી ગણાવી સંત ધર્મને ટુંકામાં લઇ જીવને ઉપદેશ અને મુમુક્ષુને બોધ એ પર બે કાવ્યો તથા વચનામૃતો આપી પુસ્તકની સમાપ્તિ કરવામાં આવી છે. આમાં અનુક્રમણિકા આપીજ નથી. વ્યુત્પત્તિમાં દોષો રહી ગયા છે જેવા કે વૃત્તિને બદલે વત્તિ, ચારિત્રને બદલે ચારીત્ર, આહારને બદલે અહાર વગેરે પ્રેસ દોષ લાગે છે. ભાવ આવશ્યકના દરેક પ્રકારનું સંસ્કૃત નામ આપવામાં આવ્યું હત તો ઉપયોગી થાત. એકંદરે આ પુસ્તક ખાસ મંગાવી વાંચી મનન કરી તેમાંથી યોગ્ય લાગે તે ગ્રહણ કરવા જેવું છે.

**કુવલયમાળા—ભાષાંતર.** પ્ર૦ જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર મૂ૦ આઠ આના–આમાં ક્રોધ, માન, માયા, લોભ ને મોહના કડવા વિપાકને દૃષ્ટાંત દ્વારા બોધ આપનાર કથા છે અને તે કથાદ્વારા ધર્મનો રસ ચાખનારાને ખાસ ઉપયોગી છે. આનો મૂલ ગ્રંથ પ્રાકૃતમાં શ્રી દાક્ષિણ્યચિન્હ સૂરિએ કર્યો હતો અને તે પરથી સંસ્કૃતમાં પરમાનંદસૂરિ શિષ્ય રત્નપ્રભસૂરિએ રચેલા અને પ્રદ્યુમ્નસૂરિએ શોધેલા ગદ્યપદ્યાત્મક ગ્રંથનું આ ગુજરાતી ભાષાંતર છે. પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે ઉકત રત્નપ્રભસૂરિ કયારે થયા? તેમજ તેમના બીજા ગ્રંથો છે કે નહિ વગેરે હકીકત ચોકસ થઇ શકલી નથી. પરંતુ આ સંબંધે જણાવવાનું કે જો પૂરી રીતે શોધ કરવામાં આવે તો અગર તેના શોધકની સહાય લેવામાં આવે તો તેના સંબંધી ઘણું મળી શકે તેમ છે. શોધ અને તેને અંગે થતા પરિશ્રમ વિના માત્ર વિજ્ઞપ્તિથી કંઇ સરતું નથી. આ કથા સાહિત્યમાં પ્રસિદ્ધ કથા છે તેથી તેના વિલાસી જનોને વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ.

**લગ્નાદિક શુભ પ્રસંગે ગવાતાં માંગળિક ગીતો**—સંગ્રહકર્ત્રી બ્હેન જશકુંવર કુંવરજી આણંદજી.) જૈન બહેનો આવો સંગ્રહ કરવાનો શોખ ધરાવી તેને એકઠો કરે એ ખરેખર આનંદ લેવા જેવી બીના છે. લગ્ન, માંડવો, વરઘોડો, પોંખણું, માયરૂં, ચોરી, અઘરણી વગેરે પ્રસંગે બોલાતાં લોકગીતનો સંગ્રહ સારો એકઠો કરવામાં આવ્યો છે અને આથી લોકગીતમાં ગર્ભિત રહેલા લોકરિવાજ, ચલનવલન વગેરેનો અભ્યાસ તેના ખાસ અભ્યાસી કરી શકે છે એટલુંજ નહિ પરંતુ પરંપરાથી કર્ણ [illegible] શીખાતાં ગીતો પુસ્તકદ્વારા પોતાની મેળે શીખવાનો પ્રસંગ [illegible] સ્ત્રીઓને મળશે. આ પ્રસંગનો લ્હાવો ગુજરાતી સ્ત્રીઓ લેશે એમ ઇચ્છીએ છીએ. બહેન જશકુંવરને તેમના આ પ્રયાસ માટે ધન્યવાદ આપીએ છીએ અને તેઓ આવા પ્રયાસો ચીવટથી કરતા રહેશે એવું વિનવી તેમને વિશેષ અભિનંદીએ છીએ. આ પુસ્તક તેમજ બીજાં આઠ

પુસ્તકો તે પુરતા પોસ્ટેજના ત્રણ આના મોકલવાથી રા. મોતિચંદ ગિરધર કાપડિયા સોલીસીટર મનહર બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઇ પાસેથી મફત ભેટ મળી શકશે.

**દયારામકૃત કાવ્ય મણિમાલા—ભા. ૧** [ સંશોધક જોશી છોટાલાલ (નાથજી ભાઇ ) ગિરજાશંકર, કવિશ્રીના શિષ્ય પુત્ર અને સંગ્રાહક અને પ્ર૦ નારાયણદાસ પરમાનંદદાસ શાહ, ડભોઇવાલા. કુંભાર ટુકડા ગિરગામ મુંબઇ. મૂલ્ય સવા રૂ૦ ] આમાં અત્યારસુધી અપ્રસિદ્ધ રહેલા પ્રસિદ્ધ કવિ દયારામનાં કાવ્યો આપેલાં છે, અને સાથે પ્રકાશકે બોધક પ્રસ્તાવના અને રા. મૂલચંદ તેલિવાલા બી. એ. એલ્. એલ્. બી. એ લખેલા ભક્ત કવિ શ્રી દયારામભાઇનો પરિચય આપેલો છે, કે જેમાં વલ્લભી સંપ્રદાયના સિદ્ધાંતોને નહિ સમજવાથી દયારામભાઇને થયેલો અન્યાય જણાવ્યો છે. ભક્તિમાર્ગી વલ્લભી સંપ્રદાયે ગુજરાત કાઠિયાવાડમાં જન સમાજ પર ઘણી પ્રબલ અસર કરી છે અને તેને લીધે જૈનોમાં યોગ્ય અને સમયોચિત આંદોલનના અભાવને લઇને ઘણા જૈનો પણ વલ્લભી સંપ્રદાયમાં ગયા છે વણિકની મોઢ જ્ઞાતિમાં ઘણા જૈનો હતા, અત્યારે એક પણ નથી એમ આખીને આખી જ્ઞાતિઓ વૈષ્ણવ બની છે. આના કારણમાં ઉતરવા જતાં લોકોને ભક્તિ માગ પ્રત્યે વલણ વિશેષ થાય છે, જ્યારે ભક્તિ પોષક તત્ત્વો જૈનોમાં પૂર્વે ઘણાં કદાચ હોય તો મધ્યકાળમાં ઓછાં હશે- શુષ્ક 'સમયસારીઓ' જ્ઞાનપ્રવાહ યા ક્રિયાજડતા વિશેષ હશે એવું કાંઈ લાગે છે. દયારામભાઇ પર અનેક આક્ષેપો મૂકાય છે તે અહીં નહિ ચર્ચતાં તેઓ સમર્થ રસિક કવિ સં. ઓગણીસમા સૈકામાં થઇ ગયા એ નિર્વિવાદ છે. એમની ગરબીઓ અને રાસડા ગુજરાતની સ્ત્રીઓને પરંપરાથી કંઠાગ્રે જોવામાં આવે છે. એ કવિ પર સમર્થ નિબંધ સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઇએ લખેલો તે 'દયારામનો અંક્ષર દેહ' એ નામે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલ છે.

આચાર્ય પ્રભુ સરીખડા, તેને જાવું શરણ;
નિત્ય રહેવું સત્સંગમાં, તજવું દુષ્ટાચરણ.
જન્મ્યું તેને મરણ તો, જ્યારે ત્યારે થાય;
પણ તેને ધન્ય જેનો, હરિ ભજતાં દિન જાય.
નામ થકી નામી મળે, નામીથી નહીં નામ;
રૂપ તે નામ આધીન છે, સરે નામથી કામ.

આમ અનેક બોધક ઉપદેશો ગુજરાતીમાં આપેલા છે. વળી દયારામભાઇ હિંદી કવિતા પણ બહુ રસિક, સુંદર અને શુદ્ધ રચી જાણતા એ તેમના ગ્રંથો પરથી જણાય છે. તેમાંની કેટલીક આ પુસ્તકમાં આપેલ છે અને તેનું સુંદર વિવેચન પણ ફુટ નોટમાં આપ્યું છે.

યહ દિન સદા ન રહેંગે, એહિ બિચ્ચારો નિત્ત,
હરખ શોક બ્યાપે નહિ, કબહુ અપને ચિત્ત.
અકથ કષ્ટ આયોં કબૂ, ચલ્યો પ્રયત્ન ન કોય,
તબ સબ તજિ હરિ રટત હય, સુખ હોય ફિર હોય.

આ પુસ્તકે ગૂર્જર સાહિત્યમાં સારી વૃદ્ધિ કરી છે- આવીજ રીતે બીજા ભાગો પ્રાસદ્ધ ત્વરિત થશે એમ ઇચ્છીએ છીએ

તંત્રી.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

( સંવત ૧૯૭૧ ના શ્રાવણ વદ ૮ થી આસો વ. ૩૦ તા ૧-૯-૧૫ થી તા. ૭-૧૧ ૧૫ સુધી.)

રૂ.૬૨૧-૮-૦ વસુલ આવ્યા. ગયા માસ આખરના બાકી રૂ. ૩૦૧૪-૦-૦

**૧ ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.

રાણપર ૨૦ાા, ઉનાવા ૧ાાા, અંબાસણુ ૫, માંકણુજ ૬, ભેસાણુ ૦ાા, ખેરવા ૩ાા, ગુંડાલ ૮, અડાલજ એક તડવાળાના ૧૦), અડાલજ બીજા તડવાળાના ૧૪, જમીઅતપુરા ૩ા, પોર ૪ા, એંદરોડા ૧૧ાા, રાસણુ ાા, કોબા ૧૩, જોટાણુ ૧૦.

કુલ. રૂ. ૧૧૫-૪-૦

**૨ ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**-ખેડા જીલ્લો, ભરૂચ જીલ્લો.

* મુંબઈ ૩૪, ઉમેટા ૨૧ાા, આસરવા ૦ાા, આમરોલી ૩ાા, માનપર ૧, નવાખલ ૩, ચમારા ૧૦ાા બામણગામ ૧૧, ગંભીરા ૧૧ા, એકલબારા ૩ાા.

કુલ રૂ. ૯૯-૧૨-૦

**૩ ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**-મારવાડ, માળવા.

કલોલ (ગુજરાત) ૪ા, **बीआवर १२२, रतलाम ८२ा, अरनौद ९ मंदसोर २१॥, सीतामल ५४॥।. कुल रु. २९३-१२-०**

**४ आगेवान गृहस्थोए** પોતાની મેળે મોકલાવ્યા

શેઠ ચુનીલાલ વીરચંદ મુંબઈ ૧ા, **एन. बी. गुलेच्छा जयपुर १७ त्रणवरसना सं. १९७२ सुधी, बेंगलोर शेठ बी, एफ. सालमचंद** ૨, મુંબઇના શેઠ હંસરાજ હીરજી ૩, ડો. નાનચંદ કસ્તુરચંદ મોદી ૫, રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા ૫, ડો. ત્રીભોવનદાસ લેહેરચંદ ૩, શેઠ મોહનલાલ હેમચંદ ૧૫, **नागोर श्री संघ ह. शेठ रावतमलजी मुलतानजी** ૬૧, ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ ૦ાા.

કુલ રૂ. ૧૧૨-૧૨-૦

એકંદર કુલ રૂ. ૩૬૩૫-૮-૦

---

* **મુંબઈ**-શેઠ મોતીચંદ દેવચંદ ૧૧, શેઠ લલુભાઇ ગુલાબચંદ ૨, શેઠ આેતમચંદ રણછોડ ૨, શેઠ આેતમચંદ હીરજી ૭, શેઠ નરોતમદાસ જગજીવનદાસ ૫, શેઠ ધરમશી ગોવીંદજી ૨, શેઠ માધવજી કરમચંદ ૪, શેઠ ગુલાબચંદ આેધવજી ૧ કુલ રૂ. ૩૪-૦-૦

## २ उपदेशक प्रवास.

( દરેક ગામના પત્ર ઉપરથી ટુંક સાર દાખલ કરેલ છે. )

૧ ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદ—

રાણપુર—અસરકારક ભાષણો આપતાં ઘણી બ્હેનોએ મિથાતી પર્વ ન પાળવા તથા ફટાણા ન ગાવા પ્રતિજ્ઞાઓ લીધી. તેમ ઘણા પુરૂષોએ બીડી, હુકકો ન પીવા બાધાઓ લીધી. ભાષણોથી સારી અસર થઈ છે.

૨ એંદરોડા–નજીકના બાસણ ગામે જીવદયાનાં ભાષણો આપવામાં આવતાં ગરાશીઆ, ઠાકરડા વગેરે એ પાપ નહીં કરવાનું, માંસ ભક્ષણ ન કરવાનું તથા તેવા કૃત્યમાં સામેલ ન થવા તેમજ કોઇ પણ જાતની હિંસા ન કરવાનું ઘણા જણાઓએ કબુલ કર્યું. તેમાનાં આશરે ૨૦ ગૃહસ્થોનાં નામ જગ્યાના સંકોચને લીધે અહીં દાખલ કર્યા નથી પણ કોન્ફરન્સ ઓફીસમાં ફાઇલ છે. ભાષણોથી ઘણીજ સારી અસર થઇ છે.

૨ ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ—

१ सोजत–(मारवाड) श्रीसंघ तरफथी अंग्रेजीमां उपदेशक मी. पुंजालालने सर्टीफिकेट आपवामां आव्युं छे तेनी नकल कॉन्फरन्स ओफीसमां छे.

२ अरनौद–बजार वचे तमाम कोम समक्ष जुदा जुदा विषयोपर भाषणो आपतां ब्राह्मणो, मुसलमान वगेरेने सारी असर थई.

# हेरॅल्ड मासिकना लवाजमनी पहोंच.

( તા. ૧૬—૪—૧૫ થી તા. ૩૧—૧૦—૧૫ સુધીમાં આવ્યા. )

[ જે નામ સામે રકમ દર્શાવેલી નથી તેમના તરફથી ૧ વર્ષનો રૂ. ૧।। આવેલો સમજવો.]

**તા. ૩૧-૧૨-૧૩ સુધી.**

૩।। રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા જયપુર

**તા. ૩૧—૧૨—૧૪ સુધી.**

શેઠ નાનચંદ કેશવજી મુંબઈ
,, વીરચંદ ત્રીભોવનદાસ જુનાગઢ
,, શીવદાનજી પ્રેમાજી પુના
૨।।  ,, ધામડશી જુહારમલ ઈંદોરસીટી
૨)≈  ,, રાજાજી નેતાજી માંગરોળવાધરી.
૨।।  ,, જેચંદભાઇ વેલશીભાઇ મુળી
૨।।  ,, રામસુખ મંગીલાલ કાંકેર
,, મગનલાલ મયાચંદ વણોદ
૧।।।~ ,, રીખવચંદ મંછાચંદ સરીયદ
,, મગનલાલ મલુકચંદ હુબળી
,, ફુલચંદ હકમચંદ ગડહીંગલાજ
શ્રી શુભકરણી સભા વાગરા
૨।।  ,, તેહેસીલદાર ભાચાવટ કાનમલજી પ્રતાપગઢ
શેઠ મગનલાલ અમરચંદ સાંકરા
૨।।  ,, સુજાનમલજી ભંડારી હીંગણઘાટ
૨।।  ,, માણેકલાલજી મનોહરલાલજી સંજીત

**તા. ૩૧—૧૨—૧૫ સુધી.**

શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા બનારસસીટી
મી. શ્રીમલ બનારસસીટી
૩) રા. રા. ગુલાબચંદ વાઘજી વઢવાણસીટી
શેઠ ગેવરચંદજી ચંદણમલજી બીરછાફ
,, માનશંગ ટોકરસી ખાખરા
,, ગોવીંદજી ડોસાભાઇ કચ્છ માંડવી
,, બેચરદાસ ખીમચંદ સ્મારક પુસ્તકાલયના વ્યવસ્થાપક સમૌ
પારેખ ત્રીભોવન મલુકચંદ મુંબઇ
શેઠ ગોવીંદરાવ દીપાજી વડોદરા
,, જવાહરલાલ જૈની સીકંદરાબાદ
,, કાળીદાસ અમથાભાઇ ડાબકા
,, બાપુલાલ લાલચંદ જુન્નેરં
જૈન પાઠશાળાના માસ્તર પેથાપુર
પૂજ્ય શ્રી વૃજપાલજી મહારાજ કચ્છ પત્રી
રા. ચંપાલાલજી ચોખચંદજી દેવળીઆ
શેઠ દવાચંદજી મંદસોર
,, શોભાગમલજી ચોધરી બરનગર
,, લાલભાઈ ત્રીકમલાલ અમદાવાદ.
,, હીરાચંદ કકલભાઇ અમદાવાદ
,, લાલભાઇ દલપતભાઇ ,,
,, વાડીલાલ વખતચંદ ,,
ધી રાજનગર જવેલરી માર્ટ ,,
શેઠ પોપટલાલ મનસુખરામ ,,
,, ધોળીદાસ ડુંગરશી ,,
,, મગનલાલ છગનલાલ ,,
ધી રોયલ જવેલરી માર્ટ ,,
શેઠ શીવલાલ હરીલાલ ,,
,, લલુભાઇ જેઠાભાઇ ,,
,, ભીખાભાઇ પુરૂશોતમ ,,
,, કેશવલાલ ખેમચંદ મોદી ,,
,, અમૃતલાલ ચુનીલાલ ખેડા
,, છોટાલાલ લલ્લુભાઇ અમદાવાદ
,, ડાહ્યાભાઇ નાનશાહ ,,
,, અંબાલાલ સારાભાઇ ,,
,, લક્ષ્મીચંદ લલુભાઇ ,,
,, ચીમનલાલ છોટાલાલ ,,
શ્રી રાયચંદ લીટરરી લાઇબ્રેરી ,,
શેઠ ચુનીલાલ નહાનચંદ અમલનેર
,, રતનચંદ દગડુશા અમલનેર

શેઠ છગનલાલ ઉત્તમચંદ કઠોર
મી. ઠાકોરદાસ નરોતમદાસ પટેલ ,,
શેઠ નાનચંદ જગજીવન કલસા
,, પ્રેમરાજ મોતીચંદ કુરડુવાડી
,, લાલજીભાઇ શીવજીભાઈ ખંડવા
,, મોતીચંદ પ્રેમચંદ પુના
,, મોતીચંદ ભગવાનદાસ ,,
,, ગગલભાઇ હાથીભાઇ ,,
,, ભોગીલાલ ભાઇલાલ બોરસદ
,, ભોગીલાલ મયાચંદ અમદાવાદ
,, નથમલજી દલીચંદ અહમદનગર
,, હીરાચંદજી સચેતી અજમેર
,, બુદ્ધકરણજી મહેતા ,,
,, બાળચંદ મુળચંદ ,,
,, વીરાજી નાથાજી અલીરાજપુર
,, રવજીભાઇ લક્ષ્મીચંદ આકલુજ
,, ભાઇચંદ હેમચંદ આકલુજ
,, મોતીચંદ જેચંદ આડોની
,, પનાજી હંસરાજ આડોની
,, નાગરદાસ વીરચંદ આસોદર
,, લલ્લુભાઇ મગનલાલ ,,
વૈદ્ય અમરચંદજી આગ્રા
શેઠ નથમલજી બોથરા ઇંદોર
,, મોતીચંદ ડુંગરસી ઇચલકરંજી
,, પ્રેમચંદ માણેકચંદ ,,
,, મુલચંદ ધરમચંદ ઉંઝા
,, નગીનદાસ છગનલાલ ,,
,, ગંગારામ બનારસીદાસ અંબાલા
,, પ્રેમાભાઇ કેવળદાસ કપડવંજ
,, મીઠાભાઇ કલ્યાણચંદ ,,
,, રવચંદ તારાચંદ કરાડ
,, બનુભાઇ માનચંદ ,,
શેઠ લાલચંદ વીરચંદ કાગળ
,, મંગળદાસ ભીખાભાઇ ખેરાળુ
,, મેઘજી ભીમસી ગદગ
,, નારાયણદાસ ચુનીલાલ જાલના

શેઠ કેશવલાલ ઉમેદરામ તાસગાંવ
,, હરીભાઇ રવચંદ ,,
,, બાલાભાઇ ગટાભાઇ પાલણપુર
શ્રી જૈન વિદ્યોતેજક સભા પાલણપુર
શેઠ જગજીવન કુશળચંદ પાચોરા
,, અમૃતલાલ વનમાળીદાસ પાદરા
,, ચુનીલાલ શીવલાલ પાદરા
,, મોહનલાલ હેમચંદ ,,
,, રાયચંદ કરમચંદ બારામતી
શ્રી જૈન લાયબ્રેરી યુનીયન કલબ બીલીમોરા
શેઠ ચંદભાણુ શીવરામ બેલાપુર
,, જુઠાભાઇ સુંદરજી ભરૂચ
,, સંતોકચંદજી રીખવચંદજી ભોપાળ
,, મુળજીભાઇ ખીમચંદ મહુધા
,, બીરધીચંદજી અનરાજ મલકાપુર
,, રવજીભાઇ રામચંદ માઢા
,, સાકરચંદ હીરાચંદ માલેગાંવ
,, રતનલાલજી સુરાણા રતલામ
,, દામોદર બાપુશા યેવલા
રાયશેઠ કેશરીસીંહજી રતલામ
શેઠ મોહનલાલ સાંકળચંદ રાજકોટ
,, લલ્લુભાઇ સાંકળચંદ રાંધેજા
,, જેચંદભાઇ બેચરદાસ લોનાવાળા
,, ફતેચંદ અમીચંદ વડોદરા
,, ફકીરભાઇ ઘેલાભાઇ ,,
,, નંદલાલ લલુભાઇ ,,
,, છગનલાલ ચુનીલાલ સુરત
,, દીપચંદ ભીમાજી ,,
,, મગનભાઇ ગુલાબચંદ ,,
શેઠ ચુનીલાલ છગનલાલ સરાફ સુરત
,, ખુશાલચંદ પુંજીરામ હીમતનગર
,, જોધાજી માસંગજી કોલ્હાપુર
,, અમૃતલાલ વીરચંદભાઇ અમદાવાદ
,, પાનાચંદ કેવળભાઇ અગાશી
રાયબહાદુર બદ્રીદાસ દુધેડીઆ આજીમગંજ

રાયબહાદુર ગણપતિસીંગજી આજીમગંજ
શેઠ સીતાબચંદજી નાહર આજીમગંજ
શેઠ મગનલાલ ખેમચંદ આંબેગાંવ
,, કીલાચંદ મુળચંદ ,,
,, પુનમચંદજી ગુલાબચંદજી આમગામ
,, ચુનીલાલ દીપચંદ આગ્રા
સાધુમાર્ગી જૈન ઉદ્યોતિની સભા આગ્રા
લાલા દયાલચંદજી જોહરી આગ્રા
શેઠ ખુબચંદ ઓટાજી આકડોદ
,, ભોગીલાલ ઉત્તમચંદ ઉન
,, સુખલાલ સવજીભાઇ ઓડુ
,, નાથાભાઇ લવજી અંજાર
,, નાનચંદ સદાજી અંબેટી
,, રામચંદ મુળચંદ ઓપરા
,, કસ્તુરચંદ જેચંદ ઉપરાળી
,, મફતલાલ નારણદાસ કરાચી
,, લવજીભાઇ ઝવેરચંદ ,,
,, મોતીજી હંસરાજ કરનૂલ
,, સરદારમલ જસરાજ કલકત્તા
,, આણંદચંદ સીપાણી ,,
,, હીરાચંદ શેષકરણ ,,
જૈન લાયબ્રેરીના સેક્રેટરી કડોદ
શેઠ ભેરૂલાલજી કોટેચા કામ્પટી
,, અમથાભાઇ પીતાંબરદાસ કાસીંદ્રા
,, મુળચંદ ડાહ્યારામ કાવનાઇ
,, મોનજીભાઈ ત્રીકમલાલ કુંડલા
,, વીરજીભાઇ ડાહ્યાભાઇ ,,
જૈન મિત્ર મંડળ કચ્છ માંડવી
શેઠ માણેકચંદ પાનાચંદ કચ્છ માંડવી
શેઠ છોટાલાલ અંબાલાલ કીમારી
,, ચેલાદાસ લીલાચંદ ખરસદા
,, ખેચરદાસ ભીખારામ ખેડગાંવ
,, ગુલાબચંદજી શોભાગમલજી ગ્વાલીઅર
શેઠ કાળીદાસ ખેચરદાસ ગીરમથા
,, નરશીદાસ નથુભાઇ ગાંફ
,, ઝવેરચંદ લક્ષ્મીચંદ ચલાળા
શેઠ વાલચંદ હીરચંદ ચાસ
,, પોકરચંદ મુનીમ ચંદુરબજાર
,, ઉજમશી તારાચંદ છઠીઆરડા
,, બુધમલજી વૈદ્ય છીંદવારા
,, ત્રીકમજી પ્રેમજી જામનગર
,, શીવશંકરજી મુકીમ જેપૂર
,, મગનલાલ રાયચંદ જેતલપુર
,, અરજણસિંહજી મહેતા જોધપુર.
,, હનુમતચંદજી ભંડારી જોધપુર
,, ચાંદમલજી મહેતા જોધપુર
,, બખતાવરજી ,,
,, રખબાજી નેમીચંદજી ઝાબુઆ
શ્રી સંઘ સમસ્ત ટીંટોઇ
શેઠ મેઘાજી સામતીરામ ટેનાલી
,, કેશરીમલ મેઘાજી ,,
મી. પી. એમ. નરસીંગ વકીલ ટેનાલી
શેઠ લક્ષ્મીચંદજી બેત ડોંડાઇચા
,, કૃતાજી ગજાજી તડકેશ્વર
,, મનસુખભાઇ ડાહ્યાભાઇ તારાપુર
,, હરખચંદ ગુલાબચંદ તેલ્હારા
,, દેવચંદ સવાઇચંદ થરાદ
,, લખમાજી કસ્તુરચંદજી દાવાનગર
બાબુ પ્યારેલાલ દલાલસીંગ દેલ્હી
શેઠ વેણીચંદ બેચર ભંડારી દેઉર
,, કેશરીમલજી ચંપાલાલજી દેવાસ
,, નાગજીભાઇ મદનજીભાઇ ધોરાજી
,, ચુનીલાલ ગોવીંદજી ધોલેરા
,, કાબુચંદ રતનજી નવલીહાલ
,, હજારીમલજી ખુબચંદ નરસીંગપુર
,, પ્રતાપચંદજી હરખચંદજી નવલગુંદ
,, હીરાલાલજી મોતીલાલજી નાગપુર
,, ભાઇચંદ ન્યાલચંદ નીપાણી
,, મગનલાલ જેઠીરામ ,,
,, મુનાલાલજી કામદાર પ્રતાપગઢ
,, પુનમચંદ કરમચંદ કોટાવાળા પાટણ
શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈન લાઇબ્રેરી પાટણ
શેઠ લલ્લુભાઇ મયાચંદ પીલુચા

શેઠ હજારીમલજી રાજમલજી પંચપ્રહાર
,, વરદીચંદજી દોલાજી પેટલાવદ
મી. વાડીલાલ ડી. પંડિત બનારસ
શેઠ હોંશીલાલ પાનાચંદ બાલાપુર
,, ગણેશમલજી ડાલચંદજી બીકાનેર
,, ગોવીંદચંદજી લક્ષ્મીચંદજી બીહાર
,, ગોવીંદચંદજી ધનાલાલજી બીહાર
,, લક્ષ્મીચંદજી અખેરાજજી બેંગલોર
,, કેશવજી ખેચરદાસ બાવળા
,, મોતીચંદ પાનાચંદ ભાણવડ
,, કસ્તુરચંદ મનજીભાઇ ભાંડુત
,, અમરચંદ જસરાજ ભાવનગર
,, રતનજીભાઇ વીરજી ,,
,, રાયચંદ ફતેચંદ ,,
,, હકમચંદ ભાઇચંદ ભોજાપુર
શ્રી મલ્લીનાથજી કારખાના ભોયણી
શેઠ સાકરચંદ તલકચંદ મદ્રાસ
,, મલુકચંદ ખેમચંદ મસુર
,, છગનલાલ ઝવેરચંદ માંગરોળ
જૈન ભારતી ભૂષણ સભા માંડળ
શેઠ લક્ષ્મીચંદ અમરચંદ માંડવી (સુરત)
શ્રી સંઘ સમસ્ત હ. શેઠ નેમીચંદ,
મીઆગામ કરજણ
બાબુ કીર્ત્તિપ્રસાદ મીરટ
શેઠ બાલારામ પુરૂષોતમ મીરજ
,, તલકચંદ ઉજમચંદ મેતા
,, અસલાજી બાલચંદ યાદાગીરી
,, મોહનલાલ ટોકરશી રાધણપુર
,, કમળશીભાઇ ગુલાબચંદ ,,
,, છોટાલાલ નવલચંદ રાંદેર
,, જાદવજી વાલજીભાઇ રાજકોટ
,, કેશવજી પદમશી ,,
રાવ સાહેબ હરીલાલ જેઠાભાઇ રાજકોટ
શેઠ ઝવેરચંદ કાળીદાસ રાજકોટ
,, પ્રાણજીવન પુરૂષોતમ રાઇબંદર
,, નાગરદાસ પુરૂષોતમ રાણપુર
,, ખાડીદાસ છગનલાલ લાંઘણજ

શેઠ સુંદરજી હીરાચંદ લીંબડી
,, ઝવેરભાઇ ગરબડભાઇ વડોદરા
,, મુળચંદ ચતુરભાઇ વઢવાણકાંપ
,, પ્રાગજી વીરચંદ વલસાડ
,, ગીરધરલાલ ગુલાબચંદ વલાદ
,, રામચંદ ગણેશદાસ વાકડ
,, મગનીરામ રામસુખ વાપી
,, ધનજીભાઈ ગુલાબચંદ વાંકાનેર
,, રણછોડલાલ છગનલાલ સાદરા
,, ગોવીંદભાઇ ઉમેદભાઈ સાણંદ
,, શીરેમલજી કોઠારી સીઓની
,, દોલતરામજી સીતામઉ
,, જુહારમલ સાવમાળીક ,,
,, મોતીચંદ દલાજી સીસોદરા
,, દલીચંદ વીરચંદ સુરત
,, ફકીરભાઇ સનાભાઇ સાંગલી
,, મોતીચંદ ખેમચંદ ,,
,, રતનચંદ સાંકળચંદ ,,
,, મેઘજીભાઇ શામજીભાઇ અગત્રાઈ
,, શોભાગમલ હરકાવટ અજમેર
,, ડાહ્યાભાઇ ઝીણાભાઇ અજાબ
,, પુરૂષોતમ અમરશી કાલીકટ
,, અમરચંદ ઝવેરચંદ ,,
,, મનરૂપજી દેવીચંદજી કુકસી
શ્રી સંઘ સમસ્ત હ. શેઠ અમીચંદ કુંભણ
શેઠ ગોરધનદાસ ગોપાળજી કોચીન
,, નથમલજી ગુલેચ્છા ગ્વાલીઅર
,, ચત્રભજ ગોકળભાઇ ગુંદી
,, રામલાલ રતનલાલ ગૌતમપુરા
,, ચંદનમલ નાગોરી છોટીસાદરી
,, જસરાજભાઇ દેવચંદ ટંકારા
શ્રી સંઘ સમસ્ત પાઠશાળાના માસ્તર
ત્રાપજ

શેઠ અનોપચંદ હઠીશંગ થરાદ
એમ. પી. શાહ લાઇબ્રેરી થાન
શેઠ ડુંગરશીભાઇ મેઘજીભાઇ દેવગામ
શેઠ તારાચંદ ડોવરજી નરોદ

શેઠ જુહારમલ સહસમલ નવાસહર
શેઠ વાડીલાલ ખોડીદાસ પાલજ
,, અમૃતલાલ છગનલાલ બજાણા
,, ઝવેરચંદ શીવલાલ બામણગામ
,, પનાજી મોટાજી ખુહારી
,, ભીખુભાઇ લક્ષ્મીચંદ બેલસર
,, પ્રેમરાજજી ચોરડીઆ ભાણપુરા
શેઠ ત્રીભોવનદાસ મૂળજી મજેવડી
,, મનસુખભાઇ કસ્તુરચંદ મીઆમાતર
શેઠ મનસુખલાલ ભગવાનદાસ મોખાડા
મી. કે. એમ. પારીખ ચેરાવડા
શેઠ નાનચંદ મોતીચંદ રૂપાલ
,, મુળચંદ રામજી વંથલી
શ્રીમદ્ ચારિત્ર વિજયજી જૈન લાઇબ્રેરી
વંથલી
શેઠ પોપટલાલ ગુલાબચંદ વાવ
,, વછરાજ બુધાજી વાંસદા
,, કબાભાઇ ધનજી વંડા
,, ગોરધનદાસ વીરચંદ સાઢલી
,, મુળચંદ ફુલચંદ હાથોડા
,, અગરચંદજી હીંગણઘાટ
,, ચાંદમલજી ઢઢ્ઢા હૈદ્રાબાદ
,, કેશવલાલ વેલશી ઉગામેડી
,, મણીલાલ મગનલાલ કરાચી
૨।।। રાય બહાદુર બદ્રીદાસજી મુકીમ કલકત્તા
બાબુ રાયકુમારસીંહજી કલકત્તા
શેઠ જેઠાલાલ ડાહ્યાજી કવેટા
,, ચીકાભાઈ કેવળદાસ કાલરી
,, રૂપચંદ રામચંદ કોપરગાંવ
,, અમરચંદજી બોથરા જીઆગંજ
,, દુર્લભજી ત્રીભોવન જયપૂર
,, ચતુર્ભૂજ મોતીચંદ ઝરીઆ
,, દલીચંદ લવજીભાઇ ઝીંઝુવાડા
,, સ્વરૂપચંદ ગોવીંદજી ડુબેરા
શેઠ માધવજી દયાલજી નોંઘણવદર
શેઠ ધર્મચંદ ચેલજીભાઇ પાલણપુર
,, નેમીચંદજી પુનેમચંદજી પીસરવા

શેઠ દેવાજી અવીચળદાસ પોસીના
,, દલીચંદ સવચંદ બામસણા
,, ચુનીલાલ મલુકચંદ બીરવાડી
,, શીવબક્સજી કોચર બીકાનેર
,, હીરાચંદ તારાચંદ બેડકીહાલ
,, મુળચંદ મગનલાલ બાંડુ
શ્રી તીર્થ ક્ષેત્ર જૈન કાર્યાલય મેત્રાણા
શેઠ સૂરજમલજી લક્ષ્મીચંદજી રાહતગઢ
શેઠ કપૂરચંદ લક્ષ્મીચંદ વેરાવળ
બાબુ જેઠમલ શ્રીચંદ સરદારશહર
શેઠ લાલચંદ રાયચંદ સાંતલપુર
,, જેચંદજી હીંમતમલજી સીરોહી
,, લક્ષ્મીચંદજી બીરધીચંદજી સીઓની
શેઠ વછરાજજી સંઘી સુજાનગઢ
,, લક્ષ્મીરામજી સૂરજમલજી સુજાલપુર
શેઠ માધવજી કરમચંદ સુરવાડા
,, દોલતરામજી હોશીઆરપુર
,, સુંદરજી પ્રેમજી ગુંદા
,, મુળજી કશનજી ગોલીટા
,, મનજીભાઇ ધરમશી છતર
,, નેમીચંદજી જૈન ક્ષત્રી તરહાલા
,, સખારામ દુર્લભદાસ ધુળીઆ
,, શામજીભાઇ ધારશીભાઇ પૂર્ણા.
,, મોતીલાલજી મૂથા મંદસોર
,, ઉંદારલાલજી બાફણા ,,
,, બી. પનાલાલજી બાફણા ,,
,, નાથુરામ અમુલખ સાકુર
,, નાનચંદ ગુલાબચંદ સમલી
,, લેખરાજમલજી મનરૂપજી હાલા
ઓન. સેક્રેટરી બંધુ મંડળ કરાંચી
શેઠ ભુદરજી પ્રાગજી ,,
,, રૂપાશા દલુશા કલમનોરી
,, નાનચંદ ખેતાજી કાલીઆવાડી
,, પુનમચંદ નાથાલાલ ગઢોડા
,, મોતીચંદ કેવળાજી જુંડા
,, જસરાજ હંસરાજ દારફળ
,, પાસુભાઇ વાઘજી દુર્ગાપુર

શેઠ દેવશીભાઇ કુરપાળ દેસલપુર
,, લાલજીભાઇ ઠાકરશી નારાયણપુર
શેઠ હીરાલાલજી મોતીલાલજી નીમચ
,, પ્રાગજી રાઘવજી નીડામાંડાગામ
શેઠ જોરાવરમલજી ચોધરી નાયાગામ
શેઠ તલકશી હીરજી પલાસવા
શ્રી જૈન શ્વે. કમીટીના સેક્રેટરી પારસનાથ
શેઠ જેચંદભાઇ મોરભાઇ પાલીયાદ
શેઠ નાથુલાલજી હેમચંદજી પઢાણા
,, દેવશીભાઈ હેમચંદ ભૂજ
,, ઠાકોરદાસ જૈની મુલતાનસીટી
,, રણશી દેવજી મોટીખાખર
,, મણીલાલ વલભજી રાજસીતાપુર
શેઠ તલકચંદ ક્રીષ્ણાજી વીખરણી
,, ખુશાલભાઇ કરમચંદ વેરાવળ
,, કસ્તુરચંદ મલુકચંદ શીણુજ
,, હરીસીંહજી કોઠારી સૈલાના
,, ખીમચંદજી સીંધી સીરોહી
,, નથમલજી દીપચંદજી સીમોદરા
શેઠ સાંકળચંદ ઝવેરચંદ હરસોલ
॥॥ ,, બાલાભાઇ જેચંદ મુંબઇ
,, ગંભીરમલજી ટોંક
શ્રી જૈન શ્વેતાંબર લાઇબ્રેરી તારંગાજી
શેઠ હઠીશંગ ઝવેરચંદ ભાવનગર
,, ડુંગરશી સારંગભાઇ ભૂજપુર
,, ગણેશીલાલ લુણીઆ વડાંક
,, મુળચંદ રાયચંદ વાફગાંવ
,, ગુલાબચંદ મંગળજી કડી
,, ભગોતીજી પુનાલાલજી ખાચરોડ
શેઠ હરખચંદ દીપચંદ પીપરી વીછાપુર
શેઠ મનાલાલજી મોદી મંદસોર
,, પુરમલ કપૂરમલ ત્રીચીનોપલી
,, અંબાલાલ મગનલાલ સરોદ
,, એ. ડી. ધર્મસિંહ ચાળીસગાંવ
શેઠ કેશવલાલ ભાઇચંદ રંગુન
,, મુળચંદ ખીમચંદ ,,
,, ત્રીકમલાલ ન્યાલચંદ ,,

શેઠ પંચાણુદાસ કાનૂગા બીસલપુર
મુનિમજી સતીદાનજી ડુંગરપુર
શેઠ રામરાજજી ચોધરી બીસલપુર
,, મનસુખલાલ દોલતચંદ રંગુન
,, સૂરજમલ લલુભાઇ ,,
,, મૂળજીભાઇ ધારશીભાઇ ,,
,, માલમચંદ મોહનચંદ દીમરસ
,, ચુનીલાલ હરીચંદ વાવડીતલાવડી
શેઠ વનેચંદ રૂપચંદ ટંકારા
,, ગોપાળજી ફુલચંદ ઇંદોર
,, ભાઇદાસ બેચરદાસ રાજકોટ
,, છગનલાલ માધવજી મુંબઇ
વૈદ્ય રાવતમલ અંબાલાલ વીરોરા
શેઠ છોટાલાલ કાળીદાસ અમદાવાદ
૩) રા. રા. હરીલાલ મંછારામ અમદાવાદ
રા. રા. મણીલાલ ભગુભાઇ અમદાવાદ
રા. રા. મણીલાલ નથુભાઈ અમદાવાદ
૩) રા. રા. સાંકળચંદ રતનચંદ અમદાવાદ
રા. રા. વાડીલાલ તારાચંદ અમદાવાદ
રા. રા. જગાભાઇ દલપતભાઇ અમદાવાદ
રા. રા. નાથાભાઇ છગનલાલ ખેડા
રા. રા. સોમચંદ ભાઇલાલ ખેડા
,, મણીલાલ લલ્લુભાઇ વડોદરા
રા. રા. રતનચંદ મુળચંદ વીરમગામ
રા. રા. છોટાલાલ ત્રીકમલાલ વીરમગામ
રા. રા. ચીમનલાલ લલુભાઇ સુરત
શ્રી જૈન તત્વ શ્રાવિકાશાળા સુરત
શેઠ વાડીલાલ મગનલાલ અમદાવાદ
શેઠ ઓધવજી છગનલાલ ગોધરા
,, દલસુખભાઇ લલ્લુભાઇ ,,
,, ગીરધરલાલ નરશીભાઈ ,,
,, મંગળદાસ ભુરાભાઇ ,,
,, વાડીલાલ છગનલાલ ,,
,, મનસુખલાલ અમરચંદ ,,
બાબુ જીવણલાલજી પનાલાલજી મુંબઇ
૩) રા. રા. ચંદુલાલ ગોકળદાસ નડીઆદ
રા. રા. ચીમનલાલ પરશોતમ અમદાવાદ

રા. રા. સાંકળચંદ મહોકમચંદ અમદાવાદ
રા. રા. ડાહ્યાભાઇ રતનચંદ ચાળીસગાંવ
રા. રા. સુરચંદ પરશોતમ બદામી વલસાડ
૩) રા. રા. ત્રીભોવન દલપતભાઇ પાદરા
રા. રા. મોહનલાલ જીવણલાલ વઢવાણકાંપ
રા. રા. મણીલાલ બાલાભાઇ વડોદરા
રા. રા. બાલાભાઇ મગનલાલ વડોદરા
૩) રા. રા. મગનલાલ પરશોતમ બદામી સુરત
૩) રા. રા. ત્રીભોવન ઓધવજી શાહ મુંબઇ
શેઠ ચુનીલાલ ધર્મચંદ મુંબઇ
રા. રા. હીરાલાલ મુળચંદ અમદાવાદ
૩) રા. રા. મોતીલાલ ઉમાભાઈ અમદાવાદ
રા. રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ ગોધા
૩) રા. રા. બાલાભાઈ ગુલાબચંદ ગોંડળ
રા. રા. જગજીવન મૂળજી બનીઆ જામનગર
રા. રા. સાંકળચંદ નારણજી જામનગર
૩) રા. રા. ચતુરભાઇ ઘેલાભાઈ રાજકોટ
રા. રા. ભાઇચંદ તારાચંદ વઢવાણકાંપ
રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની સાદરા
રા. રા. માણેકચંદજી કોચર હોસંગાબાદ
શેઠ ઉમેદમલજી બીકાનેર
,, ધનસુખદાસજી ,,
,, શીખરચંદજી રામપુરીઆ ,,
,, મોહનલાલ ચોરડીઆ નાગોર
,, મોહનલાલ સમદડીઆ ,,
શેઠ પનાલાલ ચોધરી નાગોર
,, પુનમચંદ છલાણી સીકંદરાબાદ
શેઠ મુલતાનમલજી બોથરા નાગોર
,, અમાનમલજી બોથરા ગોગોલાવ
શ્રી જૈન શ્વે૦ સભા મંડળ કુચેરા
શેઠ ઓઘડભાઇ રામજી બીઆવર

રા. રા. ઝવેરભાઇ મગનભાઇ અમરેલી
શેઠ ભોગીલાલ દોલતચંદ ગાંડલે
શેઠ સરદારમલજી હીરાવત બીકાનેર
,, ફુલચંદજી ગુલેચ્છા ફલોદી
૩) રા. રા. પુરણચંદજી નાહર કલકત્તા
શેઠ રતનલાલજી ચંપાલાલજી બીકાનેર
શેઠ રતનલાલજી ઢઢ્ઢા બીકાનેર
,, ત્રીભોવન પ્રાગજી દસાડા
૩) રા. રા. ડાહ્યાભાઇ હુકમચંદ ધંધુકા
શેઠ શોભાગમલજી નાગોર
,, માણેકલાલ નરસીદાસ ગોધરા
,, હેમચંદ અમરચંદ મુંબઇ
,, કુંદનમલજી કપૂરચંદજી ,,
,, માણેકચંદ પાનાચંદ ,,
,, ફુલચંદજી ઝાબક ફલોદી
૩) રા. રા. લખમશી હીરજી મૈશરી મુંબઇ
૩) રા. રા. વેલજી આણંદજી મૈશરી મુંબઇ
૩) રા. રા. પુનશી હીરજી મૈશરી મુંબઇ
૩) રા. રા. વાડીલાલ દોલતચંદ મુંબઇ
,, કૃષ્ણાજી હુકમીચંદજી મુંબઇ
,, લલ્લુભાઇ કરમચંદ દલાલ મુંબઇ
,, ભોગીલાલ સાંકળચંદ મુંબઇ
,, ઉમરશી રાયશી મુંબઇ
,, ગાંગજી નેણસી ,,
,, બાદરમલજી રામપુરીઆ બીકાનેર
,, હજારીમલજી રતનલાલજી બીકાનેર
૩) રા. રા. નાનચંદ કસ્તુરચંદ મોદી મુંબઇ
શેઠ કસ્તુરચંદ નાનચંદ મુંબઇ
,, કલ્યાણચંદ શોભાગચંદ ,,
,, મૂળચંદભાઈ હીરજી ,,
,, દેવકરણ મૂળજી ,,
,, લલ્લુભાઇ ગુલાબચંદ ,,
,, બાળમુકુંદ હીરાલાલ ,,
,, મણીલાલ ડાહ્યાભાઇ પાટણ
,, મોહનલાલ હેમચંદ મુંબઇ

શેઠ કેશરીચંદ ભાણાભાઇ મુંબઇ
,, નાનચંદ ગુલાબચંદ ,,
,, વેરીદાસ કુહાજી ,,
૩) રા. રા. ઉમેદચંદ દોલતચંદ મુંબઇ
૩) રા. રા. સારાભાઇ મગનલાલ મુંબઈ
રા. રા. કકલભાઇ ભુદરભાઇ મુંબઈ
૩) રા. રા. મકનજી જુઠાભાઇ મુંબઇ
શેઠ કેશવજી માણેકચંદ ,,
,, દામોદરદાસ ઝવેરચંદ ,,
,, પ્રભુદાસ શેષકરણ ,,
,, વેરશીભાઇ પુંજાભાઈ ,,
શ્રી કચ્છી દશા ઓશવાળ મહાજન મુંબઇ
શેઠ મોહનલાલ લલ્લુભાઇ ,,
,, તલકચંદ નવલચંદ ,,
૩) રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ મુંબઇ
શેઠ મનસુખભાઇ ભગુભાઇ ,,
,, દલસુખભાઇ વાડીલાલ ,,
,, મોતીલાલ વીરચંદ પાટણ
રા. રા. કાનજી કરમશી માસ્તર મુંબઇ
શ્રી કચ્છી વીશાઓશવાળ જૈનપાઠશાળા મુંબઇ
શેઠ નરોતમદાસ ભાણજી ,,
,, સોમચંદ ધારશી ,,
,, લલ્લુભાઇ અમથાચંદ ,,
શ્રી આદિશ્વર મહારાજના દેરાસર પાયધુની મુંબઇ
શેઠ રવચંદ ઉજમચંદ મુંબઇ
,, રતનજી વિ. ત્રીકમજી ,,
,, મોતીચંદ હરખચંદ ,,
શેઠ હરીચંદ મીઠાભાઇ મુંબઇ
,, જગજીવન કેશવલાલ ,,
,, મણીલાલ મહોકમચંદ ,,
શ્રી આદિશ્વર મહારાજના દેરાસર ભાત બજાર ,,
શેઠ સ્વરૂપચંદ સગાળશા નગરપારકર
શેઠ ભીમાજી મોતીજી મુંબઇ
,, દેવચંદ ભગવાનદાસ ,,

**તા. ૩૦—૪—૧૬ સુધી.**

શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળા બોરસદ

**તા. ૩૧—૫—૧૬ સુધી**

શેઠ લક્ષ્મીચંદજી ગાંધી જેતારણ
,, છગનલાલ અમરશી કોલકી
શેઠ પ્રેમચંદ કચરાણી ભાણવડ
,, સુંદરજી પ્રેમજી પાનેલી

**તા. ૩૦—૬—૧૬ સુધી**

શેઠ ટોકરશી ભારમલ બોરીવલી
,, ભલાજી દરગાજી શીલધર
,, જીવરાજ લવજી રાજકોટ
,, મગનમલ છગનમલ હીંગણઘાટ
શેઠ અંબાલાલ ગોરધન મુંબઇ
,, અંબાલાલ હેમચંદ અમદાવાદ
,, રૂપચદ કનૈયાલાલ ખાચરોડ
,, અમીચંદ ખેમચંદ મુંબઇ
,, ફતેચંદ મંગીલાલ ઉમરાવતી
,, હરગોવીંદ દલસુખભાઇ અડાલજ

**તા. ૩૧—૧૨—૧૬ સુધી**

૨। શેઠ આણંદમલ માનમલ મંચર
૩) શેઠ ચુનીલાલ વીરચંદ મુંબઇ

**તા. ૩૧—૧૨—૧૭ સુધી**

૪॥ રા. મણીલાલ અ... .દ ગોધરા
૭)=॥ છુટક અંકો વેચ્યાના.

## તૈયાર છે !    તૈયાર છે !    તૈયાર છે !

કોન્ફરન્સ ઓફીસની ચારવર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લિસ્ટ, ગ્રંથકર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ઠ, ગ્રંથકર્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સામાન્ય મંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે.

કીંમત માત્ર રૂ. ૩—૦—૦    આસિસ્ટંટ સેક્રેટરી.
પાયધુની, મુંબઇ નં. ૩    શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

**શ્રી જૈન શ્વેતાંબર-મંદિરાવલિ.** પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની ( ઘરદેરાસર સુદ્ધાંત ) હકીકત આપવામાં આવેલી છે. કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન્ ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેક્ટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલાં આપણાં પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ભોમીયા તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળ નાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર પુંઠાથી બંધાવેલું છે. બહારગામથી મંગાવનારને વી. પી. થી. મોકલવામાં આવશે.

કીંમત માત્ર રૂ. ૧-૮-૦    આસિસ્ટંટ સેક્રેટરી.
પાયધુની, મુંબઇ નં. ૩    શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# જૈન બંધુઓ ! વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ ! આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન સ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન સ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુશ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના–ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો ( દક્ષિણ ગુજરાત ) એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવા લાયક હકીકતો દાખલ કરવામાં આવી છે; જૈનોની વસ્તી સંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હો વાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકામાં જૈનોની વસ્તી વાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરાપોળ અને સભા મંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપુર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલા, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર જનરલ રીપોર્ટ પણ આપેલ છે. આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૫૦૦૦ની મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો સરખો લાભ આપવાનું છે. માટે સર્વ જૈનબંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ, એવી અમોને સંપૂર્ણ ખાત્રી છે.

| | |
|---|---|
| કિંમત માત્ર પહેલા ભાગના | રૂ. ૦–૧૨–૦ |
| બીજા ભાગના | રૂ. ૧–૪–૦ |
| બન્ને ભાગ સાથેના | રૂ. ૧–૧૪–૦ |

નકશાની છુટી નકલ અઢી આનાની પોષ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

પાયધુની, મુંબઈ નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિરાજાઓ, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન્ જૈન લેખકોને સવિનય વિનંતિ કરવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન્ કોન્ફરન્સનો વિજય વાવટો ફરકાવતા તથા કોન્ફરન્સના સર્વમાન્ય વાજીંત્ર ગણાતા આ માસિક પત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન કોમની સામાજિક. નૈતિક અને ધાર્મિક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ થાય તેવા સરળ ભાષામાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે અને જૈન ભવ્યત્વ સૂચવનાર ઐતિહાસિક લેખોને પણ ખાસ સ્થાન અપાય છે અમે આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન્ જૈન લેખકો તથા પૂજ્ય મુનિ મહારાજાઓ, બધારે નહીંતો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ટ જેટલો લેખ આ પત્રમાં લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વત્તાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

૧ આ પત્ર માટેનું લખાણ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેન્સીલથી લખેલું લખાણ ટાઇપોમાં ગોઠવતાં બહુ અડચણ પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવ છે માટે આ સૂચના તરફ લક્ષ આપવા ખાસ વિનંતિ છે.

૨ લખાણ મોડામાં મોડું દરેક મહિનાની તા. ૧૫ મી પહેલાં અમોને મળવું જોઇએ.

૩ લેખકનો લેખ યોગ્ય જણાશે તો દાખલ કરી જે અંકમાં પ્રસિદ્ધ થશે તે અંક અને નિયમિત લેખકને નિયમિતપણે સર્વ અંક મફત મોકલવામાં આવશે.

૪ પસંદ નહિ પડેલા લેખો પાછા મોકલવાનું બનતું નથી, જેને જોઇએ તેણે ટપાલ ખર્ચ મોકલી મંગાવી લેવા.

૫ અપ્રકટ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય, ધાર્મિક અભ્યાસ વધે તેવા સંવાદ, શિક્ષણ સારી રીતે આપી શકાય તેવા અભ્યાસપાઠો, પટ્ટાવલિઓ, શિલાલેખો, ગ્રંથની પ્રશસ્તિઓ, પ્રાચીન જૈન પ્રભાવકોનાં ચરિત્રો વગેરેને ખાસ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

૬ રાજ્યકીય-ધાર્મિક વિવાદવાળું, નિંદાત્મક વગેરે આડે માર્ગે દોરનાર અને કલેશ ઉપજાવનાર લખાણને સ્થાન બીલકુલ આપવામાં નહિ આવે.

૭ લેખકે પોતાનું પુરૂં નામ તથા ઠેકાણું લખવા કૃપા કરવી. તે પ્રગટ કરવા ઇચ્છા હોય તો તે અગર તેમ ન હોય તો કોઈ સંજ્ઞા-તખલ્લુસ મોકલવું. નનામા લેખ લેવા કે પાછા મોકલવા બંધાતા નથી.

**મોહનલાલ દલીચંદ દેશાઇ.** બી. એ. એલ્ એલ્ બી.

પ્રીન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ.** તંત્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરૅલ્ડ.

# Rates for Advertisement.

## જાહેરખબર આપનારાઓને અમૂલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ હેરૅલ્ડ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે, તેમાં જાહેરખબર આપવાના ભાવો નીચે મુજબ ઘણા ઓછા રાખવામાં આવ્યા છે.

| | એક પેઈજ | અડધું પેઈજ | ૦૫ પેઈજ | ચાર લાઈન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે | ૩૦ | ૨૦ | ૧૨ | ૬ |
| ૭ માસ માટે | ૨૦ | ૧૨ | ૬ | ૪ |
| ત્રણ માસ માટે | ૧૨ | ૬ | ૪ | ૩ |
| એક અંક માટે | ૫ | ૩ | ૨ | ૧ |

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરના નાણાં અગાઉથી મળ્યા સિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેન્ડબીલ વહેંચાવવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નક્કી થઇ શકશે, તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઓડર વિગેરે નીચેના શીરનામે મોકલવા.

પાયધુની, મુંબઈ નં. ૩ } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.


---

શ્રી સ. વિ. પ્રી. પ્રેસ.—અમદાવાદ.

કાર્ડ સાઈઝ કીંમત માત્ર રૂ. ૪)

ફોટોગ્રાફ પાડવાના ન્યુ

# છુપા કેમેરા.




ફોટોગ્રાપ઼ પાડતાં શીખવવાને હમો સંપૂર્ણ તૈયાર છીએ. દરેકે દરેક માંણસને ફોટો પાડર્તા શીખવીએ છીએ નાનામાં નાનું બચ્ચું હોય તો તેને પણ હમે શીખવી શકીએ છીએ. દોડતી ગાડી, ઉડતાં ચાલતાં પક્ષી, બેઠાં ઉભાં દશ વીસ માણુસ વીગેરેનો સહેલાઇથી ફોટો પાડી શકાય છે. કેમેરા સાથે કાચ, દવા, ગાઉન્ડ ગ્લાસ, વ્યુફાઇન્ડર, લેન્સ, શીખવાની સંપૂર્ણ માહીતી સાથે કીંમત માત્ર રૂ. ૬) પો. જુદું.

સી. સી. મહાજન એન્ડ કુંપની.

---

વગર ઈજાએ વાળ કાઢવા માટે

# બાદશાહી સાબુ.



બાદશાહી સાબુ—સફાઈથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે. કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્થાનમાં હજારો દુકાનો ઉપર મળે છે
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીના તમામ દર્દો નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર હફતે વાપરવાથી નુકશાન થતું જ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.
બાદશાહી સાબુ—ત્રણ સાબુના બાકસ એકનો રૂ. ૧) પો. ચાર આના.

**હીંદુસ્થાનમાં જગે જગે વેચવા માટે એજન્ટો જોઇએ છીએ.**

સોલ એજન્ટ.

**સી. સી. મહાજન એન્ડ કુંપની.**

શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

લોહી સુધારવા માટે સૌથી સરસ.

## ડૉ. વામન ગોપાલનું

## જગપ્રસિદ્ધ અને લોકપ્રીય

## આયોડાઇઝડ

# સાર્સાપરિલા

જેનો હજારો દરદીઓએ ઉપયોગ કરી પોતાની નિરાશા દુર કીધી છે.
આ સાર્સાપરિલા બગડેલા લોહીથી થતા દરદો માટે એક
ફતેહમંદ અકસીર ઇલાજ છે.

અને આજ ૫૦ વરસથી એક સરખી રીતે માન પામેલું છે અને જુદા જુદા પ્રદર્શનોમાં

## સોના અને રૂપાના ચાંદો મેળવવા

### આ એક જ સાર્સાપરિલા ભાગ્યશાળી નીવડયું છે.

લોહી એ મનુષ્યનું જીવન છે તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન્ન થાય છે. માટે તે સુધારવા દરેક માણસે કાળજી લેવી જોઇએ, તેને માટે આ સર્સાપરિલા વિના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પવાથી ઉપદંશ એટલે ગરમી અને તેના વડે થતા રોગો–તેમજ લકવા, સંધીવા, ચામડી પરના કાળા ડાઘ અંગનું સુજી આવવું, શરીરમાં બળતરા થવી, શરીર ઉપર દેવી સરખા ફોલ્લા થઈ આવવા વિગેરે વિકારો ઉપર આ દવા અકસીર થઈ ચુકી છે.

શીશી ૧ નો રૂ. ૧ા, **ચાર શીશી** પીવાથી સારો ગુણ આવે છે. પોસ્ટ ખર્ચ જુદું.
ચાર એકદમ મંગાવનારને રૂ. ૪ા.

**ડો. ગઉત્તમરામ કેશવ–ઠાકુરદ્વાર—મુંબઈ.**